એક્સપ્રેસ Ahmedabad RNI No.GUJGUJ/2011/40654 TUESDAY • 08-09-2026 વર્ષ-15 । અંક-294 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ વદ -12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ અમદાવાદ, વડોદરા, સૂરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





**₹૩૫,૦૦૦ કરોડથી વધુની રેલવે અને માર્ગ ક્ષેત્ર સાથે સંબંધિત વિવિધ વિકાસ પરિયોજનાઓ તથા ગુજરાત સરકારની પરિયોજનાઓનું શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પણ**

### ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર

• ન્યૂ સાણંદ (નોર્થ) – ન્યૂ મકરપુરા ખંડ – ન્યૂ ઉમરગામ રોડ – ન્યૂ સફાલે ખંડ
• ન્યૂ સફાલે – ન્યૂ જેએનપીટી, મુંબઈ ખંડ

**નું રાષ્ટ્રને સમર્પણ**

• જોબટ – ટાંડા રોડ નવા રેલ ખંડ (૨૮ કિમી) (છોટા ઉદેપુર – ધાર ન્યૂ રેલ લાઈન પરિયોજનાનો હિસ્સો)
• ગુજરાત સરકાર હેઠળ વડોદરા અને તેની આસપાસનાં ક્ષેત્રોમાં ₹૨,૫૯૭ કરોડની પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY), જલાપૂર્તિ પરિયોજનાઓ તથા અન્ય વિકાસ પરિયોજનાઓ

**નું ઉદ્ઘાટન**

• વડોદરા – રતલામ ત્રીજી અને ચોથી રેલ લાઈન (૨૫૯ કિમી) • મિયાગામ કરજણ – ચોરંદા – માલસર ગેજ પરિવર્તન પરિયોજના (૩૭ કિમી)
• વિશ્વામિત્રી – ડભોઈ દોહરીકરણ પરિયોજના (33 કિમી) • રાષ્ટ્રીય રાજમાર્ગ-૪૮ પર કામરેજ - ચલથાણ ખંડ ની ૬ - લેનિંગ
• રાષ્ટ્રીય રાજમાર્ગ-૪૮ પર વડોદરા-સુરત ખંડ પર તાપી, નર્મદા તથા અન્ય જળાશયો પર પ્રમુખ પુલ અને અન્ય રાજમાર્ગ પરિયોજનાઓ
* વડોદરા શહેરી વિકાસ પ્રાધિકરણ (VUDA) રિંગ રોડ, ફેઝ-૨ • ગુજરાત સરકારની અન્ય પરિયોજનાઓ

**નો શિલાન્યાસ**

• ટાંડા રોડ અને વડોદરા (પ્રતાપનગર) વચ્ચે નવી ટ્રેન • ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના 4 સ્ટેશનો – ન્યૂ સાણંદ (નોર્થ), ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ રોડ અને ન્યૂ જેએનપીટી (મુંબઈ)થી માલગાડીઓ

**ને લીલી ઝંડી બતાવીને શુભારંભ**

## નરેન્દ્ર મોદી

**વડાપ્રધાન**

**નાં વરદ હસ્તે**

### લાભ

- ૨,૮૦૦ કિમીથી વધુ લાંબો ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC) નેટવર્ક પૂર્ણ થવાથી ભારતની માલવાહક ટ્રેનોની ગતિમાં વધારો
- ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ અને બિહારને રેલ સંપર્કનું સુદૃઢીકરણ
- મલ્ટી-ટ્રેકિંગ, દોહરીકરણ અને આમાન પરીવર્તનના માધ્યમથી રેલ નેટવર્કનું આધુનિકીકરણ
- રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો
- મુખ્ય ઈકોનોમિક કોરિડોર્સ માટે ઉચ્ચ ક્ષમતાવાળા માલપરિવહન નેટવર્ક
- કાર્બન ઉત્સર્જન તથા ડીઝલ આયાત પર નિર્ભરતામાં ઘટાડો
- યાતાયાતની ભીડ અને યાત્રા સમયમાં ઘટાડો
- શહેરો તથા ગ્રામ્ય વિસ્તારોની કનેક્ટિવિટીનું સુદૃઢીકરણ
- બહેતર રેલ, ઊર્જા અને નાગરિક સુવિધાઓ

### ગરિમામયી ઉપસ્થિતિ

**આચાર્ય દેવવ્રત**
રાજ્યપાલ, ગુજરાત

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત

**અશ્વિની વૈષ્ણવ**
કેન્દ્રીય રેલ, સૂચના અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રી


**હર્ષ સંઘવી**
ઉપ મુખ્યમંત્રી, ગુજરાત

**ડૉ. મનીષા વકીલ**
રાજ્ય મંત્રી, ગુજરાત સરકાર

**ગીતાબેન મકવાણા**
મેયર

**ડૉ. હેમાંગ જોષી**
સાંસદ






૮ સપ્ટેમ્બર ૨૦૨૬ | સવારે: ૧૧:30 કલાકે | વડોદરા, ગુજરાત | DD News પર સીધું પ્રસારણ જુઓ

## 56000 બુથો પર આમ આદમી પાર્ટી મજબૂત સંગઠન બનાવશે

# AAP પ્રદેશ પ્રભારી ગોપાલ રાય અને પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીનું મોટું એલાન "એક મહિના સુધી બુથ અભિયાન ચાલશે"

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રભારી ગોપાલ રાયએ એક મોટી જાહેરાત કરતા જણાવ્યું હતુ કે ગુજરાતની અંદર તમામ પક્ષોએ 2027 ની વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આમ આદમી પાર્ટીએ 2027 માં પરિવર્તનના લક્ષ્યને લઈને 'મિશન 2027' શરૂ કર્યું છે. મિશન 2027 ને સફળ બનાવવા માટે સંગઠનને દરેક બૂથ સુધી મજબૂત કરવા માટે પાર્ટી આજથી અભિયાન શરૂ કરી રહી છે. ગુજરાતની અંદર 56,000 બૂથ છે, SIR પછી 30,000 પ્લસ પોલિંગ સ્ટેશન છે. આજના મંથન પછી સમગ્ર રાજ્યમાં 56,000 બૂથ પર આમ આદમી પાર્ટીનું સંગઠન બનાવવાનું અભિયાન શરૂ થઈ રહ્યું છે. તેના માટે સમગ્ર પ્રદેશ નેતૃત્વની સાથે તમામ વિધાનસભા ક્ષેત્રના જે પ્રમુખ નેતૃત્વકારી સાથીઓ છે, 600 થી વધુ સમગ્ર પ્રદેશના લીડરો આજે દિવસભર આ મંથનમાં સામેલ થઈ રહ્યા છે, જેમાં બૂથ સંગઠનથી લઈને સમગ્ર પ્રદેશમાં જનતાના હક અને અધિકાર માટે આંદોલનની રણનીતિ તૈયાર કરીશું અને આમ આદમી પાર્ટી જમીન પર ઉતરીને ભાજપનો વિકલ્પ બનવા માટે પૂરી તાકાત સાથે મેદાનમાં ઉતરવા જઈ રહી છે. સમગ્ર ગુજરાતની અંદર ભાજપ સરકારના 30 વર્ષના શાસનથી ગુજરાતના લોકો આજે નિરાશ છે, લોકોની અંદર નારાજગી છે, સાથે સાથે કોંગ્રેસને 30 વર્ષ સતત લોકોએ બદલાવ માટે તક આપી પરંતુ લોકોની અંદર નિરાશા છે કે કોંગ્રેસથી કામ થઈ શકતું નથી. એવામાં આમ આદમી પાર્ટી જ્યાં પણ પહોંચી રહી છે, આમ આદમી પાર્ટી




સાથે સતત લોકો જોડાઈ રહ્યા છે. આ સમગ્ર બૂથ સંગઠન નિર્માણ અભિયાન માટે અઢી હજારથી વધુ હોદ્દેદારોની અમે નિમણૂક કરી છે. આ અઢી હજાર જે હોદ્દેદારો છે, આ આગામી 10 તારીખથી લઈને 10 ઓક્ટોબર સુધી એક મહિનાનું આ આપણું સમગ્ર અભિયાન ચાલશે, જેમાં આપણે દરેક બૂથમાં જઈને મીટિંગ કરીશું, ત્યાંની સમસ્યાઓ પર ચર્ચા કરીશું, ગુજરાતમાં પરિવર્તન પર ચર્ચા કરીશું અને ત્યાં સંગઠન બનાવીને ગુજરાતમાં પરિવર્તનની લડાઈને આપણે આગળ વધારીશું. મને લાગે છે કે જે રીતે સમગ્ર ગુજરાતમાં ચાહે તે આદિવાસી ક્ષેત્રમાં ચૈતર વસાવાના નેતૃત્વમાં આંદોલન આગળ વધી રહ્યું છે, હમણાં ખેડૂતોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માટે આપણા પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીજીના નેતૃત્વમાં આંદોલન આગળ વધ્યું છે, જે રીતે સમગ્ર ગુજરાતની અંદર કોઈ પણ મુદ્દો હોય, કોઈ પણ જનતાની સમસ્યા હોય, હક-અધિકારની વાત હોય, આજે આમ આદમી પાર્ટી સૌથી મજબૂત અવાજ બનીને ઉભરી છે. આંદોલનની સાથે સંગઠનને મજબૂત કરવા માટે આજથી 56,000 બૂથો પર આ અભિયાન શરૂ થઈ રહ્યું છે અને આપણને અપેક્ષા છે કે આગામી એક મહિનાની અંદર આમ આદમી પાર્ટી ગુજરાતમાં સંગઠનના સ્તર પર નંબર વન પાર્ટી બનશે. એના માટે આજથી અમે લોકો તૈયારીઓ કરી રહ્યા છીએ. આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે,આમ આદમી પાર્ટી માહોલ બનાવી લે છે, ખૂબ લોકોમાં આશા પણ જાગે છે. પરંતુ, ક્યાંક અમારી કચાશ 2022માં બૂથ સંગઠન ઉપર રહી ગઈ હતી. જેના ભાગરૂપે, અરવિંદ કેજરીવાલ જી, ગોપાલ રાય જી અને સેન્ટ્રલ ટીમે અને પ્રદેશની ટીમે મળીને એ નક્કી કર્યું છે કે આ બૂથ અભિયાન એક મહિના સુધી ચાલશે. જેમાં આજે અમે, વિધાનસભાના પ્રભારીઓ, સંગઠન મંત્રીઓથી લઈને પ્રદેશ નેતૃત્વ, લોકસભા અને જિલ્લા પ્રમુખો સહિત વિધાનસભાના જે પ્રભારી અને સંગઠન મંત્રીઓ છે, આજે એ લોકોને પણ બોલાવ્યા છે અને એમને આજે ટ્રેનિંગ આપીશું. આગળના સમયમાં ગ્રામ સમિતિઓ, બૂથ સમિતિઓ સુધી જવાય, એ માટેનો આજે આ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. સાથે સાથે, જે રીતે ગુજરાતમાં દુષ્કાળ છે, ખૂબ હાલત ખરાબ છે. 108 તાલુકા લગભગ મળીને 58 વિધાનસભામાં અમે આંદોલન પણ કર્યું હતું, અને અત્યારે ધરણાં કર્યા હતાં અને ફેઝ 2 નવ તારીખથી શરૂઆત થાય છે બીજું ચરણ. કારણ કે સરકારને કંઈ પડી નથી. અત્યારે ગામડાઓમાં પીવાના પાણીની તંગી છે, ઘાસચારાની તંગી છે, તો ખૂબ હાલત ખરાબ છે. ત્યારે અમે જ્યારે એલાન કર્યું હતું, હવે આ ગુજરાતમાં 58-58 વિધાનસભાના 108 તાલુકામાં, જે દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં તેની માંગના પત્રો અને ફોર્મ ખેડૂતો પાસે ભરાવીશું. તો એના માટે પણ 108 તાલુકામાંથી ટીમો આજે આવી છે, એના માટે પણ અલગથી એક આયોજન કર્યું છે કે 108 જે તાલુકા છે, એમાં ખેડૂતોની સાથે ટીમો રાખી, અને લગભગ બધા ગામોમાં ગ્રામ સત્યાગ્રહ કરશે, અને ગ્રામ સત્યાગ્રહ બાદ એ તમામ વિસ્તારમાં નવ તારીખથી ફોર્મ ભરાવવાનું શરૂ થશે. 1લી ઓક્ટોબર તારીખ સુધી આ ફોર્મ ભરાશે, પછી બીજી તારીખે ગાંધીનગરમાં કૂચ કરીશું.

# ધારાસભ્ય ચૈતર વસાવાને અમુક શરતો સાથે 7 દિવસના જામીન મળ્યા: ઈસુદાન ગઢવી




### વિધાનસભાના સત્રને ધ્યાનમાં રાખીને હાઇકોર્ટે ધારાસભ્ય ચૈતર વસાવાને આપ્યા જામીન: ઈસુદાન

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા હાલમાં જેલમાં હતા અને તેમના જામીન માટે કાયદાકીય પ્રક્રિયા ચાલી રહી હતી. જેને પગલે નામદાર હાઈકોર્ટે વિવિધ શરતોને આધીન ચૈતરભાઈ વસાવાના સાત દિવસના ટેમ્પરરી જામીન મંજૂર કર્યા છે. આ સમયગાળા દરમિયાન ચૈતરભાઈ ગાંધીનગરમાં રહેશે અને મીડિયા સાથે વાતચીત નહીં કરવા સહિતની કેટલીક શરતોનું પાલન કરવાનું રહેશે. ચૈતર વસાવા આમ આદમી પાર્ટીના અગ્રણી આદિવાસી નેતા અને ડેડિયાપાડાના ધારાસભ્ય છે તથા ઉત્તર ગુજરાત અને આદિવાસી વિસ્તારોમાં સંગઠનને મજબૂત બનાવવા માટે સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. નામદાર હાઈકોર્ટે નક્કી કરેલી શરતોને આધીન તેમને લગભગ સાત દિવસ માટે ટેમ્પરરી જામીન મળ્યા છે.

# પ્રધાનમંત્રી 8મી સપ્ટેમ્બરે ગુજરાત અને મહારાષ્ટ્રની મુલાકાત લેશે

અમદાવાદ | પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી 8મી સપ્ટેમ્બર 2026ના રોજ ગુજરાત અને મહારાષ્ટ્રની મુલાકાત લેશે. બપોરે લગભગ 12 વાગ્યે, પ્રધાનમંત્રી વડોદરામાં 35,000 કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે, ઉદ્ઘાટન કરશે અને રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ આ પ્રસંગે જનસભાને પણ સંબોધિત કરશે. સાંજે લગભગ 5:45 વાગ્યે, પ્રધાનમંત્રી મુંબઈમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટ (GFF) 2026નું ઉદ્ઘાટન કરશે અને ઉપસ્થિત લોકોને સંબોધિત પણ કરશે. પ્રધાનમંત્રી વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર (WDFC)ના 326 રૂટ કિલોમીટરને આવરી લેતા અને 20,700 કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવેલા ત્રણ મહત્વપૂર્ણ વિભાગો રાષ્ટ્રને સમર્પિત કરશે. જેમાં ન્યૂ સાણંદ (ઉત્તર)-ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ-ન્યૂ સફાળે અને ન્યૂ સફાળે-ન્યૂ JNPT વિભાગોનો સમાવેશ થાય છે.જવાહરલાલ નેહરુ પોર્ટ ઓથોરિટી (JNPA) સાથેનું સીધી કનેક્ટિવિટી EXIM કાર્ગોની ઝડપી હિલચાલને સુગમ બનાવશે, ઔદ્યોગિક કેન્દ્રો અને બંદરો વચ્ચે કનેક્ટિવિટી મજબૂત કરશે, લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડશે અને મુંબઈના રેલવે નેટવર્કનું ભારણ ઓછું કરવામાં મદદ કરશે.આ વિભાગોના કમિશનિંગ સાથે, ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર (DFC) નેટવર્ક તેની સમગ્ર લંબાઈ પર સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જશે. સમર્પિત ફ્રેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મલ્ટીમોડલ કનેક્ટિવિટીમાં સુધારો કરીને, ટ્રાન્ઝિટ સમય ઘટાડીને અને વિવિધ પ્રદેશોમાં કાર્ગોની સીમલેસ હિલચાલને સુગમ બનાવીને દેશના લોજિસ્ટિક્સ ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવશે.પ્રધાનમંત્રી ન્યૂ સાણંદ (ઉત્તર), ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ અને ન્યૂ JNPT, મુંબઈથી માલગાડી સેવાઓને પણ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવશે. આ ઉપરાંત, તેઓ ટાંડા રોડ અને વડોદરા (પ્રતાપનગર) વચ્ચે નવી પેસેન્જર ટ્રેન સેવાનો પ્રારંભ કરાવશે.પ્રધાનમંત્રી છોટાઉદેપુર-ધાર પ્રોજેક્ટના ભાગરૂપે વિકસાવવામાં આવેલી જોબટ-ટાંડા રોડ નવી રેલ લાઈન રાષ્ટ્રને સમર્પિત કરશે. નવી રેલ લાઈન અલીરાજપુરના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારોને રાષ્ટ્રીય રેલ નેટવર્ક સાથે જોડશે.પ્રધાનમંત્રી 329 કિલોમીટરમાં ફેલાયેલા અને 9,700 કરોડથી વધુના ખર્ચના ત્રણ રેલવે પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે. જેમાં વડોદરા-રતલામ ત્રીજી અને ચોથી લાઈન, મિયાગામ કરજણ-ચોરંડા-માલસર ગેજ રૂપાંતરણ અને વિશ્વામિત્રી-ડભોઈ ડબલિંગ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સ પેસેન્જર અને ફ્રેટ ક્ષમતામાં વધારો કરશે, ટ્રાફિકનું ભારણ હળવું કરશે અને ગુજરાત તથા મધ્યપ્રદેશ વચ્ચે કનેક્ટિવિટી મજબૂત કરશે.પ્રધાનમંત્રી લગભગ 1,780 કરોડના ખર્ચે નિર્માણ પામનારા ત્રણ રાષ્ટ્રીય રાજમાર્ગ (નેશનલ હાઈવે) પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે. જેમાં NH-48 ના કામરેજ-ચલથાણ વિભાગનું સિક્સ-લેનિંગ; NH-48 ના વડોદરા-સુરત વિભાગ પર તાપી અને નર્મદા પરના મોટા પુલો સહિત વધારાના માળખાનું નિર્માણ; અને NH-53 પર આભવા, મિંઢોળા અને ખજોદ જંકશન ખાતે ગ્રેડ-સેપરેટેડ સ્ટ્રક્ચર્સનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી ગુજરાત સરકારના લગભગ 2,600 કરોડના વિવિધ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન પણ કરશે.

# રામોલમાં 13 વર્ષની સગીરા સાથે દુષ્કર્મ આચરી ધમકી આપનાર આરોપીને 20 વર્ષની સખત સજા, પોકસો કોર્ટનો ચુકાદો

(એજન્સી) અમદાવાદ | તા.07



અમદાવાદના રામોલમાં 13 વર્ષની સગીરાને ધમકી આપી દુષ્કર્મ કરી 4 માસનો ગર્ભ કરાવનાર આરોપી રોહિત ચૌહાણને પોકસો કોર્ટના ખાસ જજ એચ.એન.દેસાએ દોષિત ઠેરવી 20 વર્ષની સખત સજા ફટકારવાનો આદેશ કર્યો છે. કોર્ટે ભોગ બનનાર સગીરાને રૂ.4 લાખ વળતર ચૂકવવાનો પણ નિર્દેશ કર્યો છે. રામોલમાં 13 વર્ષની સગીરા 30 ઓગષ્ટ 2024માં તેની નાનીના ઘર આંગણે રમતી હતી. ત્યારે સગીરા કચરા પોતા કરવા ગઈ હતી. તેવામાં આરોપી ઘરમાં ગયો હતો અને સગીરાને ધમકી આપી દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ સગીરાને ધમકી આપી વારંવાર દુષ્કર્મ કર્યું હતું. જેના કારણે તેને 4 માસનો ગર્ભ રહ્યો હતો. આ અંગે સગીરાની માતાની ફરિયાદના આધારે રામોલ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. આ કેસ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ ડી.એમ.ઠાકોરે સાક્ષીઓ અને દસ્તાવેજી પુરાવાઓ તપાસી આરોપી સામેનો કેસ પુરવાર કર્યો હતો.

## વડાપ્રધાનશ્રીના આગમન નિમિત્તે વડોદરામાં ભવ્ય પદયાત્રા અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

વડોદરા | વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વડોદરા શહેર ખાતે વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત માટે પધારી રહ્યા છે. આ ઐતિહાસિક અવસરને વધાવવા માટે આજે સાંજે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની અધ્યક્ષતામાં દાંડિયા બજાર સ્થિત ફેકલ્ટી ઓફ ટેકનોલોજીથી વાયા કીર્તિસ્તંભ સુરસાગર તળાવ સુધી એક વિશાળ 'વિકસિત ભારત પદયાત્રા' યોજાઈ હતી. વડોદરા મહાનગરપાલિકા અને શહેરના નગરજનો આ 'નમો ફોર વિકસિત ભારત @ વડોદરા' કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા.નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, વડોદરાની જનતામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ કાર્યક્રમ માટે પ્રથમ વખત ઓનલાઈન ટિકિટિંગ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં માત્ર એક જ કલાકમાં તમામ બેઠકો બુક થઈ ગઈ હતી અને ઉપલબ્ધ ક્ષમતા કરતા ત્રણ ગણી વધુ ટિકિટની માંગ નોંધાઈ હતી. લોકોના આ ભારે ઉત્સાહને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્ર દ્વારા વિશેષ 'ફેન ઝોન' પણ ઊભા કરવામાં આવ્યા છે, જેથી તમામ લોકો સરળતાથી આ કાર્યક્રમ નિહાળી શકે.

# GPCB ખાતે ૧૪ સપ્ટેમ્બર સુધી ઈકો-ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા નિર્માણ વર્કશોપનું આયોજન: નાગરિકો માટીના ગણપતિ બનાવી પૂજન-અર્ચન માટે ઘરે લઈ જઈ શકશે

## માટીના ગણેશજીની સ્થાપના અને પ્રાકૃતિક રીતે વિસર્જન કરીને આપણે ભક્તિની સાથે પ્રકૃતિનું પણ જતન કરી શકીએ: મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

(એજન્સી) ગાંધીનગર | તા.07

આસ્થા સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાના ઉમદા હેતુ સાથે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા "બાપ્પા માટીના, ઉત્સવ પર્યાવરણનો" સંકલ્પ થકી ગણેશોત્સવ નિમિત્તે ઈકો-ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા નિર્માણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આજે ગાંધીનગર સ્થિત GPCB વડી કચેરી ખાતે આયોજિત વિશેષ સ્ટોલ અને વર્કશોપનું ઉદ્ઘાટન વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી પ્રવીણ માળી વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. ઉદ્ઘાટન દરમિયાન મંત્રીશ્રીઓ





અને ઉપસ્થિત મહાનુભાવોએ જાતે માટીમાંથી ગણેશજીની પ્રતિમા કંડારી હતી તેમજ સ્થાનિક કલાકારો પાસેથી મૂર્તિ નિર્માણની પ્રક્રિયા અંગે વિગતવાર માહિતી મેળવી હતી. મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ આ સુંદર પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે, ગણેશોત્સવ એ આપણી આસ્થા, શ્રદ્ધા અને ઉમંગનું પર્વ છે. પરંતુ પી.ઓ.પી.ની મૂર્તિઓ અને રાસાયણિક રંગોથી જળાશયો તથા પર્યાવરણને થતું નુકસાન અટકાવવું એ આપણી સૌની જવાબદારી છે. આથી માટીના ગણેશજીની સ્થાપના અને પ્રાકૃતિક રીતે વિસર્જન કરીને આપણે ભક્તિની સાથે પ્રકૃતિનું પણ જતન કરી શકીએ છીએ. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પીઓપી આધારિત મૂર્તિઓ સામે પર્યાવરણમિત્ર વિકલ્પ માટે આધુનિક પદ્ધતિ અને પરંપરાનો સમન્વય જરૂરી છે. આ પ્રક્રિયાને ઝડપી અને પ્રમાણિત બનાવવા માટે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન (NID) મારફતે યોગ્ય ડિઝાઈન તથા મોલ્ડ વિકસાવવા મંત્રીશ્રીએ સૂચન કર્યું હતું. મૂર્તિના વિવિધ ભાગોનું મોલ્ડિંગ કરીને સરળતાથી એસેમ્બલ કરી શકાય તેવી પદ્ધતિ અમલમાં લાવીને ગણેશજીની પ્રતિમા વધુ ઝડપી અને આકર્ષક બનાવી શકાશે. રાજ્ય મંત્રી શ્રી પ્રવીણ માળીએ જણાવ્યું હતું કે, GPCBની આ પહેલને સોશિયલ ઈન્ફ્લુએન્સર્સના માધ્યમથી વધુમાં વધુ ભક્તો સુધી પહોંચાડીને વ્યાપક જાગૃતિ લાવવામાં આવશે. રાજ્યમાં નગરપાલિકા, મહાનગરપાલિકા અને ગ્રામ પંચાયત સ્તરે ચોક્કસ SOP દ્વારા વ્યાપક પ્રચાર-પ્રસાર કરવામાં આવશે, જેથી પર્યાવરણના રક્ષણ સાથે સ્થાનિક કારીગરોને મોટા પાયે આજીવિકા મળી રહે.આ અભિયાન અંતર્ગત GPCB ખાતે તા. ૭ થી ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન તમામ નાગરિકો, યુવાનો અને બાળકો માટે વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યાં નિષ્ણાંત કલાકારોના માર્ગદર્શન હેઠળ તેઓ પોતાના હાથે કુદરતી માટીમાંથી ગણપતિ બાપ્પાની મૂર્તિ બનાવી શકશે અને તેને વિનામૂલ્યે પોતાના ઘરે સ્થાપના તથા પૂજન-અર્ચન માટે લઈ જઈ શકશે. માટીની આ પ્રતિમાઓનું ઘરમાં કુંડા કે બગીચામાં જ સુગમતાથી વિસર્જન કરી શકાશે, જેથી પ્રકૃતિ અને પર્યાવરણનું જતન થશે. પર્યાવરણીય જાગૃતિને વધુ વ્યાપક બનાવવા GPCB દ્વારા રેડિયો માધ્યમથી જનજાગૃતિ સંદેશો, અમદાવાદના આશરે ૫૦ ગણપતિ પંડાલોમાં શેરી નાટકો તેમજ વિવિધ શાળાઓ અને કોલેજોમાં માટીના ગણેશજી બનાવવાના વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

સંખ્યા: P-13013/2/2019-DD-3-Part(1) (19846)
ભારત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય
દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ (DEPWD)
અંત્યોદય ભવન, સી.જી.ઓ. કોમ્પ્લેક્સ, લોધી રોડ, નવી દિલ્હી-110003

તારીખ: 08 સપ્ટેમ્બર, 2026

**નિવિડા આમંત્રણ સૂચના (NIT)**

**ક્યૂઆર-કોડેડ વિશિષ્ટ દિવ્યાંગતા ઓળખ કાર્ડ (UDID કાર્ડ) ની છાપકામ અને મોકલવા (ડિસ્પેચ) માટે એજન્સીની પસંદગી.**

દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ (DEPWD), સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર, દિવ્યાંગજનો (PwDs) નું રાષ્ટ્રીય ડેટાબેઝ તૈયાર કરવા અને સમગ્ર દેશમાં પાત્ર લાભાર્થીઓને ક્યૂઆર કોડેડ વિશિષ્ટ દિવ્યાંગતા ઓળખ કાર્ડ (UDID કાર્ડ) જારી કરવાના ઉદ્દેશ્યથી 'વિશિષ્ટ દિવ્યાંગતા ઓળખ કાર્ડ (UDID) પ્રોજેક્ટ' નું અમલીકરણ કરી રહ્યો છે.

2. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં દિવ્યાંગ વ્યક્તિઓને ક્યૂઆર કોડેડ UDID કાર્ડ્સની છાપકામ, પર્સનલાઈઝેશન, પેકિંગ અને ડિસ્પેચના કાર્ય માટે પાત્ર અને અનુભવી એજન્સીઓ પાસેથી બે-બોલી પ્રણાલી (ટેકનિકલ બોલી અને નાણાકીય બોલી) હેઠળ ઓનલાઈન બોલીઓ આમંત્રિત કરવામાં આવે છે.

3. વિગતવાર નિયમો અને શરતો, કાર્યનું ક્ષેત્ર (સ્કોપ ઓફ વર્ક), પાત્રતાના માપદંડો, બોલી જમા કરવાની પ્રક્રિયા અને અન્ય સંબંધિત માહિતીથી યુક્ત સંપૂર્ણ ટેન્ડર દસ્તાવેજ નીચે મુજબની વેબસાઈટ્સ પરથી મફતમાં ડાઉનલોડ કરી શકાશે:

I. દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ: https://depwd.gov.in
II. કેન્દ્રીય સાર્વજનિક ખરીદ પૉર્ટલ (CPPP): https://eprocure.gov.in

4. રસ ધરાવતા બોલીદાતાઓ પોતાની બોલીઓ માત્ર કેન્દ્રીય સાર્વજનિક ખરીદ પૉર્ટલ (CPPP) ના માધ્યમથી જ ઈલેક્ટ્રોનિક રજૂઆત દ્વારા જમા કરશે.
ટેકનિકલ બોલી અને નાણાકીય બોલી, પાત્રતાના માપદંડોના પાલનને સ્થાપિત કરતા તમામ સહાયક દસ્તાવેજો સાથે, 05 ઓક્ટોબર, 2026 ના રોજ અથવા તે પહેલાં સાંજે 5:30 વાગ્યા સુધી અપલોડ કરવાની રહેશે.

5. નિર્ધારિત તારીખ અને સમય પછી પ્રાપ્ત થયેલી બોલીઓ પર વિચાર કરવામાં આવશે નહીં. બોલીઓને મેન્યુઅલ (ભૌતિક) રૂપે જમા કરવાનું સ્વીકારવામાં આવશે નહીં.

6. દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ પાસે કોઈપણ કારણ વગર કોઈપણ અથવા તમામ બોલીઓને સંપૂર્ણ કે આંશિક થી સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર સુરક્ષિત છે. આ સંબંધમાં વિભાગનો નિર્ણય અંતિમ અને તમામ બોલીદાતાઓ માટે બંધનકર્તા રહેશે.

7. આ ટેન્ડર સાથે સંબંધિત કોઈપણ શુદ્ધિપત્ર (corrigendum), પરિશિષ્ટ (addendum) અથવા સ્પષ્ટતા માત્ર ઉપરોક્ત વેબસાઈટ્સ પર જ પ્રકાશિત કરવામાં આવશે. બોલીદાતાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ અપડેટ્સ માટે નિયમિતપણે આ વેબસાઈટ્સ જોતા રહે.

ડિરેક્ટર,
CBC38117/11/0015/2627 011-24364391

# નડિયાદ ખાતે ગુજરાતના પ્રથમ 'એલિમ્કો AT Mart માર્ટ'નું લોકાર્પણ કરાયું




(એજન્સી) નડિયાદ | તા.07

સુગમ, સમાવેશી અને સશક્ત ભારતના નિર્માણની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવતા, દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર હેઠળના સાહસ 'ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ' (ALIMCO) દ્વારા ગુજરાતના ખેડા જિલ્લાના નડિયાદ ખાતે રાજ્યનો પ્રથમ ALIMCO Assistive Technology Mart (AT Mart) શરૂ કરવામાં આવ્યો છે.આ માર્ટમાં દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો માટે દૈનિક ઉપયોગી અને મદદરૂપ વસ્તુઓ એકજ સ્થળેથી ઉપલબ્ધ થશે. જેમાં ચાલવા અને હરવા-ફરવા માટે મદદરૂપ થતા સાધનો જેમ કે, વ્હીલચેર, વોકિંગ સ્ટિક, દિવ્યાંગજન માટે ઈલેકટ્રિક સ્કૂટર, સાયકલ, સ્માર્ટ ચશ્મા, કુત્રિમ પગ, ૧૨ ભાષામાં આવતી AI સ્ટિક, ઘોડી, દ્રષ્ટિહીન અથવા ઓછી દ્રષ્ટિ ધરાવતા વ્યક્તિઓ માટે બ્લાઈન્ડ સ્ટીક અને સહાયક ઉપકરણો, શ્રવણ અને વાચા સંબંધિત સાધનોમાં સાંભળવાના મશીન, સિનિયર સિટીઝનો માટે દૈનિક જીવનમાં ઉપયોગી અને સુરક્ષિત રીતે હરવા-ફરવા માટેના અસિસ્ટિવ ટેકનોલોજી સાધનો મળી રહેશે. આ તકે મા ગાયત્રી ઓર્થો કેર અને એલિમ્કો વચ્ચે ફોર્મલ એમ.ઓ.યુ. પણ કરવામાં આવ્યા હતા.

CAPITAL INDIA
Rediscover Business
CIN): L74899DL1994PLC128577

રજિસ્ટર્ડ ઑફિસ: ૭૦૧, ૭મો માળ, અગ્રવાલ કૉર્પોરેટ ટાવર, પ્લૉટ નંબર ૨૩, ડિસ્ટ્રિક્ટ સેન્ટર, રાજેન્દ્ર પ્લેસ, નવી દિલ્હી- ૧૧૦૦૦૮
ટેલિફોન: +૯૧ ૧૧ ૬૯૧૪૬૦૦૦
ઈમેઈલ: info@capitalindia.com
વેબસાઈટ: www.capitalindia.com

**વડોદરા, ગુજરાત ખાતે શાખા કાર્યાલય બંધ કરવા માટેની જાહેર સૂચના**

કેપિટલ ઈન્ડિયા ફાઈનાન્સ લિમિટેડ ('કંપની') ના ગ્રાહકો, સેવા પ્રદાતાઓ અને તમામ સંબંધિત વ્યક્તિઓ/પક્ષોને આ સૂચના આપવામાં આવે છે કે કેપિટલ ઈન્ડિયા ફાઈનાન્સ લિમિટેડ કંપનીની વડોદરા, ગુજરાત ખાતેની શાખા કાર્યાલય, જેનું સરનામું કેપિટલ ઈન્ડિયા ફાઈનાન્સ લિમિટેડ, 307-B, 3જો માળ, એટલાન્ટિસ, સેન્ટ્રલ સ્ક્વેર ઉપરાંત, સારાભાઈ મેઈન રોડ, વડોદરા-390007 છે, આ સૂચનાના ત્રણ મહિના પછી બંધ થઈ જશે.
બધા સંબંધિત વ્યક્તિઓ/પક્ષોને ઉપરોક્ત શાખા બંધ થવાની નોંધ લેવાની સલાહ આપવામાં આવે છે. કોઈપણ સહાય માટે, કૃપા કરીને કંપનીનો +91 11 69146000 પર સંપર્ક કરો અથવા કંપનીની વેબસાઈટ www.capitalindia.com જુઓ.

તારીખ: ૦૬.૦૯.૨૦૨૬
સ્થળ: વડોદરા, ગુજરાત

SD/-, અધિકૃત અધિકારી,
કેપિટલ ઈન્ડિયા ફાઈનાન્સ લિમિટેડ

# ગુજરાતમાં ગુણવત્તા અને પારદર્શકતાનો નવો યુગ

## AI ટેકનોલોજી દ્વારા અનાજ ખરીદી તેમજ વિતરણની કાયાપલટ

(એજન્સી) ગાંધીનગર | તા.07

ગુજરાતમાં મિનિમમ સપોર્ટ પ્રાઈસ - M.S.P. યોજના હેઠળ ઘઉં, ડાંગર, મકાઈ, જુવાર, બાજરી અને રાગીની ખરીદી સર્વેયિંગ-ગ્રેડીંગ એજન્સી ગ્રેડર મારફત કરવામાં આવે છે. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીના માર્ગદર્શનમાં ખરીદી પ્રક્રિયામાં વધુને વધુ પારદર્શકતા લાવવા માટે Upjao Agrotech Pvt. Ltd.- ગાંધીનગર દ્વારા ખરિફ માર્કેટિંગ સીઝનમ-KMS:2025-26 ડાંગરની ખરીદી અંતર્ગત પાયલોટ પ્રોજેક્ટ તરીકે મહિસાગર, આણંદ, અમદાવાદ અને પંચમહાલ એમ 4 જિલ્લાના 10 ખરીદ કેન્દ્રો ખાતે ડાંગર -PADDY Samples ચેક કરવા માટે 10 AI-Based Grain Analyzer મુકવામાં આવ્યા હતા તેમ,ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ, ગાંધીનગર દ્વારા જણાવાયું છે.આ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ મહિસાગર જિલ્લામાં લુણાવાડામાં 2278, સંતરામપુરમાં 1246, આણંદના ખંભાતમાં 2663, બોરસદમાં 884, અમદાવાદના ધોળકામાં 1000, બાવળામાં 909, વિરમગામમાં 1078 તેમજ સાણંદમાં 1288 અને પંચમહાલ જિલ્લાના ગોધરામાં 986,શહેરામાં 1002 મળીને એકંદરે કુલ 13,334 નોંધણી થઈ છે. આ પ્રક્રિયા હેઠળ 10 ખરીદ કેન્દ્ર પર AI Grain Analyzer દ્વારા કુલ 6,191 સેમ્પલ્સનું પૃથ્થકરણ કરવામાં આવ્યું છે.જેમાં 3,379 (54.6%) Grade-A (GA), 2,812 (45.4%) Common (CM) મળ્યા અને 341 રિજેક્ટ થયા. જ્યારે ધોળકા ખાતે સૌથી વધુ 24% અને વિરમગામ ખાતે 0 % રિજેક્શન નોંધાયું હતું. આ AI મશીન દ્વારા Foreign Matter, Damaged/ Discoloured Grains, Immature/Shrunken Grains, Admixture અને Moisture નું ચોક્કસ ચેકિંગ થાય છે, જેના માટે સતત વીજળી અને સેન્ટર દીઠ એક વ્યક્તિની જરૂર રહે છે. જ્યારે સામે પક્ષે નિગમની હાલની થર્ડ પાર્ટી પદ્ધતિમાં બે વ્યક્તિઓ વીજળી વગર પણ જરૂરી વૈજ્ઞાનિક સાધનો વડે સેમ્પલિંગ-ગ્રેડિંગ કરે છે. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા વિવિધ જણસીઓ જેવી કે ઘઉં, ચોખા, ડાંગર, બાજરા, જુવાર, રાગી, તુવેરદાળ, ચણા, સિંગતેલ, ડબલ ફોર્ટીફાઈડ મીઠું અને વ્હાઈટ સુગર (M-30) નું ખરીદ-વિતરણ થાય છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### એસઓજીએ રૂ. 1.87 લાખના મુદ્દામાલ સાથે 15 શખ્સોને દબોચી લીધા

# દ્વારકામાં યાત્રાળુઓના કિંમતી સામાનની ચોરી

(એજન્સી) જામ ખંભાળિયા । તા. 07

યાત્રાધામ દ્વારકામાં તાજેતરમાં જન્માષ્ટમીના પવિત્ર તહેવારો દરમિયાન બહારથી દર્શનાર્થે આવતા યાત્રાળુઓ અને શ્રદ્ધાળુઓની ભીડનો ગેરલાભ લઈને નજર ચૂકવીને ચોરી કરતી બે કુખ્યાત ગેંગના ૧૫ સાગરીતોને એસઓજી (SOG) ની ટીમે ઝડપી પાડ્યા છે. પકડાયેલા આ તમામ આરોપીઓ પાસેથી કુલ ૧,૮૬,૮૧૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં આ તમામ શખ્સો અગાઉ પણ ચોરી, લૂંટ, પિક પોકેટિંગ અને ચેન સ્નેચિંગ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે.

દ્વારકામાં જન્માષ્ટમી પર્વ પ્રસંગે ઉમટેલી ભારે ભીડનો લાભ લઈને ખિસ્સા કાપતી અને ચોરી કરતી ગેંગોને ઝડપી લેવા માટે એસ.ઓ.જી. પી.આઈ. વી.એ. રાણા તેમજ તેમની ટીમ દ્વારા ખાસ સઘન ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. બાતમીના આધારે અમદાવાદ તથા આસપાસના વિસ્તારોમાંથી ભૂતકાળમાં વિવિધ જિલ્લાઓમાં ગુનાહિત પ્રવૃત્તિઓ આચરનાર શખ્સો દ્વારકા આવ્યા હોવાની માહિતી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે વોચ



ગોઠવીને યાત્રિકોને નિશાન બનાવતી બે અલગ-અલગ ચોર ટોળકીઓને ઝડપી લીધી હતી.

અમદાવાદની ચીટર ગેંગની પ્રથમ ટોળકીમાંથી દીપક ઉર્ફે પંપો મનોજભાઈ દંતાની, આશિષ મહેન્દ્ર દેશભ્રાતર, દીપક ગોપાલ દંતાનીયા, શની ઈશ્વર દંતાની, રૂપેશ શંકર ઠાકોર, રાજેશ ગરીબદાસ દેવીપુજક, રમણ વાડીલાલ દંતાણી, દીપક રાજુ કંકોડિયા અને રુદ્ર સુનિલ રાવલ મળી કુલ નવ શખ્સોને ઝડપાયા હતા. જ્યારે બીજી ગેંગમાંથી અમદાવાદના જ રહીશ એવા છ શખ્સો અજય હસુ દંતાણી, હર્ષદ કાળુ મારુ, કરણ ગોપાલ દંતાણીયા, કરણ ગોવિંદ દેવીપુત્ર, રવિ જગદીશભાઈ અને શનિ અશોક દંતાણીને દબોચી લેવામાં આવ્યા હતા. પોલીસે આ તમામ ૧૫ શખ્સો પાસેથી રૂ. ૭૧,૩૧૦ ની રોકડ રકમ, ૧૪ મોબાઈલ ફોન અને અન્ય વસ્તુઓ સહિત કુલ રૂ. ૧,૮૬,૮૧૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આરોપીઓની કડક પૂછપરછ કરતાં તેઓ એકબીજાની મદદથી દ્વારકાધીશ મંદિર તથા આસપાસના ભીડભાડવાળા વિસ્તારોમાં અગાઉથી ટાર્ગેટ નક્કી કરીને યાત્રિકોની નજર ચૂકવીને ચોરી કરતા હોવાની કબુલાત આપી છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે આ શખ્સો અગાઉ ઘરફોડ ચોરી, ટ્રેનમાં મુસાફરોના સરસામાનની ચોરી, પિક પોકેટિંગ, સોના-ચાંદીના દાગીનાની ચોરી, ચેન સ્નેચિંગ અને મારામારી જેવા ગંભીર ગુનાઓમાં અનેકવાર ઝડપાઈ ચૂક્યા છે. હાલ દ્વારકા પોલીસ દ્વારા આ તમામ આરોપીઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## વડોદરા ગણપતપુરા ગામે મગરનું રેસ્ક્યુ, વન વિભાગ દ્વારા મગરનું સફળ રેસ્ક્યુ



વડોદરા | ગુજરાતના જાણીતા ઔદ્યોગિક અને સંસ્કારી નગર ગણાતા વડોદરા શહેરની નજીક આવેલા દુમાડ વિસ્તાર પાસેના ગ્રામ્ય પંથકમાં તાજેતરમાં એક આશ્ચર્યજનક ઘટના સામે આવી છે, જ્યાં ગણપતપુરા ગામની સીમમાં ખેતરો વચ્ચે અચાનક દસ ફૂટ લાંબો અને બસ્સો કિલોગ્રામથી વધુ વજન ધરાવતો એક ભયાનક મહાકાય મગર આવી ચઢતા આસપાસના ખેડૂતો અને સ્થાનિક રહેવાસીઓમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો અને તાત્કાલિક ધોરણે વન વિભાગ તથા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓની ટીમોને જાણ કરીને સલામતીના પગલાં લેવામાં આવ્યા હતા. વડોદરા અને તેની આસપાસના જળસ્રોતો તથા નદી કિનારાના વિસ્તારોમાંથી અવારનવાર મગરો માનવ વસ્તી કે ખેતરો તરફ આવી જતા હોવાના બનાવો અગાઉ પણ બન્યા છે, પરંતુ આ વખતે ગણપતપુરા ગામના ખેતરોમાં અડિંગો જમાવીને બેઠેલા આ વિશાળકાય જીવને જોઈને રાહદારીઓ તથા ખેતી કામ કરતા શ્રમિકોમાં ભારે ડરનો માહોલ છવાઈ ગયો હતો. કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે ગ્રામજનોએ સાવચેતી રાખીને ત્વરિત વન વિભાગનો સંપર્ક સાધ્યો હતો, જેથી સમયસર યોગ્ય કાર્યવાહી હાથ ધરી શકાય.

## જામનગરમાં લોન અપાવવાના બહાને સાયબર ફ્રોડ, કર્ણાટક બેંક ખાતા ખોલી છેતરપિંડી

(એજન્સી) જામનગર । તા. 07

જામનગરના બેડેશ્વર વિસ્તારમાં આવેલી રેશમા હોટલ ખાતે મજૂરી કામ કરતા અસલમ દાઉદભાઈ ભગાડ અને તેમના પરિવારને લોનની જરૂરિયાત હોવાથી હોટલના માલિક અસગર અબ્દુલ ચમડીયાનો સંપર્ક કરવામાં આવ્યો હતો, જ્યાંથી મિત્ર ફેજલ ખફી મારફતે કર્ણાટક બેંકના કર્મચારી રઘુભાઈનો સંપર્ક થયો હતો અને લોન અપાવવાના બહાને દસ્તાવેજો મેળવી ત્રણેયના નામે બેંક ખાતાં ખોલીને આશરે રૂા.૧,૫૦,૯૮,૦૦૦ જેટલા સાયબર ફ્રોડના નાણાંની ગેરકાયદેસર હેરફેર કરવામાં આવી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવતા પોલીસ દ્વારા ગુનો નોંધીને કાયદેસરની તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

ગુજરાતના મુખ્ય શહેરોમાં છેલ્લા કેટલાક સમયથી મૌલિક સુવિધાઓના વિકાસ અને વહીવટી પારદર્શિતા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે, ત્યારે બીજી તરફ છેતરપિંડી આચરતી ટુકડીઓ દ્વારા સામાન્ય અને જરૂરિયાતમંદ લોકોને ભોળવીને નાણાકીય ગુનાખોરી આચરવામાં આવી રહી હોવાના બનાવો પણ પ્રકાશમાં આવી રહ્યા છે. પોલીસ સૂત્રો દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, આ ગંભીર પ્રકરણમાં આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચીને ફરિયાદી અસલમ ભગાડ, તેમના ભાઈ અક્રમ અને ભાભી મીનાઝબેનના અંગત દસ્તાવેજો તથા સહી કરાવેલા ફોર્મનો દુરુપયોગ કર્યો હતો. બેંકના કર્મચારીની જ મિલીભગતથી આ પ્રકારે ગુપ્ત રીતે ખાતાં ખોલાવીને તેમાં કરોડો રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો કરવામાં આવ્યા હોવાની વિગતો બહાર આવતા સુરક્ષા એજન્સીઓ પણ સતર્ક થઈ ગઈ છે અને આ મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. આ સમગ્ર આર્થિક કૌભાંડની રૂપરેખા જોઈએ તો, ફરિયાદી અને તેમના પરિવારને લોન મેળવવાની લાલચ આપીને બેંકની કુબેર એવન્યુ શાખામાં બોલાવવામાં આવ્યા હતા, જ્યાં જુદા જુદા ફોર્મમાં સહીઓ કરાવવાની સાથે તેમના નામે મોબાઈલ સીમ કાર્ડ પણ કઢાવી લેવામાં આવ્યા હતા.

## રાજકોટ રેલવે સ્ટેશનથી 18 કિલો ગાંજા સાથે એક શખસ ઝડપાયો, NDPS એક્ટ હેઠળ ગુનો દાખલ



(એજન્સી) રાજકોટ । તા. 07

રાજકોટ રેલવે સ્ટેશન પરથી લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) અને પશ્ચિમ રેલવે પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ૧૮ કિલોથી વધુના ગાંજાના જથ્થા સાથે એક શખસને ઝડપી પાડ્યો છે. પ્લેટફોર્મ નંબર ૧ પરથી ઝડપાયેલા આ આરોપી પાસેથી મોબાઈલ ફોન, રોકડ રકમ અને બે ટ્રોલી બેગ સહિત કુલ ૯.૨૩ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે આ મામલે એનડીપીએસ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે, તેમજ આ રેકેટમાં સંડોવાયેલા અન્ય એક ફરાર આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. મળતી માહિતી મુજબ, યુવાધનને નશાની ઘાતક લતથી બચાવવા અને નશીલા પદાર્થોના ખરીદ-વેચાણ સામે અંકુશ લાવવા માટે 'Say No to Drugs' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ જ અભિયાન અંતર્ગત રેલવે પોલીસની ટીમ રાજકોટ રેલવે સ્ટેશન પર ટ્રેનો અને પ્લેટફોર્મ્સ પર સઘન ચેકિંગ કરી રહી હતી. આ દરમિયાન પ્લેટફોર્મ નંબર ૧ પર બે ટ્રોલી બેગ સાથે શંકાસ્પદ હાલતમાં ફરી રહેલા એક શખસ પર પોલીસની નજર પડી હતી. તેને અટકાવીને તેની બેગની તલાશી લેવામાં આવતાં અંદરથી ૯,૨૩,૩૪૦ રૂપિયાની કિંમતનો ૧૮.૮૫૯ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

## વડોદરામાં સ્ક્રેપની દુકાનમાં આગ લાગવાને કારણે સર્જાયેલી અફરાતફરી

(એજન્સી) વડોદરા । તા. 07


ગઈકાલે મોડી રાત્રે ગુજરાતના સંસ્કારી નગર વડોદરા શહેરના પોશ ગણાતા અલકાપુરી વિસ્તારમાં આવેલા ડૉક્ટર બાબાસાહેબ આંબેડકર સર્કલની આસપાસના ભાગમાં અચાનક એક વાસણ અને સ્ક્રેપની દુકાનમાં અણધારી રીતે વિકરાળ આગ ફાટી નીકળતા સ્થાનિક વહીવટી તંત્ર અને નાગરિકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી અને મોડી રાત્રે બનેલી આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે સુરક્ષા અને રાહતની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા સત્વરે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને પ્રાથમિક તબક્કે એક ટીમ રવાના કરવામાં આવી હતી પરંતુ આગનું રૌદ્ર સ્વરૂપ અને ધુમાડાના ગોટેગોટા જોઈને પરિસ્થિતિની ગંભીરતા સમજીને બીજી વધારાની ટીમને પણ ત્વરિત બોલાવવામાં આવી હતી જેથી આગ આજુબાજુની અન્ય દુકાનો કે રહેણાંક વિસ્તારો સુધી ન ફેલાય અને કોઈ મોટી જાનહાનિ ટાળી શકાય તે માટે જવાનો દ્વારા સઘન પ્રયાસો કરવામાં આવ્યા હતા.

સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર આ ભીષણ આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી અબંધ અને રહસ્યમય રહ્યું છે પરંતુ રાત્રીના શાંત વાતાવરણમાં અચાનક આગની લાલ લપટો દેખાતા આસપાસના લોકો જાગી ગયા હતા અને તુરંત જ ફાયર તેમજ પોલીસ વિભાગને જાણ કરી હતી જેના પગલે પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને સ્થિતિનો તાગ મેળવીને ટ્રાફિક નિયંત્રણની કામગીરી સંભાળી લીધી હતી.

આ પ્રકારની દુર્ઘટનાઓથી બચવા માટે વેપારીઓ અને સ્થાનિક તંત્ર દ્વારા આગામી સમયમાં અગ્નિશામક સાધનોની ચકાસણી અને સલામતીના કડક ધોરણો અપનાવવાની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે જેથી ભવિષ્યમાં આવા જોખમો નિવારી શકાય અને નાગરિકો સુરક્ષિત રહીને પોતાનો વ્યાપાર તથા દૈનિક વ્યવહારો કોઈપણ ભય વગર નિર્ભયતાથી ચાલુ રાખી શકે.

## વડોદરા રતલામ રેલવે લાઇનથી પ્રગતિના દ્વાર ખૂલ્યા, રેલ કનેક્ટિવિટી મજબૂત બનશે



વડોદરા | ગુજરાતને મધ્ય પ્રદેશ અને ઉત્તર ભારત સાથે જોડતા અત્યંત વ્યસ્ત ગણાતા વડોદરા રતલામ રેલ કોરિડોર પર પશ્ચિમ રેલવે દ્વારા આગામી સમયમાં ત્રીજી અને ચોથી રેલવે લાઇનનું ભવ્ય નિર્માણ કરવામાં આવશે, જેના અંતર્ગત આશરે બસ્સો ઊગણપચાસ કિમી લાંબા રેલખંડ પર ટ્રેનોની અવરજવર વધુ ઝડપી અને સુરક્ષિત બનશે. વડોદરા અને રતલામ વચ્ચેનો આ રેલમાર્ગ ગોલ્ડન ક્વાડ્રિલેટરનો એક અત્યંત મહત્ત્વનો હિસ્સો હોવાથી તેના પર મુસાફર તેમજ માલગાડીઓનું સતત ભારે દબાણ રહેતું હતું, જેના કારણે ટ્રેનોના સંચાલનમાં સમયપાલન જાળવવું મુશ્કેલ બનતું હતું. આ ગંભીર સમસ્યાના કાયમી નિવારણ માટે અને રેલ વ્યવહારને અવિરત ધબકતો રાખવા માટે રેલવે પ્રશાસન દ્વારા આધુનિક માળખાકીય વિકાસના ભાગરૂપે આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે, જેથી ભવિષ્યની તમામ જરૂરિયાતો સરળતાથી સંતોષી શકાય. સૂત્રો દ્વારા પ્રાપ્ત અહેવાલ મુજબ આ પ્રોજેક્ટ ઉપરાંત વડોદરા વિસ્તારમાં અન્ય એક મહત્વપૂર્ણ વિકાસ કાર્ય હેઠળ વિશ્વામિત્રીથી ડભોઇ સુધીના આશરે તેત્રીસ કિલોમીટર લાંબા સિંગલ લાઈન રેલ માર્ગનું અતિઆધુનિક પદ્ધતિથી અત્રે ત્રણ સો ચોરાણું કરોડ રૂપિયાના મસમોટા ખર્ચે ડબલિંગ કરવામાં આવશે.

## વડાપ્રધાન મોદીની 8 સપ્ટેમ્બરની વડોદરા મુલાકાત અગાઉ મહાનગરપાલિકાએ સમગ્ર શહેરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું



(એજન્સી) વડોદરા । તા. 07

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી વડોદરા પ્રવાસ અગાઉ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (વીએમસી) દ્વારા સમગ્ર શહેરમાં વ્યાપક સ્વચ્છતા અને પર્યાવરણ અભિયાન શરૂ કરાયું હતું. આ અભિયાનમાં હજારો સ્થાનિક રહીશો, સફાઈકર્મીઓ, સરકારી અધિકારીઓ, નેતાઓ ઉપરાંત વિવિધ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 8મી સપ્ટેમ્બરે વડોદરાની મુલાકાતે આવવાના છે, જ્યાં તેઓ ગુજરાતમાં રૂ. 35,200 કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કરશે. આ ઉપરાંત, તેઓ શહેરમાં યોજાનારા 'નમો 4 વિકસિત ભારત' કાર્યક્રમને પણ સંબોધિત કરશે.વડાપ્રધાનની મુલાકાત માટે ગુજરાત સરકારના વિશેષ 'સ્વચ્છતા સે સ્વાગત' અભિયાન હેઠળ આ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં જાહેર સ્થળો, તળાવો, બગીચાઓ, આરોગ્ય અને બાળ સંભાળ કેન્દ્રો, ઐતિહાસિક વારસાગત સ્થળો તથા જળાશયો અને શહેરના અન્ય સ્થળોની સ્વચ્છતા અને જાળવણી પર વિશેષ ભાર મુકાયો છે. 1 થી 4 સપ્ટેમ્બર દરમિયાન ચાલેલા આ અભિયાનમાં સમગ્ર શહેરમાંથી લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.1 સપ્ટેમ્બરે કમલાનગર તળાવ અને તેની આસપાસના વિસ્તારોમાં યોજાયેલી સફાઈ ઝુંબેશમાં 16,000થી વધુ નાગરિકોએ ભાગ લીધો હતો, જ્યારે શહેરના 19 વોર્ડમાં 24,000થી વધુ લોકો સફાઈની કામગીરીમાં જોડાયા હતાં. આ કામગીરી માટે મિકેનિકલ સ્વીપર્સ, સેલ્ફ-પ્રોપેલ્ડ સ્વીપિંગ મશીનો, ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરતા વાહનો, ઈ-વેહિકલ્સ, જેસીબી અને ડમ્પર્સ સહિત આશરે 300 જેટલા મશીનો અને વાહનો તૈનાત કરવામાં આવ્યા હતાં. પર્યાવરણીય જાગૃતિ અભિયાનના ભાગરૂપે વૃક્ષારોપણ અને છોડ વિતરણની પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવી હતી.2જી સપ્ટેમ્બરે વીએમસીએ આ સફાઈ અભિયાન આંગણવાડી કેન્દ્રો અને અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર્સ (યુપીએચસી) સુધી વિસ્તાર્યું હતું. જે અંતર્ગત 30 આંગણવાડી કેન્દ્રો પર સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેમાં આશરે 3,000 લોકોએ ભાગ લીધો હતો.આ ઉપરાંત, 78 સરકારી અને 23 ખાનગી કેન્દ્રો સહિત કુલ 101 અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર્સ (યુપીએચસી)માં પણ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં આશરે 24,000 નાગરિકોએ ભાગ લીધો હતો. આ અભિયાનમાં મ્યુનિસિપાલિટીના અધિકારીઓ અને કર્મચારીઓ, સફાઈ કર્મચારીઓ, લોકપ્રતિનિધિઓ, આરોગ્ય સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામાન્ય નાગરિકો એકસાથે જોડાયા હતાં. આંગણવાડી કેન્દ્રો, યુપીએચલી અને અન્ય સ્થળોએ આશરે 2,400 જેટલા છોડનું વાવેતર અને વિતરણ પણ કરવામાં આવ્યું હતું.3 સપ્ટેમ્બરના રોજ આ સફાઈ ઝુંબેશમાં શહેરના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસામાં સામેલ સંપત્તિઓની સ્વચ્છતાની કામગીરી હાથ ધરાઈ હતી. કરોડિયા વાવ ખાતે યોજાયેલી સફાઈ ઝુંબેશમાં આશરે 1,200 લોકો જોડાયાં હતાં, જ્યારે શહેરના તમામ 19 વોર્ડમાં 25,000થી વધુ નાગરિકો સફાઈ પ્રવૃત્તિઓમાં જોડાયા હતાં. કરોડિયા વાવ અને શહેરના અન્ય વિસ્તારો મળીને આશરે 47 કિ.મી.નો વિસ્તાર આ સફાઈ અભિયાન હેઠળ આવરી લેવાયો હતો. 2,400થી વધુ છોડનું વાવેતર અને વિતરણ કરવામાં આવ્યું હતું, જ્યારે 320 જેટલા મશીનો અને વાહનો આ અભિયાનમાં કામે લગાડવામાં આવ્યાં હતાં. આ અભિયાનનો મુખ્ય હેતુ ઐતિહાસિક સ્થળો, વાવ અને અન્ય સાંસ્કૃતિક જગ્યાઓની સ્વચ્છતા અને જાળવણી પર વિશેષ ધ્યાન આપી સ્વચ્છતા, સુંદરતા અને પર્યાવરણ જાગૃતિને પ્રોત્સાહન આપવાનો હતો.આ અભિયાન 4થી સપ્ટેમ્બરે પણ ચાલુ રહ્યું હતું, જેમાં વડોદરાના કુદરતી અને મનોરંજનના સ્થળો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ગોત્રી તળાવ અને બગીચા તેમજ કમલાનગર તળાવ અને બગીચા વિસ્તારમાં યોજાયેલી સફાઈ પ્રવૃત્તિઓમાં આશરે 1,200 લોકોએ ભાગ લીધો હતો. આશરે 80 કિ.મી. લાંબા કાવડ યાત્રાના રૂટ પર હાથ ધરાયેલી સફાઈ ઝુંબેશમાં લગભગ 12,000 લોકો જોડાયા હતાં, જ્યારે તમામ 19 વોર્ડમાં યોજાયેલાં અભિયાનમાં અન્ય 25,000 નાગરિકોએ ભાગ લીધો હતો.

# વડોદરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'NaMo4Viksit Bharat' કાર્યક્રમ માટે એક કલાકમાં 6,000થી વધુ પાસ બુક થયા

(એજન્સી) વડોદરા । તા. 07

વડોદરામાં યોજાનારા 'NaMo4Viksit Bharat' કાર્યક્રમને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. બુકમાયશૉ મારફતે રજિસ્ટ્રેશન શરૂ થયાના એક કલાકની અંદર 6,000થી વધુ પાસ બુક થઈ ગયા હતા. ઉપલબ્ધ તમામ પાસ બુક થઈ ગયા બાદ રજિસ્ટ્રેશન પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી હતી, જ્યારે આશરે 15,000 અન્ય અરજદારોને વેઈટિંગ લિસ્ટમાં મૂકવામાં આવ્યા છે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પેવેલિયન ખાતે 8 સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કાર્યક્રમને સંબોધશે. કાર્યક્રમમાં અદ્યતન ટેક્નોલોજી આધારિત ડિજિટલ રજિસ્ટ્રેશન અને પ્રવેશ વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવશે. આ પહેલની વિશેષતા એ પણ છે કે પ્રથમ વખત કોઈ સરકારી કાર્યક્રમ માટે ખાનગી ડિજિટલ પ્લેટફોર્મ મારફતે મફત પ્રી-બુકિંગની સુવિધા આપવામાં આવી છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન




(વીએમસી) દ્વારા રજિસ્ટ્રેશન પ્રક્રિયા માટે બુકમાયશૉ પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવ્યો છે.કાર્યક્રમ માટેની સમગ્ર રજિસ્ટ્રેશન પ્રક્રિયા તેમજ સ્થળ પર પ્રવેશની વ્યવસ્થા ડિજિટલ રીતે કરવામાં આવી રહી છે. પાત્ર ઠરનારા સહભાગીઓને ઈમેલ અને મોબાઈલ મારફતે ખાસ રજિસ્ટ્રેશન લિંક આપવામાં આવી હતી. ત્યારબાદ તેમણે પોતાનું નામ, મોબાઈલ નંબર, ફોટોગ્રાફ અને સરકાર દ્વારા જારી કરવામાં આવેલ ઓળખપત્રની વિગતો આપીને ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી હતી.વિગતો આપ્યા બાદ તેની ચકાસણી કરવામાં આવશે અને રજિસ્ટર્ડ સહભાગીઓને તેમના બુકમાયશૉ એકાઉન્ટ મારફતે ડિજિટલ એમ-ટિકિટ મળશે. આ એમ-ટિકિટમાં સુરક્ષિત અને લાઈવ ક્યુઆર કોડ હશે, જેનો ઉપયોગ કાર્યક્રમ સ્થળે પ્રવેશ સમયે ચકાસણી માટે કરવામાં આવશે. કાર્યક્રમ માટે કોઈ પણ પ્રકારની ફિઝિકલ ટિકિટ આપવામાં આવશે નહીં.સહભાગીઓએ પોતાની એમ-ટિકિટ સાથે સરકાર દ્વારા જારી કરવામાં આવેલ માન્ય ફોટો ઓળખપત્ર રજૂ કરવું પડશે. ક્યુઆર કોડની ચકાસણી અને સુરક્ષા તપાસ બાદ જ પ્રવેશ આપવામાં આવશે. આ વ્યવસ્થાનો હેતુ ચકાસણીની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો તેમજ કાર્યક્રમ સ્થળે સહભાગીઓની અવરજવર સહજ રીતે થઈ શકે તે સુનિશ્ચિત કરવાનો છે.ચકાસણી સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ સહભાગીઓને તેમની કેટેગરી અનુસાર કાંડા પર પહેરવાના અલગ-અલગ રંગના બેન્ડ (રિસ્ટબેન્ડ્સ) આપવામાં આવશે. પ્રવેશદ્વાર પર બુકમાયશૉના સ્વયંસેવકો અને સુરક્ષા કર્મચારીઓ સહભાગીઓને મદદ કરશે અને તેમને તેમના માટે નિર્ધારિત બેઠક વિસ્તારમાં પહોંચાડશે. વડોદરાની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં રૂ. 35,200 કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે તેમજ વિવિધ પ્રોજેક્ટ્સના ખાતમુહૂર્ત પણ કરશે.

### ચાર માળની મંજૂરી, બિલ્ડરે ચણી દીધા છ માળ

## સુરત પાલિકાના વરાછા ઝોનમાં 6 ટાવરના વધારાના બે માળ પર પાલિકાનો હથોડો

(એજન્સી) સુરત । તા. 07

સુરતના વરાછા વિસ્તારમાં મંજૂર પ્લાનની ચાર માળની મર્યાદા વટાવીને છ માળ ઊભા કરી દેવાની બિલ્ડરની મનમાની આખરે ભારે પડી છે. ટી.પી. સ્કીમ નં. ૪ (અશ્વિનીકુમાર-નવાગામ) માં છ ટાવરમાં મંજૂર પ્લાન વિરુદ્ધ ચણાયેલા બે વધારાના માળ અંગે પાલિકા દ્વારા અગાઉ નોટિસ અને મનાઈ હુકમ આપવામાં આવ્યા હોવા છતાં બાંધકામ દૂર કરવામાં આવ્યું નહોતું. પરિણામે, મધ્યસ્થ શહેરી વિકાસ વિભાગે આજે સવારથી જ ડિમોલિશનની કડક કાર્યવાહી શરૂ કરીને છ ટાવરના ગેરકાયદે વધારાના બાંધકામ પર હથોડા ઝીંકી દીધા હતા.

પાલિકાના મધ્યસ્થ શહેરી વિકાસ વિભાગના ડેપ્યુટી ટાઉન પ્લાનરના જણાવ્યા મુજબ, ટી.પી. સ્કીમ નં. ૪ (અશ્વિનીકુમાર-નવાગામ) માં રેવન્યુ સર્વે નં. ૧૪૪૦ માં આવેલી છ ઈમારતો માટે ગ્રાઉન્ડ ફ્લોર સહિત માત્ર ચાર માળના બાંધકામની મંજૂરી આપવામાં આવી હતી. જોકે, મંજૂર પ્લાનની મર્યાદા કરતાં વધુ બાંધકામ કરીને



બિલ્ડરે તમામ છ ટાવરમાં બે વધારાના માળ ચણી દીધા હતા. આ ગેરકાયદે બાંધકામ ધ્યાને આવતાં પાલિકા દ્વારા ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ ની કલમ ૨૬૦(૧)(અ) હેઠળ ગત ૧૩ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ નોટિસ આપવામાં આવી હતી. ત્યારબાદ બાંધકામ અંગે મનાઈ હુકમ પણ ફરમાવવામાં આવ્યો હતો. તેમ છતાં બિલ્ડર દ્વારા બાંધકામ દૂર ન કરાતાં પાલિકાએ કલમ ૨૬૦(૨) હેઠળ તા. ૧૩ જુલાઈ, ૨૦૨૬ ના રોજ વધુ કાર્યવાહી કરવાનો હુકમ કર્યો હતો.

### પાડોશીઓની સજાગતાથી બે ઝડપાયા

## સરગમ ક્લબના પ્રમુખના બંધ મકાનમાં ચોરી, બે ચોર રંગેહાથ ઝપટે ચડી ગયા

(એજન્સી) રાજકોટ । તા. 07

રાજકોટમાં સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના એસ્ટ્રોન ચોક નજીક એલઆઈસી સોસાયટી શેરી નં. ૧માં આવેલા બંધ મકાનમાં મોડી રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. જો કે, તોડફોડ અને નળ તોડવાના અવાજથી આસપાસના પાડોશીઓ જાગી ગયા હતા અને અંદર ધસી જઈને બે તસ્કરોને રંગેહાથ ઝડપી લીધા હતા. એ ડીવીઝન પોલીસે આ મામલે ચોરીનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

જાગનાથ મંદિર ચોકની બાજુમાં આકર્ષણ એપાર્ટમેન્ટમાં રહેતા ૭૩ વર્ષીય ગુણવંતભાઈનું આ બીજું મકાન એલઆઈસી સોસાયટીમાં આવેલું છે, જે વર્ષોથી બંધ રહે છે. તેઓ અઠવાડિયામાં એકાદવાર આ મકાને આંટો મારવા જતા હોય છે. ગઈકાલે મોડી રાત્રે તેમના પિતરાઈ ભાઈ મુકુન્દે ફોન કરીને મકાનમાં ચોરી થયાની જાણ કરી હતી. જેથી તેઓ તત્કાળ ત્યાં પહોંચ્યા હતા જ્યાં પાડોશીઓ પહેલેથી જ એકઠા થઈ ગયા હતા. તપાસ કરતાં મકાનમાંથી એર કન્ડીશન્ડના ત્રણ ઈનર, એક કમ્પ્રેસર, બાથરૂમમાંથી ગરમ પાણીના બે ગિઝર, કિચનમાંથી આરઓ પ્લાન્ટ અને દસેક નળ મળીને કુલ ૮૦,૦૦ રૂપિયાના મુદ્દામાલની ચોરી થયાનું સામે આવ્યું હતું. તસ્કરોએ મુખ્ય દરવાજાનું તાળું તોડીને અંદર પ્રવેશ કર્યો હતો.

તસ્કરો જ્યારે ઘરના નળ અને અન્ય સાધનો તોડી રહ્યા હતા ત્યારે તેના અવાજથી પાડોશીઓની ઊંઘ ઉડી ગઈ હતી. રહીશોએ હિમ્મત દાખવીને મકાનની અંદર ધસી જઈને તસ્કરોને ઘેરી લીધા હતા, જેના કારણે તસ્કરો ડઘાઈ ગયા અને ભાગવા લાગ્યા હતા. જો કે, તેમાંથી બે તસ્કરો ભાગવામાં નિષ્ફળ રહ્યા અને પાડોશીઓના હાથે ઝડપાઈ ગયા હતા.

આ ઘટના બાદ પોલીસે ગુણવંતભાઈની ફરિયાદ નોંધીને પકડાયેલા આરોપીઓની પૂછપરછ શરૂ કરી છે. આ ચોરીની વારસામાં ખરેખર કેટલા શખ્સો સામેલ હતા અને આ ગેંગમાં અન્ય કોણ-કોણ છે તે દિશામાં પોલીસ તપાસ ચાલી રહી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. ઘરમાં કેટલીક સાફસફાઈ કરવાની તાકીદે જરૂર છે.

**વૃષભ : બ. વ. ઉ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો- અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**મિથુન : ક. છ. ઘ.**

ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે- આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો.

**કર્ક : ડ. હ.**

તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. તમારા પ્રેમી કે પ્રેમિકાની સંવેદનાત્મક જરૂરિયાતો સામે ઝૂકતા નહીં.

**સિંહ : મ. ટ.**

તમારો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે। આજે તમે તમારા પરિવારમાં શાંતિદૂતનું કામ કરશો.

**કન્યા : પ. ઠ. ણ.**

ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**તુલા : ર. ત.**

આર્થિક સ્થિતિ અને આર્થિક સમસ્યાઓ આમ છતાં ચિંતાનું કારણ બનશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય.

**વૃશ્ચિક : ન. ય.**

તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો। ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે। અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

**મકર : ખ. જ.**

તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. લાંબા-ગાળાના દૃષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. તમને એકલવાયું લાગે ત્યારે તમારા પરિવારની મદદ લો.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારૂ શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. ટપાલ દ્વારા આવેલો સંદેશ સમસ્ત પરિવાર માટે આનંદ લાવશે.

## શણગાર

### શ્રાવણ માસ અંતર્ગત શ્રીકષ્ટભંજનદેવને શિવસ્વરૂપ શણગાર કરાયો



| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.07.

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રાવણ માસના તા.07-09-2026ને સોમવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને શિવસ્વરૂપ શણગાર કરવામાં આવ્યો હતો. દાદાને મુકુટ સાથે આછા ભૂરા રંગના વસ્ત્રો પર ભરતકામ,'ૐ' એવં શંખ- ત્રિશૂળ ની પ્રતિકૃતિ સફેદ મોતીના વર્કવાળા વાઘા ધરવાયા હતા. ગર્ભગૃહને રંગબેરંગી ફૂલો ઓર્કિડ વિવિધ સુગંધી પુષ્પો તથા જાતજાતની રંગીન વેલાઓથી ભવ્ય રીતે શણગારવામાં આવ્યું હતું. આજે સવારે 5:45 કલાકે શણગાર આરતી પૂજારી સ્વામીદ્વારા કરવામાં આવી હતી. આ અનેરા દર્શનનો લાભ અનેક ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કરેલ.શ્રાવણ માસ દરમિયાન શ્રી નિલકંઠ મહાદેવ મંદિર ખાતે દરરોજ પવિત્ર બ્રાહ્મણો દ્વારા સંપૂર્ણ શ્રાવણ માસ દરમિયાન શિવપૂજન કરવામાં આવે છે. સવારે 7 થી સાંજે 6 દરમિયાન કરવામાં આવે છે.

### તહેવારોમાં વધેલા વાહન વ્યવહાર વચ્ચે અકસ્માતનો ભય

# મુખ્ય બજારનો માર્ગ, વધતી વાહનોની ઝડપ અને સ્પીડ બ્રેકરનો અભાવ : દેસલપર ગ્રામજનો ચિંતિત

| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેસલપર (ગુંતલી)થી ઉગેડી તરફ જતા મુખ્ય માર્ગ પર બનાવવામાં આવેલા આર.સી.સી. રોડ પર સ્પીડ બ્રેકરનો અભાવ હોવાથી અકસ્માતનો ભય ઊભો થયો છે. હાલ તહેવારોનો માહોલ હોવાથી આ માર્ગ પર વાહન વ્યવહાર અને લોકોની અવરજવર પણ વધી છે, ત્યારે ગ્રામજનો દ્વારા તંત્રનું તાત્કાલિક ધ્યાન દોરવામાં આવ્યું છે.દેસલપર ગામના મુખ્ય બજાર વિસ્તારમાંથી પસાર થતો આ માર્ગ શિવ મંદિર, રામ મંદિર, મસ્જિદ, સસ્તા અનાજની દુકાન, લોટપીસવાની ચક્કી તેમજ શાળા તરફ જવાનો મુખ્ય માર્ગ છે. જેના કારણે અહીં નાના બાળકો, વડીલો, મહિલાઓ, શ્રદ્ધાળુઓ સહિત લોકોની સતત અવરજવર રહે છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ રોડ પર સ્પીડ બ્રેકર ન હોવાથી કેટલાક વાહનો ઝડપથી પસાર થાય છે. ખાસ કરીને તહેવારો દરમિયાન વાહનોની સંખ્યા વધતા અનેક વખત



અકસ્માત જેવી પરિસ્થિતિ સર્જાઈ છે અને સદનસીબે માનવ બચ્યા છે. જો સમયસર યોગ્ય તકેદારી રાખવામાં નહીં આવે તો ભવિષ્યમાં ગંભીર દુર્ઘટના સર્જાવાની શક્યતા નકારી શકાય તેમ નથી.આ મુદ્દે અગાઉ પણ અહેવાલો મારફતે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. સ્થાનિકો દ્વારા પણ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી સ્પીડ બ્રેકર બનાવવાની દિશામાં નક્કર કાર્યવાહી થઈ નથી, જેના કારણે ગ્રામજનોમાં ચિંતા અને અસંતોષ જોવા મળી રહ્યો છે.ગ્રામજનોની માંગ છે કે કોઈ મોટી દુર્ઘટના બને અને જાનહાનિ થાય તેની રાહ જોયા વગર તંત્ર દ્વારા દેસલપર-ઉગેડી માર્ગ પર યોગ્ય સ્થળે તાત્કાલિક સ્પીડ બ્રેકર બનાવવામાં આવે તેમજ જરૂરી ટ્રાફિક ચેતવણીના બોર્ડ મૂકવામાં આવે. ખાસ કરીને તહેવારો દરમિયાન વધેલા વાહન વ્યવહારને ધ્યાનમાં રાખીને તંત્ર આ બાબતે તાત્કાલિક કાર્યવાહી કરે તેવી લોકમાંગ ઉઠી છે."અકસમાત થયા બાદ કાર્યવાહી કરવા કરતાં અકસ્માત થાય જ નહીં તે માટે અગાઉથી સાવચેતી રાખવી જરૂરી છે," તેવી લાગણી સાથે ગ્રામજનોએ તંત્રને વહેલી તકે કામગીરી કરવા અપીલ કરી છે.

### સ્વચ્છતા સેવા બની સંકલ્પ

## ગઢવારા પીર પરિસરમાં ભાજપ લઘુમતી મોરચાનું શ્રમદાન

| જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સદરુદિન બાબા (ગઢવારા પીર)ના પરિસરમાં નખત્રાણા તાલુકા ભાજપ લઘુમતી મોરચાના હોદ્દેદારો દ્વારા સામૂહિક શ્રમદાન કરી સફાઈ અભિયાન હાથ



ધરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ લઘુમતી સંગઠન મંત્રી ગુલામહુસેન બારચે જણાવ્યું હતું કે, "સ્વચ્છતા માત્ર અભિયાન પૂરતી સીમિત ન રહે, પરંતુ આપણા જીવનનો સંસ્કાર બને તે જરૂરી છે. જાહેર અને ધાર્મિક સ્થળોની સ્વચ્છતા જાળવવી એ આપણી સૌની સામાજિક જવાબદારી છે. સ્વચ્છ પરિસરથી જ સ્વસ્થ અને સુંદર સમાજનું નિર્માણ શક્ય બને છે."તેમણે નાગરિકોને પણ સ્વચ્છતા જાળવવામાં સહભાગી બનવા અને પોતાના આસપાસનું પરિસર સ્વચ્છ રાખવા અપીલ કરી હતી. અભિયાન દરમિયાન હોદ્દેદારો દ્વારા શ્રમદાન કરી સ્વચ્છતા અને સામાજિક જવાબદારીનો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો.

## બોટાદના ઐતિહાસિક કૃષ્ણસાગર તળાવમાંથી 21 વર્ષીય ઈમરાન અને રેણુકા રાઠવાનો મૃતદેહ મળી આવતા ચકચાર

બોટાદ : બોટાદ શહેરના મધ્યમાં આવેલા ઐતિહાસિક કૃષ્ણસાગર તળાવમાંથી એક 21 વર્ષીય યુવક અને યુવતીના મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકોના ટોળેટોળાં તળાવ કિનારે ઉમટી પડ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ મૃતક યુવકની ઓળખ બોટાદના 21 વર્ષીય ઈમરાનભાઈ આરિફભાઈ ધાનાણી તરીકે થઈ છે, જ્યારે મૃતક યુવતીની ઓળખ મૂળ પાવાગઢના અને હાલ સરવઈ પાટી ખાતે રહેતી 21 વર્ષીય રેણુકાબેન દિનેશભાઈ રાઠવા તરીકે કરવામાં આવી છે.તળાવમાં મૃતદેહ તરતા હોવાની જાણ થતાં જ બોટાદ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ ભારે જહમત બાદ બંને મૃતદેહોને પાણીમાંથી બહાર કાઢીને સ્થાનિક પોલીસને સોંપ્યા હતા. આ બનાવ અંગે જાણ થતાં જ બોટાદ પોલીસ ટીમ તેમજ મામલતદાર સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા અને પરિસ્થિતિની સમીક્ષા કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.તેજ બંને મૃતકોની ઉંમર 21 વર્ષ હોય અને તેઓ એકબીજાના સંપર્કમાં હોવાથી પ્રાથમિક દ્રષ્ટિએ આ બનાવ પાછળ પ્રેમ પ્રકરણ જવાબદાર હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આ આત્મહત્યા છે કે અન્ય કોઈ બનાવ, તે અંગે પોલીસ હાલ તમામ દિશામાં તપાસ ચલાવી રહી છે. પોલીસ દ્વારા બંને મૃતદેહને પંચનામું કરીને ચોક્કસ કારણ જાણવા માટે બોટાદની સિવિલ સોનાવાલા હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવામાં આવ્યા છે.

## જામનગર જિલ્લામાં જુગારના 4 સ્થળે પોલીસના દરોડા : 24 જુગારીયા ઝડપાયા

જામનગર : જામનગર જિલ્લામાં જુગારની પ્રવૃત્તિ સામે પોલીસે અલગ અલગ સ્થળોએ કાર્યવાહી કરી તીનપત્તીનો જુગાર રમતા કુલ 24 શખ્સોને ઝડપી લીધા હતા, જ્યારે બે શખ્સ પોલીસને જોઈ નાસી છૂટ્યા હતા. ચારેય દરોડામાંથી કુલ રૂ.63,510ની રોકડ રકમ તથા ગંજીપાના મળી આવ્યા હતા. જામજોધપુરના દરોડામાં મોટરસાઈકલ સહિત કુલ રૂ.48,400નો અને ચારેય દરોડામાં મળીને કુલ રૂ.98,510નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.ધ્રોલ પોલીસ દ્વારા તા.6ના રોજ બપોરે ધ્રોલ યા પીર જવાના રસ્તે જાહેરમાં દરોડો પાડવામાં આવ્યો હતો. સ્ટ્રીટ લાઈટના અજવાળામાં તીનપત્તી રોન પોલીસ નામનો પૈસાની હારજીતનો જુગાર રમાતો હોવાની કાર્યવાહી દરમિયાન કુલ પાંચ ઈસમો ઝડપાયા હતા. પોલીસે રોકડ રૂ.2,070 તથા ગંજીપત્તા મળી કુલ રૂ.2,070નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જામજોધપુર પોલીસે ટાઉન વિસ્તારમાં રાત્રિના કોમ્બિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ઘાસ ગોડાઉન પાસે મેહુલભાઈ પાટડીયાના મકાન બહાર સ્ટ્રીટ લાઈટના અજવાળામાં તીનપત્તીનો જુગાર રમતા શખ્સો સામે દરોડો પાડ્યો હતો. સાત શખ્સો પૈસાની હારજીતનો જુગાર રમતા મળી આવ્યા હતા, જેમાંથી પોલીસને જોઈ બે શખ્સો અંધારાનો લાભ લઈ ભાગી છૂટ્યા હતા. પોલીસે તપાસ હાથ ધરી છે.

## લોનના બહાને ડોક્યુમેન્ટ મેળવી બારોબાર બેન્ક ખાતા ખોલી સાયબર ફ્રોડના દોઢ કરોડની હેરફેર




જામનગર : જામનગરમાં લોન કરાવી આપવાના બહાને ત્રણ વ્યક્તિઓ પાસેથી દસ્તાવેજો, સહી કરાવેલા ફોર્મ અને મોબાઈલ સિમકાર્ડ મેળવી તેમની જાણ બહાર કર્ણાટક બેંકમાં ત્રણ બેંક ખાતાં ખોલાવી આશરે રૂા.૧.૫૦ કરોડ જેટલા સાયબર ફ્રોડના નાણાંના વ્યવહારો કરવામાં આવ્યા હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.જામનગરના અસલમ દાઉદભાઈ ભગાડ (ઉં.વ. ૨૭)એ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તે તથા તેમના ભાઈ અક્રમ ભગાડ જામનગરના બેડેશ્વર વિસ્તારમાં આવેલી રેશમા હોટલમાં મજૂરી કામ કરતા હતા. તે દરમિયાન લોનની જરૂરિયાત હોવાથી હોટલના માલિક અસગર અબ્દુલ ચમડીયાને વાત કરતાં તેમણે તેમના મિત્ર ફેજલ ખફીના ઓળખીતા કર્ણાટક બેંકના કર્મચારી રઘુભાઈ મારફતે લોન કરાવી આપવાની વાત કરી હતી.
ત્યારબાદ ફરિયાદી, તેમના ભાઈ અક્રમ અને ભાભી મીનાઝબેન અસગર સાથે કર્ણાટક બેંકની કુબેર એવન્યુ શાખામાં ગયા હતા અને લોન માટે જરૂરી દસ્તાવેજો આપ્યા હતા. બેંક કર્મચારી રઘુભાઈએ અલગ અલગ ફોર્મમાં તેમની સહીઓ પણ કરાવી હતી. ત્યારબાદ બંને ભાઈઓના નામે મોબાઈલ સીમ કાર્ડ કઢાવવાની વાત કરી સીમ કાર્ડ પણ મેળવી લેવામાં આવ્યા હતા.થોડા દિવસ બાદ અસગરે ફોન કરીને તેમનો સીબિલ સ્કોર ખરાબ હોવાથી લોન નહીં થાય તેમ જણાવ્યું હતું. પરંતુ ફેબ્રુઆરીમાં છત્તીસગઢ રાજ્યની પોલીસ ફરિયાદી તેમના ભાઈ અક્રમને ગુનાના કામે લઇ જતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો. ફરિયાદી યુવાનતેના ભાઈ તથા ભાભીના દસ્તાવેજનો ઉપયોગ કરી તેમની જાણ બહાર બેંક ખાતા ખોલી ત્રણેય ખાતાંમાં આશરે રૂા. ૧,૫૦,૯૮,૦૦૦ના સાયબર ફ્રોડના નાણાંના વ્યવહારો કરાયા હતા. તેથી આરોપીઓ અસગર અબ્દુલ ચમડીયા, ફેજલ ખફી તથા કર્ણાટક બેંકના કર્મચારી રઘુભાઈ સહિતના શખ્સો સામે ફરિયાદ નોંધાવતા તપાસ હાથ ધરાઈ છે.

## 'છોટી કાશી' જામનગરમાં શ્રાવણમાસના અંતિમ સોમવારે શિવાલયોમાં 'હર હર મહાદેવ'નો નાદ ગુંજ્યો

(એજન્સી) જામનગર | તા.07

'છોટી કાશી' તરીકે પ્રચલિત અને નાના-મોટા અસંખ્ય શિવાલયોથી શોભતા જામનગર શહેરમાં પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે આજે વહેલી સવારથી જ ભક્તિ અને આસ્થાનો માહોલ છવાઈ ગયો હતો. શ્રાવણના છેલ્લા સોમવારના પવિત્ર દિવસે ભગવાન ભોળાનાથના દર્શન માટે શહેરના વિવિધ શિવાલયોમાં મોટી સંખ્યામાં શિવભક્તો ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ મંદિરોમાં દર્શનાર્થીઓની કતારો જોવા મળી હતી અને 'હર હર મહાદેવ', 'બમ બમ ભોલે'ના જયઘોષથી શિવાલયો ગુંજી ઉઠ્યા હતા. શ્રાવણના સોમવારનું ધાર્મિક દૃષ્ટિએ વિશેષ મહત્વ હોવાથી અંતિમ સોમવારે પણ ભક્તોએ વહેલી સવારથી શિવલિંગ પર જળાભિષેક કરી બિલિપત્ર,



ફૂલ સહિતની પૂજા સામગ્રી અર્પણ કરી હતી. અનેક શિવાલયોમાં ભક્તો દ્વારા રુદ્રાભિષેક સહિતની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. શ્રદ્ધાળુઓએ ભગવાન ભોળાનાથના દર્શન કરી પરિવારની સુખ-શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્ય માટે પ્રાર્થના કરી હતી. જામનગરના પુરાણપ્રસિદ્ધ સિદ્ધનાથ મહાદેવ મંદિર, નગરના મધ્યમાં આવેલા સુપ્રસિદ્ધ ભીડભંજન મહાદેવ મંદિર, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, નાગેશ્વર મહાદેવ મંદિર, નીલકંઠ મહાદેવ મંદિર, વૈજનાથ મહાદેવ મંદિર, પ્રતાપેશ્વર મહાદેવ મંદિર, નર્મદેશ્વર મહાદેવ મંદિર, જળેશ્વર મહાદેવ મંદિર, સુખનાથ મહાદેવ મંદિર અને મણીકંકેશ્વર મહાદેવ મંદિર સહિતના વિવિધ શિવાલયોમાં વહેલી સવારથી જ ભક્તોની ભારે અવરજવર જોવા મળી હતી. અંતિમ સોમવાર હોવાથી અનેક પરિવારો વહેલી સવારથી જ સામૂહિક રીતે શિવાલયોમાં દર્શનાર્થે પહોંચ્યા હતા. શ્રદ્ધાળુઓએ શિવલિંગ પર પવિત્ર જળ ચઢાવી બિલિપત્ર અર્પણ કર્યા હતા અને ભગવાન શિવ સમક્ષ મનોકામનાઓ વ્યક્ત કરી હતી. કેટલાક ભક્તોએ ઉપવાસ રાખી ધાર્મિક અનુષ્ઠાન સાથે શ્રાવણના અંતિમ સોમવારની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરી હતી.

### મહેસાણા રેલવે સ્ટેશન પાસે રાજસ્થાનના પોલીસ કર્મી દ્વારા થતા MD ડ્રગ્સની હેરાફેરીનો પર્દાફાશ

મહેસાણા : અમદાવાદ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) દ્વારા મહેસાણા રેલવે સ્ટેશન નજીક એક મોટી કાર્યવાહી કરીને એમડી (MD) ડ્રગ્સની હેરાફેરીના નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટનામાં સૌથી ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે ડ્રગ્સ સપ્લાય કરનાર મુખ્ય આરોપી પોતે પોલીસ કર્મચારી છે. રાજસ્થાનના જોધપુર ખાતે ફરજ બજાવતા ભિખારામ સિહોલ નામના પોલીસ કર્મીની ANTF દ્વારા સ્થળ પરથી જ ધરપકડ કરવામાં આવી છે.પોલીસની કામગીરી દરમિયાન 204.86 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે આરોપીઓને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલા આ ડ્રગ્સની અંદાજિત કિંમત રૂ.6.14 લાખ થાય છે. આ ડ્રગ્સનો જથ્થો મેળવવા આવેલો અમદાવાદનો 27 વર્ષીય સુરજસિંહ રાજપુરોહિત પણ ઘટનાસ્થળેથી ડ્રગ્સ લેતા પકડાઈ ગયો હતો. દરોડા દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી એક કાર અને 3 મોબાઈલ ફોન સહિત કુલ રૂ.11.34 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## કેસણી પ્રા શાળા શિક્ષક પીવાના પાણીની પરબ બાથરૂમ જાતે સફાઇ કરી શ્રેષ્ઠ સારસ્વત બન્યા





(એજન્સી) કેશણી | તા.07

સ્વચ્છતા ત્યાં પ્રભુતા ઘર હોય કે કામનું સ્થળ જેટલી સ્વચ્છતા જાળવો એટલું વધારે સારૂ રહે ચાણસ્મા તાલુકાના કેશણી પ્રા શાળા ના સારસ્વત રમેશભાઈ પટેલ સ્વચ્છતાના આગ્રહી છે અને શાળા સ્વચ્છ રહે તે માટે ખાસ કાળજી રાખે છે સોમવારે શાળામાં પીવાના પાણીની પરબ બાથરૂમ જાતે પાણીથી ધોઈને સ્વચ્છ કરી ઉત્તમ સારસ્વત નું ઉદાહરણ પુરુ પાડ્યું હતું સ્વચ્છતા નું કામ કોઈના પાસે કરાવ્યા કરતાં આપણે જાતે કરીએ તો શાળાના બાળકો માં પણ પ્રેરણાદાયી સેવા ના ગુણોનો વિકાશ થાય બની શકે તો લોકોને સેવાના કાર્યો થકી પ્રેરણાદાયી વિચારો આપવા તેમાં તેઓ જીવનનો સાચો આનંદ માણતા હોવાનું જણાવ્યું હતું

### રૂ.7.41 લાખના મુદ્દામાલ સાથે 5 આરોપીઓ ઝડપાયા

## જામનગરના ધ્રોલમાં ભારતમાલા હાઈવેના RCC રોડ બનાવવાના મશીનમાંથી જનરેટરની ચોરીનો ભેદ ઉકેલાયો

(એજન્સી) જામનગર | તા.07

જામનગર જિલ્લાના ધ્રોલ-જોડિયા રોડ પર બની રહેલા ભારતમાલા હાઈવેના આર.સી.સી. રોડ બનાવવાના મશીનમાંથી રૂ. 6 લાખની કિંમતના જનરેટરની ચોરીના વણશોધાયેલા ગુનાનો ધ્રોલ પોલીસે ભેદ ઉકેલી પાંચ આરોપીઓને કુલ રૂ.7.41 લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. તા. 3 સપ્ટેમ્બરની રાત્રે બીલેશ્વર મહાદેવ મંદિર પાસે હાઈવેના કામ દરમિયાન મશીનમાંથી જનરેટર અજાણ્યા શખ્સો ચોરી ગયા હોવાની ફરિયાદ નોંધાઈ હતી.ધ્રોલ પોલીસ દ્વારા સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજ, ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સની મદદથી તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે ચોરીના આરોપીઓ



મોટરસાઈકલ તથા છકડો રિક્ષા લઈને ભૂચર મોરી મેદાન પાછળથી જેશલપીરની જગ્યા તરફથી ધ્રોલ તરફ આવી રહ્યા છે. જેના આધારે ધ્રોલ ચેકપોસ્ટ પાસે વાહન રોકી તપાસ કરતાં પાંચ શખ્સોને ચોરીના મુદ્દામાલ તથા ચોરીમાં ઉપયોગમાં લેવાયેલા વાહનો અને સાધનો સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.પકડાયેલા આરોપીઓમાં શબીર સલીમભાઈ શેખ (ઉ.વ.23), ધનજીભાઈ ભીખાભાઈ સોલંકી (ઉ.વ.30), અલ્ફાઝ સુલતાનભાઈ મેવાણા (ઉ.વ.19), તુલશી ઉર્ફે અલ્પેશ ધીરૂભાઈ રાઠોડ (ઉ.વ.23) તથા એક કાયદાના સંઘર્ષિત કિશોરનો સમાવેશ થાય છે.પોલીસે આરોપીઓ પાસેથી આર.સી.સી. રોડ બનાવવાના મશીનના જનરેટરના સ્પેર પાર્ટ્સ, પ્લાસ્ટિકની બેગમાં ભરેલા કોપર વાયરના નાના બંડલ તથા જનરેટરના અલગ-અલગ ભાગો મળી રૂ. 6 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ઉપરાંત રૂ. 40 હજારની કિંમતની જાવા મોટરસાઈકલ, રૂ.1 લાખની છકડો રિક્ષા તથા ચોરીમાં ઉપયોગમાં લેવાયેલા લોખંડના હથોડા, ટોમી, છીણી, વાયર કટીંગ કટર અને બોલ્ટ ખોલવાના ત્રણ પાના સહિતનો મુદ્દામાલ મળી કુલ રૂ.7.41 લાખનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે.આ અંગે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 303(2) મુજબ ચોરીનો ગુનો નોંધાયો હતો.

### મૃતકના પિતરાઈભાઈ મૃતદેહનો કબજો સોંપી દેવાયો

## જામનગરના વસઈ ગામના માનસિક અસ્થિર યુવાનનો લહેર તળાવમાં ઝંપલાવી આપઘાત

જામનગર: જામનગર નજીક નાઘેડી પાસે આવેલા તળાવમાંથી ગઈકાલે સાંજે એક માનવ બેશુદ્ધ હાલતમાં પાણીમાં પડી રહ્યો છે, તેઓ સંદેશ નાઘેડી ગામના સરપંચ સુરેશભાઈ બાંભવા મારફતે ફાયર બ્રિગેડને મળ્યો હતો. જેથી ફાયર શાખાની ટુકડી તાબડતોબ ઘટના સ્થળે દોડી ગઈ હતી. તે દરમિયાન કેટલાક સ્થાનિક તરવૈયાઓએ પાણીમાં ડૂબેલા યુવકને જીવિત અવસ્થામાં બહાર કાઢી લઈ 108 નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જીજી હોસ્પિટલમાં પહોંચાડ્યો હતો, પરંતુ ત્યાં તેનો મૃતદેહજ પહોંચ્યો હતો અને તબીબો દ્વારા તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું હતું.આ બનાવ અંગે પોલીસને જાણ કરાતાં પંચકોશી બી. ડિવિઝન પોલીસ ઘટના સ્થળે અને ત્યારબાદ જીજી હોસ્પિટલમાં દોડી ગઈ હતી .

જ્યાં મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસ તપાસ દરમિયાન મૃતકનું નામ અવિરાજસિંહ મહિપતસિંહ ગોહિલ (ઉંમર વર્ષ 23) અને જામનગર તાલુકાના વસઈ ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. મૃતક યુવાન છેલ્લા કેટલાક સમયથી માનસિક અસ્થિરતા ગુમાવી બેઠેલા હતા અને તેની દવા પણ ચાલતી હતી. દરમિયાન પોતાની બીમારીથી તંગ આવી જઈ તેણે ગઈકાલે લહેર તળાવમાં ઝંપલાવી આ પગલું ભરી લીધું હોવાનું પોલીસ દ્વારા અનુમાન કરાયું છે. મૃતકના પિતરાઈભાઈ વગેરે આવી જતાં તેઓને મૃતદેહનો કબજો સોંપી દેવાયો છે.

**THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSE ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE FOR SECURITIES. NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA. INTIAL PUBLIC OFFER OF EQUITY SHARES ON THE SME PLATFORM OF BSE ("BSE SME") IN COMPLIANCE WITH CHAPTER IX OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED.**

*(Scan this QR to view the Prospectus)*

# FARM PEACE LIMITED

**Corporate Identification Number: U01100GJ2021PLC126500**

Our company was incorporated as a private limited Company under the name *"Farm Peace Private Limited"* under the provisions of the Companies Act, 2013 vide certificate of incorporation dated October 20, 2021 issued by the Deputy Registrar of Companies, Central Registration Centre. Further, our company was converted from a private limited company to a public limited company, pursuant to a special resolution passed in the extraordinary general meeting of our shareholders held on July 23, 2024 and the name of our Company was changed to *"Farm Peace Limited"* with a fresh certificate of incorporation dated October 14, 2024, issued to our Company by the Assistant Registrar of Companies, Central Processing Centre. The Corporate Identification Number of our Company is U01100GJ2021PLC126500. For further details on incorporation and registered office of our Company, see *"History and Certain Corporate Matters"* on page 209 of the Prospectus dated August 25, 2026 filed with the ROC, Ahmedabad, Gujarat. (***"Prospectus"***).

**Registered Office & Corporate Office:** 12, Manu Panchal Industrial Estate, Nr. Indira Nagar, Amraiwadi Road, Ahmedabad – 380 026, Gujarat, India.
**Contact Person:** Dharaben Chirag Patel, Company Secretary and Compliance Officer
**Telephone:** 079 - 2991 7018 | **Email:** investors@farmpeace.in | **Website:** www.farmpeace.in

**PROMOTERS OF OUR COMPANY: SANDIPKUMAR NARSINHBHAI PATEL, SUDHIR HARIBHAI PATEL, GIRISHBHAI FALJIBHAI PATEL AND KULIN KIRAN PATEL**

**Our company has filed Prospectus with ROC on August 25, 2026. The Equity shares are proposed to be listed on SME Platform of BSE Limited ("BSE SME") and trading will commence on September 08, 2026.**

## BASIS OF ALLOTMENT

**INITIAL PUBLIC OFFERING OF 54,24,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10/- EACH ("EQUITY SHARES") FOR CASH AT A PRICE OF ₹ 59/- PER EQUITY SHARE (INCLUDING A PREMIUM OF ₹ 49/- PER EQUITY SHARE) ("ISSUE PRICE") AGGREGATING TO ₹ 3,200.16 LAKHS ("THE ISSUE"). THE ISSUE CONSTITUTED 26.36% OF THE POST-ISSUE PAID UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

**THE ISSUE INCLUDED A RESERVATION OF 2,72,000 EQUITY SHARES AGGREGATING TO ₹160.48 LAKHS (CONSTITUTING 1.32% OF THE POST ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY) FOR SUBSCRIPTION BY MARKET MAKER ("MARKET MAKER RESERVATION PORTION"). THE ISSUE LESS THE MARKET MAKER RESERVATION PORTION IS HEREINAFTER REFERRED TO AS THE "NET ISSUE". THE ISSUE AND THE NET ISSUE CONSTITUTED 26.36% AND 25.03% RESPECTIVELY, OF THE POST-ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

**THE FACE VALUE OF THE EQUITY SHARE IS ₹ 10/- EACH**
**ISSUE PRICE OF ₹ 59/- PER EQUITY SHARE (INCLUDING A PREMIUM OF ₹ 49/- PER EQUITY SHARE)**
**THE ISSUE PRICE IS 5.9 TIMES OF THE FACE VALUE OF THE EQUITY SHARES**

| ISSUE PROGRAMME | |
|---|---|
| | **ISSUE OPENED ON: TUESDAY, SEPTEMBER 01, 2026** |
| | **ISSUE CLOSED ON: THURSDAY, SEPTEMBER 03, 2026** |

**THE FACE VALUE OF THE EQUITY SHARES IS ₹10/- EACH**
**ISSUE PRICE IS ₹ 59/- PER EQUITY SHARE**

### RISKS TO INVESTORS

1. **Risk to Investors:** *For details refer to section titled "Risk Factors" on page 21 of the Prospectus.*

i) **Informal farmer arrangements may lead to supply disruptions:** Our Company relies on informal arrangements with farmers and does not currently execute legally enforceable contracts with them, which may result in risks relating to supply, pricing, quality and potential disputes. Any disruption in procurement or inability to meet customer requirements may adversely affect our operations, revenues and financial condition.

ii) **Seasonal and climatic conditions may adversely affect potato yields:** Our business depends on favourable seasonal and climatic conditions for cultivation of processed-grade potatoes, particularly in Gujarat. Adverse weather, pests or diseases may reduce crop yield and quality, increase procurement costs, and adversely affect our operations and financial performance.

iii) **Concentration in Gujarat exposes us to regional business risks:** Our operations are primarily concentrated in Gujarat, including cultivation, procurement, storage and supply chain activities. Regional climatic, regulatory, infrastructure or logistical disruptions in Gujarat may adversely affect our operations, supply commitments and financial performance.

iv) **Dependence on third-party seed suppliers may disrupt operations:** Our operations depend on third-party suppliers for seed potatoes, with most arrangements based on commercial understanding rather than binding long-term contracts. Delays, supply interruptions, quality issues or changes in commercial terms may affect cultivation, operations and financial performance.

v) **Dependence on few buyers may adversely affect our business:** Our sales are concentrated among a few customers, particularly potato processing companies. Loss of key customers, reduced offtake, delayed payments or adverse changes in terms may adversely affect our revenues, cash flows and financial performance.

vi) **Price fluctuations may adversely affect costs, margins and performance:** Our seed procurement costs and processed-grade potato selling prices are subject to market and seasonal fluctuations. Such price volatility may cause margin compression, higher working capital requirements and adversely affect our financial performance.

vii) **Dependence on a limited product portfolio may restrict growth and expose us to sector-specific risks:** Our operations and revenues are concentrated on a limited number of processed-grade potato varieties. Changes in customer preferences, processing requirements or demand for these varieties may require additional investment and adversely affect our sales, margins and business growth.

viii) **History of negative cash flows may continue in future:** The Company has experienced negative cash flows from operating activities during Fiscals 2024, 2025 and 2026, with financing activities being the primary source of cash inflows during these periods. Continued negative cash flows and evolving market conditions may adversely impact the Company's operations, liquidity and growth plans.

ix) **Seasonality and crop cycles may cause operational fluctuations:** Our operations are seasonal due to dependence on potato cultivation cycles, with plantation and harvesting activities concentrated between October and March. Seasonality may result in fluctuations in revenue, cash flows and working capital requirements, with higher cash outflows during sowing and harvesting periods. Any delays in cropping cycles, climatic variations, yield fluctuations or regional disruptions in Gujarat may adversely impact our operations, financial performance and profitability.

x) **Restated Financial Information prepared by Peer-Reviewed Auditors other than Statutory Auditors:** Restated Financial Information as disclosed in the Offer Document is prepared by peer-reviewed auditors who are not our Statutory Auditors.

xi) The Issue Price is based on various factors and assumptions determined in consultation with the Lead Manager. These may not reflect the market price upon listing, which will be influenced by market conditions beyond our control.

xii) **The average cost of acquisition of Equity Shares by our Promoters:**

| Sr. No. | Name of the Promoters | Equity shareholding as on the date of the Prospectus | Average cost of Acquisition per Equity Share (in ₹)* |
|---|---|---|---|
| 1. | Sandipkumar Narsinhbhai Patel | 16,80,000 | 13.18 |
| 2. | Sudhir Haribhai Patel | 23,04,000 | 9.18 |
| 3. | Girishbhai Faljibhai Patel | 19,56,000 | 10.03 |
| 4. | Kulin Kiran Patel | 20,00,000 | 7.90 |

*Note: Average cost of acquisition of Equity Shares of the Company held by the Promoters in respect of their respective shareholding in the Company is calculated as per FIFO Method.*

** As certified by M/s. R H Panwar & Associates, Chartered Accountants, by way of their certificate dated September 19, 2025.*

xiii) **Weighted Average Cost of Acquisition of all shares transacted in the three years, 18 months and one year preceding the date of the Prospectus**

| Period | Number of Equity Shares transacted of face value ₹ 10/- each | Weighted average cost of acquisition per Equity Share (in ₹) | Cap Price is 'x' times the weighted average cost of acquisition | Range of acquisition price per Equity Share: lowest price-highest price (in ₹) |
|---|---|---|---|---|
| Last one year preceding the date of the Prospectus | 1,13,66,472 | Nil ^ | - | Nil ^ |
| Last 18 months preceding the date of the Prospectus | 1,13,66,472 | Nil ^ | - | Nil ^ |
| Last three years preceding the date of the Prospectus | 1,26,35,296 | 16.02 | 3.68 | Nil ^ - 222 |

*^ Nil is the lowest price since bonus issue for 1,13,66,472 equity shares were made on August 25, 2025.*

**As certified by M/s. R H Panwar & Associates, Chartered Accountants, by way of their certificate dated July 24, 2026.*

For further details see section titled *"Risk Factors"* on page 21 and the financials of the Company including profitability and return ratios, as set out in the section titled *"Restated Financial Information"* on page 233 of the Prospectus for a more informed view.

This Issue is being made through the Fixed Price process, in terms of Rule 19(2)(b) of the of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended ("SCRR") read with Regulation 252 of the SEBI ICDR Regulations and in compliance with Regulation 253(3) of the SEBI ICDR Regulations wherein a minimum 50% of the Net Issue is allocated for Individual Investors who applies for minimum application size (**"Individual Investor Portion"**) and the balance shall be offered to individual applicants other than Individual Investors who applies more than minimum application size and other investors including corporate bodies or institutions, QIBs and Non-Institutional Investors (**"Non-Institutional Portion"**). However, if the aggregate demand from the Individual Investors is less than 50%, then the balance Equity Shares in that portion will be added to the other than Individual portion offered to the remaining investors including QIBs and NIIs and vice-versa subject to valid applications being received from them at or above the Issue Price. Additionally, if the Individual Investors category is entitled to more than 50% on proportionate basis, the Individual Investors shall be allocated that higher percentage. All potential investors shall participate in the Issue only through an Application Supported by Blocked Amount ("ASBA") process and shall provide details of their respective bank account (including UPI ID (defined hereinafter) in case of UPI Applicants (defined hereinafter)) in which the Application Amount will be blocked by the Self Certified Syndicate Banks ("SCSBs") or the Sponsor Bank, as the case may be. For further details, see *"Issue Procedure"* on page 349.

The Issue received 480 applications for 62,48,000 Equity Shares (prior to valid rejections) resulting 1.15 times subscription. The details of the applications received in the Issue from various categories are as under (before valid rejections):

| Sr. No. | Category | Number of Applications | Number of equity shares Applied for | Equity Shares Reserved as per Prospectus | No. of times Subscribed | Amount (₹) |
|---|---|---|---|---|---|---|
| 1 | Individual Investors | 383 | 15,32,000 | 25,76,000 | 0.59 | 9,03,88,000 |
| 2 | Non- Institutional Investors | 96 | 44,44,000 | 25,76,000 | 1.22 | 26,21,96,000 |
| 3 | Market Maker | 1 | 2,72,000 | 2,72,000 | 1 | 1,60,48,000 |
| **Total** | | **480** | **62,48,000** | **54,24,000** | **1.15** | **36,86,32,000** |

**The Basis of Allotment was finalized in consultation with the Designated Stock Exchange, being the BSE Limited, on Friday, September 04, 2026**

### INVESTORS, PLEASE NOTE

A. **Allotment to Individual Investors (After Rejections) (including ASBA Applications):**

The Basis of Allotment to the Individual Investors, who have bid at or above the Issue Price of ₹ 59/- per equity shares, was finalized in consultation with BSE Limited. The category was subscribed by 0.59 times i.e. for 15,16,000 Equity Shares. Total number of shares allotted in this category is 15,16,000 Equity Shares to 379 successful applicants. The category wise details of the Basis of Allotment as under:

| Sr. No. | Category | No. of Applications Received | % of Total | Total No. of Shares Applied | % to Total | No. of Equity Shares Allotted per Applicant | Ratio | Total No. of Shares Allotted |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 4,000 | 379 | 100% | 15,16,000 | 100% | 4,000 | 1:1 | 15,16,000 |
| **Total** | | **379** | **100%** | **15,16,000** | **100%** | | | **15,16,000** |

B. **Allotment to Non- Institutional Investors (After Rejections) (including ASBA Applications):**

The Basis of Allotment to the Non-Institutional Investors, who have bid at the Issue Price of ₹ 59/- per Equity Share or above, was finalized in consultation with the BSE Limited. The category has been subscribed to the extent of 1.22 times. The total number of Equity Shares Allotted in this category is 36,36,000 Equity Shares to 96 successful Non-Institutional Bidders.

The category-wise details of the Basis of Allotment are as under (Sample):

| Sr. No. | Category | No. of Applications Received | % of Total | Total No. of Shares Applied | % to Total | No. of Equity Shares Allotted per Applicant | Ratio | Total No. of Shares Allotted |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6,000 | 49 | 51.04 | 2,94,000 | 6.62 | 6,000 | 1:1 | 2,94,000 |
| 2 | 8,000 | 8 | 8.33 | 64,000 | 1.44 | 6,000 | 1:1 | 48,000 |
| | 8,000 | | 0.00 | | 0.00 | 2,000 | 6:8 | 12,000 |
| 3 | 10,000 | 1 | 1.04 | 10,000 | 0.23 | 10,000 | 1:1 | 10,000 |
| 4 | 16,000 | 1 | 1.04 | 16,000 | 0.36 | 14,000 | 1:1 | 14,000 |
| 5 | 18,000 | 7 | 7.29 | 1,26,000 | 2.84 | 14,000 | 1:1 | 98,000 |
| | 18,000 | | 0.00 | | 0.00 | 2,000 | 5:7 | 10,000 |
| 6 | 20,000 | 2 | 2.08 | 40,000 | 0.90 | 16,000 | 1:1 | 32,000 |
| | 20,000 | | 0.00 | | 0.00 | 2,000 | 1:2 | 2,000 |
| 7 | 22,000 | 1 | 1.04 | 22,000 | 0.50 | 18,000 | 1:1 | 18,000 |
| 8 | 24,000 | 1 | 1.04 | 24,000 | 0.54 | 20,000 | 1:1 | 20,000 |
| 9 | 34,000 | 1 | 1.04 | 34,000 | 0.77 | 28,000 | 1:1 | 28,000 |
| 10 | 38,000 | 1 | 1.04 | 38,000 | 0.86 | 32,000 | 1:1 | 32,000 |
| 11 | 64,000 | 1 | 1.04 | 64,000 | 1.44 | 52,000 | 1:1 | 52,000 |
| 12 | 68,000 | 1 | 1.04 | 68,000 | 1.53 | 56,000 | 1:1 | 56,000 |
| 13 | 72,000 | 1 | 1.04 | 72,000 | 1.62 | 58,000 | 1:1 | 58,000 |
| 14 | 84,000 | 10 | 10.42 | 8,40,000 | 18.90 | 66,000 | 1:1 | 6,60,000 |
| | 84,000 | | 0.00 | | 0.00 | 2,000 | 9:10 | 18,000 |
| 15 | 86,000 | 1 | 1.04 | 86,000 | 1.94 | 70,000 | 1:1 | 70,000 |
| 16 | 1,50,000 | 2 | 2.08 | 3,00,000 | 6.75 | 1,20,000 | 1:1 | 2,40,000 |
| 17 | 1,66,000 | 1 | 1.04 | 1,66,000 | 3.74 | 1,32,000 | 1:1 | 1,32,000 |
| 18 | 1,68,000 | 2 | 2.08 | 3,36,000 | 7.56 | 1,34,000 | 1:1 | 2,68,000 |
| 19 | 1,70,000 | 1 | 1.04 | 1,70,000 | 3.83 | 1,36,000 | 1:1 | 1,36,000 |
| 20 | 1,86,000 | 1 | 1.04 | 1,86,000 | 4.19 | 1,48,000 | 1:1 | 1,48,000 |
| 21 | 2,50,000 | 1 | 1.04 | 2,50,000 | 5.63 | 1,98,000 | 1:1 | 1,98,000 |
| 22 | 3,38,000 | 1 | 1.04 | 3,38,000 | 7.61 | 2,68,000 | 1:1 | 2,68,000 |
| 23 | 9,00,000 | 1 | 1.04 | 9,00,000 | 20.25 | 7,14,000 | 1:1 | 7,14,000 |
| **Total** | | **96** | **100.00** | **44,44,000** | **100.00** | | | **36,36,000** |

The Board of Directors of the Company at its meeting held on September 04, 2026, has taken on record the Basis of Allotment of Equity Shares, as approved by the Designated Stock Exchange being BSE Limited and has allotted the Equity Shares to various successful applicants. The Allotment Advice-cum-Unblocking Intimations and/ or notices have been dispatched to the addresses of the investors as registered with the depositories. Further, the instructions to the SCSBs for unblocking of funds, transfers to the Public Issue Account have been issued on September 04, 2026. In case the same is not received within ten days, investors may contact the Registrar to the Issue at the address given below. The Equity Shares Allotted to the successful Allottees have been uploaded on September 07, 2026 for credit into the respective beneficiary accounts subject to validation of the account details with the depositories concerned. Our Company has filed the listing application with the BSE Limited on September 07, 2026. Our Company has received the listing and trading approvals from BSE Limited and the trading will commence on September 08, 2026.

Note: All capitalised terms used and not specifically defined herein shall have the same meaning as ascribed to them in the Prospectus.

### INVESTORS, PLEASE NOTE

The details of the allotment made would also be hosted on the website of the Registrar to the Issue, **Bigshare Services Private Limited** at www.bigshareonline.com.

All future correspondence in this regard may kindly be addressed to the Registrar to the Issue quoting full name of the First/ Sole Applicants, Application Form number, Applicants DP ID, Client ID, PAN, date of submission of Application Form, address of the Applicant, number of Equity Shares applied for, the name and address of the Designated Intermediary where the Application Form was submitted by the Applicant and a copy of the Acknowledgment Slip received from the Designated Intermediary at the address given below:

**BIGSHARE SERVICES PRIVATE LIMITED**
**Address:** S6-2, 6th Floor Pinnacle Business Park, Mahakali Caves Road, next to Ahura Centre, Andheri East, Mumbai- 400 093, Maharashtra.
**Telephone:** 022 - 6263 8200 | **Email:** ipo@bigshareonline.com
**Investor Grievance Email:** investor@bigshareonline.com
**Website:** www.bigshareonline.com
**Contact Person:** Babu Rapheal C | **SEBI Registration Number:** INR000001385

**For Farm Peace Limited**
**On behalf of the Board of Directors**
Sd/-
**Sandipkumar Narsinhbhai Patel**
**Managing Director**
**DIN:** 07463421

**Date:** September 07, 2026
**Place:** Ahmedabad, Gujarat

**THE LEVEL OF SUBSCRIPTION SHOULD NOT BE TAKEN TO BE INDICATIVE OF EITHER THE MARKET PRICE OF THE EQUITY SHARES ON LISTING OR THE BUSINESS PROSPECTS OF FARM PEACE LIMITED.**

**Farm Peace Limited** has filed the Prospectus with the ROC on August 25, 2026, and thereafter with SEBI and the Stock Exchange. The Prospectus is available on the website of BSE Limited at http://www.bseindia.com/, on the website of the Company at www.farmpeace.in and on the website of the LM, at https://socradamus.in/. Any potential Investors should note that investment in Equity Shares involves a high degree of risk and for details relating to the same, please see *"Risk Factors"* beginning on page 21 of the Prospectus.

This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares have not been, and will not be, registered under the U.S. Securities Act of 1933, as amended (**"U.S. Securities Act"**) and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are only being offered and sold outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where those offers and sales occur. There will be no offering of securities in the United States.

AdBaaz

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2082, શ્રાવણ વદ -12

# નેપાળ પછી હવે સિક્કિમના ગ્લેશિયર સરોવરો જોખમી બની શકે છે!

નેપાળમાં ૨૬ ઓગસ્ટે આવેલા વિનાશક પૂર બાદ ૧,૦૦૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને હજારો લોકો હજી પણ ગુમ છે, તેમની કોઈ ભાળ મળી નથી. આ દુર્ઘટનાએ હિમાલય ક્ષેત્ર સહિત સિક્કિમમાં પણ ચિંતા વધારી દીધી છે, જ્યાં ઊંચા પર્વતીય વિસ્તારોમાં અનેક ગ્લેશિયર સરોવરો આવેલાં છે. સિક્કિમમાં નાના-મોટા થઈને ૪૦૦ જેટલાં ગ્લેશિયર સરોવરો છે. તેમાંથી ૧૬ સરોવરોને અતિ સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા હોવાના અહેવાલ છે. જાણકારોના મતે સંવેદનશીલ સરોવરોમાંથી ૧૩ ઉત્તર સિક્કિમમાં અને ત્રણ પશ્ચિમ સિક્કિમમાં આવેલાં છે. આ પૂર્વોત્તર રાજ્ય અત્યારે હાઈએલર્ટ પર છે. આ સરોવરોમાં તમામ પ્રકારની હિલચાલ પર નજર રાખવા માટે સ્ટેટ સેન્સર્સ, ઓટોમેટેડ વેધર સ્ટેશન્સ અને અર્લી-વોર્નિંગ સિસ્ટમ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

જાણકારોના મતે પીગળતા ગ્લેશિયર્સ દ્વારા રચાયેલા ખાડાઓમાં જ્યારે પાણી જમા થાય છે ત્યારે ગ્લેશિયર સરોવરો બને છે. આ પાણી બરફ, પથ્થરો અથવા કાંપથી બનેલા કુદરતી બંધ એટલે કે મોરેઈન દ્વારા અટકેલા હોય છે. આ કુદરતી પાળાઓ સંપૂર્ણપણે મજબૂત કે સ્થિર હોતા નથી. હિમપ્રપાત, ભૂસ્ખલન, ભૂકંપ અથવા બરફ અને ખડકોની અચાનક હિલચાલ આ સરોવરને અસ્થિર કરી શકે છે. જો આ કુદરતી દીવાલ તૂટી જાય, તો વિશાળ માત્રામાં પાણી તળેટી તરફ ધસી આવે છે, જેને 'ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ' એટલે કે જીએલઓએફ કહેવામાં આવે છે. આવા પૂરમાં કાદવ, પથ્થરો, ઝાડ અને અન્ય કાટમાળ વહી આવે છે, જે નીચાણવાળા વિસ્તારોની વસાહતો અને માળખાગત સુવિધાઓ માટે ભારે વિનાશક સાબિત થાય છે. નેપાળની તાજેતરની આપત્તિ દર્શાવે છે કે કેવી રીતે ગ્લેશિયર સંબંધિત ઘટના ઝડપથી વિનાશક પૂરમાં ફેરવાઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, સિક્કિમ રાજ્યના કેટલાક ઈમર્જન્સી સેવાના અધિકારીઓ અને અન્ય હવામાનના જાણકારોનું માનવું છે કે, તાજેતરની નેપાળની ઘટનાઓ ૨૦૨૩માં સિક્કિમમાં બનેલી ઘટના સાથે ઘણી સામ્યતા ધરાવે છે. તેમના મતે નેપાળમાં એક વિશાળ ગ્લેશિયર તૂટી પડ્યું, નદીનો પ્રવાહ રોકાયો અને બાદમાં પૂર આવ્યું. તેણે સમગ્ર વિસ્તારોને ધમરોળી કાઢ્યો. જાણકારોના મતે ત્રણ વર્ષ પહેલાં આવું જ કંઈક સિક્કિમમાં પણ બન્યું હતું. સિક્કિમ અગાઉ જીવલેણ જીએલઓએફનો સામનો કરી ચૂક્યું છે

ઓક્ટોબર ૨૦૨૩માં સિક્કિમનું દક્ષિણ લ્હોનક સરોવર ફાટ્યું હતું, જેના કારણે તિસ્તા નદીના પટમાં ભયાનક પૂર આવ્યું હતું. આ હોનારતમાં ડઝનબંધ લોકો માર્યા ગયા હતા અને મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થયું હતું. ગ્લેશિયરનો એક ભાગ સરોવરમાં તૂટી પડ્યો હતો, જેના કારણે મોટા પ્રમાણમાં પાણી બહાર ધકેલાઈ ગયું હતું. દક્ષિણ લ્હોનક ખાતે, ગ્લેશિયરનો એક ભાગ સરોવરમાં પડ્યો અને વિશાળ પાળ તૂટી ગઈ જેણે પાણીના મોટા જથ્થાને જવાનો રસ્તો આપી દીધો. આ વિશાળ જળજથ્થાને કારણે પૂર આવ્યું હતું. આ હોનારત સિક્કિમની આપત્તિ સજ્જતા માટે એક ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ. દક્ષિણ લ્હોનકની ઘટના પછી આવેલા ઓક્ટોબરના પૂર બાદ, સ્થાનિક તંત્રને આ વિષયનો વિગતવાર અભ્યાસ કરવાની ફરજ પડી. આવી પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરવો તે અંગે સ્થાનિક તંત્રએ તેની ક્ષમતા વિકસાવી છે. તે અનુભવ હવે સંવેદનશીલ સરોવરો અંગે રાજ્યના અભિગમને માર્ગદર્શન આપી રહ્યો છે.

ખાસ વાત એ છે કે, નેપાળની ઘટના બાદ ફરી એક વખત સિક્કિમના વિવિધ ગ્લેશિયર્સનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેના દ્વારા સિક્કિમના સંભવિત જોખમોનું ચિત્ર વધુ સ્પષ્ટ થયું હતું. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ સિક્કિમમાં ૪૦ ઉચ્ચ-જોખમ ધરાવતાં ગ્લેશિયર સરોવરોની ઓળખ કરી છે. તેમાંથી ૧૬નું વર્ગીકરણ કરવામાં આવ્યું છે, જ્યારે ૧૩ હજુ અવર્ગીકૃત છે.

વર્ગીકૃત કરાયેલા સરોવરોમાંથી સાતને 'અતિ ઉચ્ચ જોખમ' ધરાવતાં ગણવામાં આવ્યા છે. પ્રાથમિકતા ધરાવતાં ૧૬ સંવેદનશીલ સરોવરોમાંથી ૧૩નું વિગતવાર વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરવામાં આવ્યું છે, જેમાંથી મોટાભાગના ૧૭,૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલાં છે. હાલમાં પણ આ સરોવરની ઊંડાઈ, પાણીનું કદ, પાણી રોકી રાખતા મોરેઈનની સ્થિરતા, તેમજ હિમપ્રપાત અને ભૂસ્ખલનથી થતા જોખમો સહિતના અનેક પરિબળોની તપાસ કરવામાં આવી રહી છે.

## સંખેડામાં ઝારોલા લાયન્સ હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક નેત્રયજ્ઞ કેમ્પ યોજાયો

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડામાં સ્વ. વિનોદ બાળા મોહનલાલ ઝારોલા લાયન્સ હોસ્પિટલ દ્વારા એક નિઃશુલ્ક નેત્રયજ્ઞ કેમ્પનું આયોજન કરાયું હતું. સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર આ હોસ્પિટલે માનવતાવાદી પહેલ કરી છે.આ કેમ્પ હોસ્પિટલ પરિસરમાં જ યોજાયો હતો.



તેમાં આંખના મોતિયાના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી.તપાસ પછી, જરૂરિયાતમંદ દર્દીઓના નિષ્ણાત ડોકટરો દ્વારા નેત્રમણી (લેન્સ) સાથેના ઓપરેશન તદ્દન વિનામૂલ્યે કરવામાં આવશે. આ તમામ ઓપરેશન સંખેડાની ઝારોલા લાયન્સ હોસ્પિટલમાં જ થશે.હોસ્પિટલના ટ્રસ્ટીઓએ ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને આ સુવર્ણ તકનો લાભ લેવા અપીલ કરી છે.

## મહીસાગર જિલ્લાના ૧૨૪ શાહુકારોને ઓડિટ રિપોર્ટ રજૂ ન કરવા બદલ કાયદાકીય કાર્યવાહી અર્થે નોટિસ ફટકારાઈ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

શાહુકારોના નિબંધક અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, મહીસાગર દ્વારા જિલ્લામાં નોંધાયેલા શાહુકારો પૈકી ૧૨૪ શાહુકારોને કાયદાકીય કાર્યવાહી અર્થે નોટિસ ફાળવવામાં આવી છે. આ નોટિસ ઓડિટ પૂર્ણ કરાવી સત્વરે ઓડિટ રિપોર્ટ ઓનલાઈન રજૂ કરવાના આદેશ સાથે આપવામાં આવી છે.ગુજરાત નાણાં ધીરધાર કરનારા બાબત અધિનિયમ-૨૦૧૧ અન્વયે તા. ૩૧/૦૩/૨૦૨૬ અંતિત સુધીનું ઓડિટ સત્વરે પૂર્ણ કરાવી, તેનો ઓડિટ રિપોર્ટ 'ઈ-કો-ઓપરેટીવ' (e-Co-operative) પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવા સૂચના આપવામાં આવી છે. જો શાહુકારો દ્વારા સત્વરે ઓડિટ પૂર્ણ કરાવીને રિપોર્ટ ઓનલાઈન અપલોડ કરવામાં નહીં આવે, તો અધિનિયમ-૨૦૧૧ ની જોગવાઈઓ મુજબ તેમની સામે ઘટતી કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.વધુમાં જણાવાયું છે કે, નિયમાનુસાર જે શાહુકારનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૫૦ લાખથી વધુ હોય તેઓએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (C.A.) પાસે અને રૂપિયા ૫૦ લાખથી ઓછું ટર્નઓવર ધરાવતા શાહુકારોએ વૈધાનિક ઓડીટર પાસે ફરજિયાત ઓડિટ કરાવવાનું રહેશે.




રિપોર્ટર. કમલેશ પટેલ.| સંખેડા

શ્રાવણ મહિનાના અંતિમ સોમવારે પંચેશ્વર મહાદેવ મંદિરે સાંજે 6 વાગ્યે ભજન સંધ્યા કાર્યક્રમ યોજાયો.આ કાર્યક્રમમાં ભજન કલાકાર હર્ષદાન ગઢવી અને લોક સાહિત્ય કલાકાર અભિજિતસિંહ ધુમ્મડનું વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.વિશ્વ હિન્દુ પરિષદે કલાકારોને ધાર્મિક ભજનો અને હિન્દુ સંસ્કૃતિને આગળ વધારવા પ્રોત્સાહન આપ્યું. પરિષદે જણાવ્યું કે તેઓ હંમેશા કલાકારોની સાથે છે.

## ૭૦૦ વર્ષ જૂના પ્રાચીન શ્રી કંથેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણી અમાસે ભવ્ય ભસ્મ આરતી અને સંતવાણી યોજાશે

મહેશ એલ. સોની નખત્રાણા

નખત્રાણા તાલુકાના સાંયરા (યક્ષ) નજીક આવેલા ૭૦૦ વર્ષ જૂના પ્રાચીન અને અતિ પૌરાણિક શ્રી કંથેશ્વર મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસની શ્રાવણી અમાસ નિમિત્તે તા. ૧૧-૦૯-૨૦૨૬, શુક્રવારના રોજ ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.કંથેશ્વર જાગીરના ગાદીપતિ શ્રી વૈભવગીરીજી બાપુ તથા ગુરુજી શ્રી વસંતગીરીજી મહારાજના આશીર્વાદ હેઠળ આ પ્રાચીન શિવાલયમાં સાંજે ૭.૦૦ કલાકે અતિથિ વિશેષ અને મહાનુભાવોના હસ્તે દિવ્ય ભસ્મ આરતી અને ભવ્ય મહાઆરતી યોજાશે, ત્યારબાદ રાત્રે ૮.૩૦ કલાકથી ભવ્ય સંતવાણી ભજન ડાયરો શરૂ થશે. આ પ્રાચીન શિવાલય અનેક શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે અને શ્રાવણી અમાસના દિવસે અહીં દર્શનનું અનેરું મહત્વ છે.ખ્યાતનામ



કલાકારોની સંતવાણીમાં ભજનિકો ચિરાગગીરી ગોસ્વામી, પાર્થવીગીરી ગોસ્વામી, માયાગીરી ગોસ્વામી અને મહેશભાઈ પંડ્યા ભક્તિમય વાણી રજૂ કરશે, જેમાં બેન્જો પર બાદલ ગજ્જર, તબલા પર મૌલિક દરજી અને રૂદ્ર દરજી તથા મંજીરા પર હંસરાજભાઈ સંગાથ આપશે. સંગીતમય મહાઆરતી માં સિંગર કિશન પંડ્યા, મિતલ પંડ્યા સાથે કીબોર્ડ પર નક્ષ ગોસ્વામી, ઢોલ પર જય દરજી, રોટો પર રૂપેશ દરજી અને પેડ પર વિકાસ દરજી સંગાથ આપશે. સાઉન્ડ સર્વિસ H.B સાઉન્ડ, નલિયા વાળા આપશે.આ ૭૦૦ વર્ષ જૂના પ્રાચીન શિવાલયના દિવ્ય દર્શન અને આરતીનો લાભ લેવા તમામ શિવભક્તોને શ્રી કંથેશ્વર મહાદેવ મંદિર તેમજ શિવભક્ત મંડળ, સાંયરા દ્વારા સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ગુજરાતમાં સારા વરસાદ માટે બહાદરપુરમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમ

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

બહાદરપુરના શ્રી રામેશ્વર મહાદેવ મંદિરમાં ગુજરાતમાં સારા વરસાદ માટે ખાસ ધાર્મિક કાર્યક્રમ કરાયો. ઓરસંગ નદી કિનારે આવેલા આ મંદિરમાં ખેડૂતોને રાહત મળે અને પશુ-પક્ષી સહિત બધા જીવોનું ભલું થાય તેવી પ્રાર્થના કરવામાં આવી. આ કાર્યક્રમ 6 સપ્ટેમ્બર 2026ના રોજ યોજાયો હતો.કાર્યક્રમમાં પર્જન્ય સૂક્તના પાઠ, રુદ્રાભિષેક અને મહાપૂજા કરાઈ. શિવપિંડીને પાણીમાં ડુબાડવાની પરંપરાગત વિધિ પણ કરવામાં આવી. ભક્તોએ શ્રદ્ધાથી ભગવાન રામેશ્વર મહાદેવને જળ ચડાવી સારા વરસાદ માટે દુઆ માંગી.આ કાર્યક્રમમાં નાના બાળકો, યુવાનો, મહિલાઓ અને 70થી 80 વર્ષના વડીલો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. બધાએ ઉત્સાહથી ભાગ લીધો. બાળકોએ પણ ધાર્મિક માહોલનો આનંદ લીધો અને સૌએ સાથે મળીને સારા વરસાદ માટે દિલથી પ્રાર્થના




કરી.આ આયોજનમાં મંદિરના મુખ્ય કાર્યકર્તા મિથિલેશભાઈ ટેલર, હરિઓમભાઈ પંડિત, પૂજારી રમેશભાઈ, લાલજી મહારાજ, જયેશભાઈ, સૂર્યાભાઈ, અલ્પેશભાઈ અને નરેશ પ્રજાપતિએ સહયોગ આપ્યો. ગામના આગેવાનો, શિવભક્તો અને ગ્રામજનો પણ આમાં જોડાયા હતા. પ્રાર્થના અને પૂજા દરમિયાન એક દ્રશ્ય બધાનું ધ્યાન ખેંચ્યું. શિવલિંગ પર એક દેડકો બેઠેલો જોવા મળ્યો. ભક્તોમાં આ દ્રશ્ય ચર્ચાનો વિષય બન્યું. ગ્રામજનોએ તેને શ્રદ્ધા અને કુદરતનો સુંદર સંયોગ ગણાવ્યો.આ આખો કાર્યક્રમ કોઈ વ્યક્તિગત હેતુ માટે નહોતો. તે સમગ્ર ગુજરાતના લોકો, ખેડૂતો, પશુ-પક્ષીઓ અને બધા જીવોના ભલા માટેની સામૂહિક પ્રાર્થના હતી. ગ્રામજનોની એક જ પ્રાર્થના છે કે ભગવાન રામેશ્વર મહાદેવની કૃપાથી સારો અને સમયસર વરસાદ વરસે. જેથી તરસેલી ધરતી ફરી હરિયાળી બને.

## ભાવનગર-સોમનાથ હાઈવે પર કાર પલટી, ચાર વ્યક્તિઓ ઈજાગ્રસ્ત : અકસ્મતમાં એક વ્યક્તિને ગંભીર ઈજા, વધુ સારવાર માટે ભાવનગર ખસેડાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા ભાવનગર સોમનાથ હાઈવે પર એક ગંભીર અકસ્માત સર્જાતા અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. સોમનાથથી ભાવનગર તરફ જઈ રહેલી ફોર-વ્હીલ કાર અચાનક પલટી મારી જતા અકસ્માત સર્જાયો હતો.અકસ્મતમાં કારમાં સવાર ચાર વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં પોલીસ, ૧૦૮ એમ્બ્યુલન્સ તેમજ હાઈવેની એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે રાજુલા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.અકસ્મતમાં ઈજાગ્રસ્તોમાં એક વ્યક્તિને ગંભીર ઈજા થતાં વધુ સારવાર માટે



ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ અકસ્માતમાં ઈજાગ્રસ્ત ચારેય વ્યક્તિઓ ભાવનગરના હોવાનું જાણવા મળ્યું છે. ઈજાગ્રસ્ત લોકો માં ભરતભાઈ ભોળાભાઈ ઉંમર ૨૦ વર્ષ, ભરતભાઈ ભોળાભાઈ, ઉંમર ૩૦ વર્ષ, મેહુલભાઈ ગોવિંદભાઈ, ઉંમર ૨૯ વર્ષ, દીપકભાઈ દામજીભાઈ પરમાર, ઉંમર ૩૬ વર્ષ, ઘનશ્યામભાઈ જીવનભાઈ ગોહિલ, ઉંમર ૪૨ વર્ષ અકસ્મત ને પગલે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી અને ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. હાથ ધરવામાં આવી છે.

## અમરેલી વડીયા અમરનગર રોડ પર કાર ટ્રક પાછળ ઘૂસી, પરિવારના ચાર સભ્યો ગંભીર ઈજાગ્રસ્ત

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સદગુરુ નગર અને કોર્ટ નજીક ટ્રક અને ફોરવ્હીલ કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પ્રાથમિક માહિતી મુજબ કાર ચાલકનું બેલેન્સ ગુમાવતા રસ્તાની સાઈડમાં ઉભેલા ટ્રક પાછળ કાર ઘૂસી ગઈ હતી.અકસ્મતમાં ફોરવ્હીલ કારમાં સવાર પતિ-પત્ની અને તેમના બે બાળકોને ઈજા પહોંચી હતી. જેમાં માધુરીબેન યોગેશભાઈ વઘાસિયાને હાથમાં ફ્રેક્ચર થયું હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે બંને બાળકો ક્રિશિવ અને ખનકને સામાન્ય ઈજાઓ થઈ હતી. કારમાં યોગેશભાઈ વઘાસિયા પણ સવાર



હતા.પ્રાથમિક તારણ મુજબ પિતા-પુત્ર વચ્ચેની કોઈ ચર્ચા દરમિયાન કારનું બેલેન્સ ગુમાવતાં આ અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત બાદ સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને મદદ કરી હતી.૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે વડીયા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નથી, પરંતુ કારને મસમોટું નુકસાન થયું છે. ઘટનાને પગલે સ્થાનિક લોકો માં દોડધામ મચી ગઈ હતી.

## ભેંસકાત્રી ખાતે એથર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા નિઃશુલ્ક મહા આરોગ્ય શિબિરનું ભવ્ય આયોજન

ડાંગ | સામાજિક ઉત્તરદાયિત્વ અને 'એક પગલું શિક્ષણ તરફ' તથા જનસેવાના સુંદર સંકલ્પ સાથે એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, સુરત દ્વારા ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં આવેલા ભેંસકાત્રી ગામની આશ્રમ શાળા ખાતે એક બૃહદ 'નિઃશુલ્ક આરોગ્ય શિબિર' (મેડિકલ કેમ્પ)નું આયોજન કરવામાં આવ્યું છે.આ આરોગ્ય શિબિરની તારીખ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬, બુધવારના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી યોજાશે, જેમાં ગ્રામીણ અને આજુબાજુના વિસ્તારના નાગરિકોને વિનામૂલ્યે વિવિધ તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવશે. આ શિબિરમાં અનુભવી અને નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા દર્દીઓની સર્વગ્રાહી તપાસ કરવામાં આવશે. જેમાં મુખ્યત્વે જનરલ ફિઝિશિયન, ત્વચારોગ નિષ્ણાત (સ્કિન સ્પેશિયાલિસ્ટ), અસ્થિરોગ નિષ્ણાત (ઓર્થોપેડિક), દંત ચિકિત્સક (ડેન્ટિસ્ટ) તેમજ ઓપ્ટોમેટ્રિસ્ટ (આંખના નિષ્ણાત) ઉપસ્થિત રહીને દર્દીઓને નિઃશુલ્ક ડોક્ટરી સલાહ અને તબીબી તપાસ સેવાઓ આપશે. કેમ્પ દરમિયાન ઉપસ્થિત તમામ જરૂરિયાતમંદ લાભાર્થીઓને તપાસ બાદ વિનામૂલ્યે જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવશે.આ ઉપરાંત શિબિરમાં અત્યાધુનિક નિદાન સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવાઈ છે, જેમાં દાંત અને આંખની વિશિષ્ટ તપાસ, હૃદયની તપાસ માટે ECG, તેમજ લોહીની વિવિધ તપાસ જેવી કે બ્લડ સુગર, હિમોગ્લોબિન અને સિકલ સેલ રોગ (Sickle Cell) માટેની મફત લેબોરેટરી તપાસ કરી આપવામાં આવશે. વિશેષરૂપે, આંખની તપાસ દરમિયાન જે લાભાર્થીઓને દ્રષ્ટિની ખામી જણાશે અને ચશ્માની જરૂરિયાત રહેશે, તેમને સ્થળ પર જ વિનામૂલ્યે ચશ્મા પણ એનાયત કરવામાં આવશે. સાથે જ મહિલા સ્વાસ્થ્ય અને સ્વચ્છતાની જાગરૂકતાને ધ્યાને રાખીને તમામ મહિલા લાભાર્થીઓને વિનામૂલ્યે સેનિટરી પેડ્સનું વિતરણ પણ કરવામાં આવશે. એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, સુરત દ્વારા આયોજિત આ સ્વાસ્થ્ય શિબિરમાં ભેંસકાત્રી તથા આસપાસના ગ્રામીણ વિસ્તારના તમામ નાગરિકો, આશ્રમ શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહી આ નિઃશુલ્ક તબીબી સેવાનો મહત્તમ લાભ લેવા માટે એથર ઈન્ડસ્ટ્રીઝનાં દિપકભાઈ મહેતા દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## રાજુલા ખાતે પાંચાળી આહીર સમાજ ગ્રુપ દ્વારા શ્રી કૃષ્ણ જન્મોત્સવ અને રાસ ગરબાનું ભવ્ય આયોજન સંપન્ન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ઈષ્ટદેવશ્રી મુરલીધર ભગવાનની અસીમ કૃપાથી રાજુલા સ્થિત વાવેરા રોડ પર આવેલી આહીર સમાજની વાડી ખાતે પાંચાળી આહીર સમાજ ગ્રુપ દ્વારા શ્રી કૃષ્ણ જન્મોત્સવ, મટકી ફોડ ઉત્સવ તેમજ રાસ ગરબાના ભવ્ય કાર્યક્રમનું સુંદર અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવમાં સમાજના ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા. પારંપરિક પહેરવેશમાં સજ્જ થઈને આવેલી બહેનો માટે રાસ ગરબાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિજેતાઓ અને ભાગ લેનાર બહેનોને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.



કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ ધર્મપ્રેમી જનતા માટે અલ્પઆહારની પણ સુંદર વ્યવસ્થા રાખવામાં આવી હતી તેમજ મહેમાનના સ્વાગત સાથે નાની બાળો દ્વારા કૃતિઓ પણ રજૂ કરવામાં આવી. પાંચાળી આહીર સમાજ ગ્રુપના આયોજકો મનુભાઈ કાતરીયા, લાલજીભાઈ જીંજાળા, બળવંતભાઈ મકવાણા તેમજ સમગ્ર ટીમની મહેનતથી આ સમગ્ર આયોજન ખૂબ જ શિસ્તબદ્ધ અને યાદગાર બની રહ્યું હતું. સમાજના અગ્રણીઓએ આ સફળ આયોજન બદલ સમગ્ર ટીમ અને ઉપસ્થિત સૌ ધર્મપ્રેમીજનોનો આભાર વ્યક્ત કર્યો હતો અને હજી પણ આગળના કાર્યક્રમો સમાજને ઉપયોગી લગતા કાર્યક્રમો થાય તેવી યાદીમાં આયોજક લાલજીભાઈ જીંજાળા જણાવેલ છે.

## પાલનપુર ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકરની ઉપસ્થિતિમાં મડાણા ખાતે કબડ્ડી અને ખો - ખો સ્પર્ધાનો પ્રારંભ કરાયો

માહિતી બ્યુરો, પાલનપુર | એન્યુઅલ આર્મ્ડ યુનિટ આંતરજૂથ કબડ્ડી ક્લસ્ટર સ્પર્ધા-૨૦૨૬ અંતર્ગત રાજ્ય અનામત પોલીસ દળ, જૂથ-૩, મડાણા ખાતે કબડ્ડી અને ખો-ખો સ્પર્ધાની ભવ્ય ઓપનિંગ સેરેમની યોજાઈ હતી. પાલનપુર ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકરની વિશેષ ઉપસ્થિતિમાં આ સ્પર્ધાઓને ખુલ્લી મૂકાઈ હતી. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકરે જણાવ્યું હતું કે, રમતગમત દ્વારા પોલીસ દળમાં શારીરિક તંદુરસ્તી, ટીમ સ્પિરિટ અને પરસ્પર સહકારની ભાવના વધે છે. આંતરજૂથ કબડ્ડી ક્લસ્ટર સ્પર્ધાને કારણે આજે સમગ્ર રાજ્યના દરેક એસ.આર.પી. જૂથની ટીમ એકત્રિત થઈ છે, જેમાં વડોદરાથી કેવડિયા કોલોની અને ભચાઉ સુધીની ટીમ્સ જોડાઈને ખેલદીલીની ભાવના અને જુસ્સા સાથે રમત રમી ગુજરાત રાજ્યના પોલીસ દળની એકતા દર્શાવે છે.આ ઉદ્‌ઘાટન સમારોહમાં પોલીસ બેન્ડની સુમધુર સુરાવલી સાથે ભાગ લેનાર ૧૪ કબડ્ડી ટીમ અને ૦૮ ખો-ખો ટીમ એમ કુલ ૨૨ એસ.આર.પી. ટીમો દ્વારા શિસ્તબદ્ધ રીતે ફ્લેગ માર્ચ પાસ્ટ કરીને કાર્યક્રમને ભવ્યતા બક્ષવામાં



આવી હતી, જેનાથી ઉપસ્થિત મહેમાનો, દર્શકગણ અને શાળાના બાળકોમાં ઉત્સાહ અને રમતભાવનાનો માહોલ છવાઈ ગયો હતો.સ્પર્ધાની પ્રથમ લીગ મેચ યજમાન ટીમ મડાણા અને મહેમાન ટીમ વડોદરા વચ્ચે યોજાઈ હતી, જેમાં ટીમ મડાણાનો વિજય થયો હતો, જ્યારે બીજી મેચ ટીમ ગોધરા અને ટીમ કલગામ વચ્ચે રસપ્રદ રીતે રમાઈ હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રી તથા અન્ય મહેમાનશ્રીઓએ ઉત્સાહપૂર્વક જીવંત મેચ નિહાળી રમતવીરોને પ્રોત્સાહિત કર્યા હતા. ઓપનિંગ સેરેમનીનો આ ભવ્ય કાર્યક્રમ જૂથ-૦૩ મડાણાના ઈન્ચાર્જ સેનાપતિશ્રી આર.એલ. ડાંખરા તથા મેનેજમેન્ટ ટીમના સુસંગત આયોજન અને સંકલનથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.આ કાર્યક્રમમાં ડીસા નગરપાલિકા પ્રમુખશ્રી કૌશિક સાધુ તથા બી.એસ.એફ. બટાલિયન-૨૧ (દાંતીવાડા) ના ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી એસ.એચ. વેદપાલ સહિતના વિવિધ અધિકારીશ્રીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા તેમ શ્રી નિખિલ પરમાર પોલીસ વાયરલેસ ઈન્સ્પેક્ટરશ્રી રા.અ.પો.દળ, જૂથ-૩, મડાણા દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## કોઠંબા તાલુકાના મહેસૂલી તલાટીઓ માટે હાજરીનું નવું સમયપત્રક જાહેર: મામલતદારે નક્કી કર્યા દિવસો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના કોઠંબા તાલુકામાં વહીવટી કાર્યક્ષમતા વધારવા અને નાગરિકોને મહેસૂલી સેવાઓ વધુ સુગમતાથી મળી રહે તે હેતુથી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ દ્વારા મહેસૂલી તલાટીઓની કાર્યવહેંચણી અંગેનો મહત્વનો આદેશ જારી કરવામાં આવ્યો છે. સરકારના મહેસૂલ વિભાગના વિવિધ ઠરાવો અને કલેક્ટર કચેરીના માર્ગદર્શન હેઠળ લેવાયેલા આ નિર્ણય મુજબ, તાલુકાના તમામ ૧૫ મહેસૂલી તલાટીઓને ચોક્કસ સેજા (મહેસૂલી વર્તુળ) ફાળવી દેવામાં આવ્યા છે. આ નવી વ્યવસ્થાથી ગ્રામ્ય સ્તરે મહેસૂલી કામગીરીમાં પારદર્શિતા આવશે અને અરજદારોને પોતાના કામ માટે તલાટીઓની ઉપલબ્ધતા અંગે સ્પષ્ટ જાણકારી મળી રહેશે.નવા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર, મહેસૂલી તલાટીઓએ અઠવાડિયાના નિર્ધારિત દિવસોમાં જ નિશ્ચિત સ્થળોએ હાજર રહેવાનું રહેશે. આદેશ મુજબ, દરેક મહેસૂલી તલાટીએ દર મંગળવાર અને બુધવારે ફરજિયાતપણે પોતાના ફાળવવામાં આવેલા સેજાના મુખ્ય મથક ખાતે હાજર રહી ગ્રામજનોના મહેસૂલી પ્રશ્નોનું નિરાકરણ કરવાનું રહેશે. અઠવાડિયાના અંતિમ દિવસો એટલે કે શુક્રવાર અને શનિવારને ક્ષેત્રીય કામગીરી માટે અનામત રાખવામાં આવ્યા છે, જે દરમિયાન તલાટીઓએ ગામના સીમાડાની તપાસ, પંચનામા અને અન્ય ફિલ્ડ વર્કની કામગીરી કરવાની રહેશે. આ ઉપરાંત, વહીવટી સંકલન અને કચેરીના કામકાજ માટે દરેક સોમવાર અને ગુરુવારે તમામ મહેસૂલી તલાટીઓએ કોઠંબા મામલતદાર કચેરી ખાતે પોતાની હાજરી નોંધાવવાની રહેશે.તાલુકાના વિવિધ વિસ્તારો જેવા કે લાડવેલ, કોચીયા, કોઠંબા પાલ્લા, થાણાસાવલી, કંતાર, હાથીવન, ધામણીયા, રાબડીયા, નવી શિંગલી, માબલીયા અને જેથરીબોર સહિતના સેજાઓમાં મહેસૂલી તલાટીઓની નિમણૂક કરવામાં આવી છે. આ વ્યવસ્થામાં કેટલાક તલાટીઓને વધારાના હવાલા પણ સોંપવામાં આવ્યા છે જેથી કોઈ પણ વિસ્તારમાં વહીવટી કામગીરી અટકે નહીં. મામલતદાર કચેરી દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ આદેશનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે અને સંબંધિત કર્મચારીઓએ પોતાની ફરજના સ્થળે નિયત સમયપત્રક મુજબ હાજર રહી નાગરિકોની સેવા કરવાની રહેશે.વહીવટી તંત્ર દ્વારા આ નવી વ્યવસ્થાના અમલીકરણ માટે તાલુકા વિકાસ અધિકારીને પણ જાણ કરવામાં આવી છે. જે મુજબ, દરેક ગ્રામ પંચાયત કક્ષાએ મહેસૂલી તલાટીઓ માટે યોગ્ય બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા સૂચના આપવામાં આવી છે જેથી નિર્ધારિત દિવસોમાં તલાટીઓ ગ્રામ્ય સ્તરે સુચારુ રૂપે કામગીરી કરી શકે. સરકારની આ જોગવાઈનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય જનતાને મહેસૂલી કામો માટે તાલુકા મથકે ધક્કા ખાવા ન પડે અને સ્થાનિક સ્તરે જ તેમના પ્રશ્નો ઉકેલાય તે સુનિશ્ચિત કરવાનો છે.

### લીમખેડામાં દબાણ હટાવવાની કામગીરીને ગ્રામજનોનું સમર્થન

## 12 મીટરની જગ્યાએ હાલ 9 મીટર સુધી દબાણ દૂર કરવા રજૂઆત, ભવિષ્યમાં જરૂર પડે તો 12 મીટર સ્વેચ્છાએ ખાલી કરવાની ગ્રામજનોએ આપી બાંહેધરી

દિપક રાવલ દાહોદ | લીમખેડા

દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડસાઈડના દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવતા ગ્રામજનો અને વેપારીઓ દ્વારા તેનું સમર્થન કરવામાં આવ્યું છે. જોકે, હાલ રોડના મધ્યબિંદુથી 12 મીટરની જગ્યાએ 9 મીટર સુધીનું દબાણ દૂર કરવામાં આવે તેવી રજૂઆત ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે.આ અંગે 07/09/2026ના રોજ લીમખેડા ગ્રામ પંચાયત કચેરી ખાતે નગરજનો, વેપારીઓ અને માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર વચ્ચે બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન ગ્રામજનોએ જણાવ્યું હતું કે, નગરમાં હાલ 12 મીટરની માર્કિંગ કરીને રોડસાઈડના દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેના પગલે કેટલાક સ્થાનિક નાગરિકો અને વેપારીઓ દ્વારા હાલ પૂરતા 9 મીટરની મર્યાદામાં દબાણ દૂર કરવાની રજૂઆત કરવામાં આવી હતી.ગ્રામજનોએ પોતાની રજૂઆતમાં એવી પણ ખાતરી આપી છે કે, ભવિષ્યમાં માર્ગ અને મકાન વિભાગને રોડના વિકાસ અથવા વિસ્તરણ માટે 12 મીટર જગ્યાની જરૂરિયાત ઊભી થાય તો તેઓ



સ્વેચ્છાએ દબાણ દૂર કરી જગ્યા ખાલી કરશે. આ અંગે ગ્રામજનો દ્વારા માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત ખાતરી અને સામૂહિક બાંહેધરીપત્ર આપવામાં આવ્યું છે.સાથે જ ગ્રામજનોએ હાલ નગરમાં ટ્રાફિકને અડચણરૂપ બનતા દબાણો દૂર કરવાની માંગ કરી છે. નગરના મુખ્ય માર્ગો પર અવરજવરમાં અડચણ ઊભી કરતા દબાણો દૂર થાય તો વાહનચાલકો અને રાહદારીઓને સરળતા રહે તેવી રજૂઆત કરવામાં આવી હતી.બીજી તરફ, માર્ગ અને મકાન વિભાગ, મામલતદાર કચેરી, તાલુકા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારી અને ડીવાયએસપીની ઉપસ્થિતિમાં લીમખેડા નગરમાં દબાણ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી આ કામગીરીને ગ્રામજનોએ સમર્થન આપ્યું છે, સાથે જ હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને 9 મીટરની મર્યાદા અંગે તંત્ર સમક્ષ રજૂઆત કરી છે.ગ્રામજનો દ્વારા આપવામાં આવેલા બાંહેધરીપત્રની નકલ તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર, માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર, પ્રાંત અધિકારી તેમજ દાહોદ જિલ્લા કલેક્ટરને જાણ અને જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી છે.

## મૂર્તિ ખંડિત મામલે શાંતિ જાળવવા ખ્રિસ્તી સમાજના આગેવાનો મેદાને

### ડાંગ જિલ્લાનાં રાજકીય-સામાજિક આગેવાનોએ કલેક્ટરને આવેદન આપી નિષ્પક્ષ તપાસની માંગ કરી

ડાંગ | ડાંગ જિલ્લાના ગારખડી ગામ નજીક સીતાવન ખાતે ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવાની ઘટનાને પગલે ઊભા થયેલા વિવાદ વચ્ચે જિલ્લામાં શાંતિ,સલામતી અને સામાજિક ભાઈચારો જળવાઈ રહે તે માટે ખ્રિસ્તી સમાજના આગેવાનો તેમજ વિવિધ રાજકીય અને સામાજિક



સંગઠનોના આગેવાનો આગળ આવ્યા છે. આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સમગ્ર મામલે નિષ્પક્ષ અને કાયદેસરની તપાસ કરવાની સાથે શાંતિપૂર્ણ વાતાવરણ જાળવવા અપીલ કરી છે.ડાંગ જિલ્લાના પૂર્વપટ્ટી વિસ્તારમાં આવેલા સીતાવન ખાતે અજાણ્યા ઈસમ દ્વારા ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવામાં આવી હોવાની ઘટના સામે આવ્યા બાદ હિન્દૂ સમાજ દ્વારા આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે. બીજી તરફ, પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે.આ દરમિયાન બીટીટીએસ પાર્ટીના પ્રમુખ, બીએસપીના પ્રમુખ સહિતના રાજકીય અને સામાજિક આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડનારી ઘટનાની નિંદા કરી હતી. સાથે જ, હિન્દૂ સાધ્વી યશોદા દીદી દ્વારા કથિત રીતે કરવામાં આવેલા ભડકાઉ ભાષણ અંગે પણ યોગ્ય તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.આગેવાનોએ જણાવ્યું હતું કે ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવાની ઘટના દુઃખદ અને નિંદનીય છે. પોલીસ તપાસમાં જે કોઈ વ્યક્તિ આરોપી સાબિત થાય તેની સામે કાયદા મુજબ કાર્યવાહી થવી જોઈએ. જોકે, તપાસ પૂર્ણ થાય તે પહેલાં કોઈ ચોક્કસ સમાજ કે ધાર્મિક સંગઠન સામે આક્ષેપો કરવામાં ન આવે અને સમગ્ર મામલે સંયમ જાળવવામાં આવે તેવી અપીલ કરવામાં આવી છે.આગેવાનોએ વધુમાં જણાવ્યું હતું કે ડાંગ જિલ્લામાં વર્ષોથી વિવિધ સમાજો વચ્ચે ભાઈચારો અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વની પરંપરા રહી છે. કોઈ ઘટનાને કારણે આ સામાજિક એકતા અને શાંતિને અસર ન થાય તે માટે તમામ સમાજના આગેવાનો અને નાગરિકોએ જવાબદારીપૂર્વક વર્તવું જરૂરી છે. દરમિયાન સાધ્વી યશોદા દીદી દ્વારા અન્ય ધાર્મિક સંગઠનો અંગે કરવામાં આવેલા કથિત આક્ષેપો તેમજ ખ્રિસ્તી સમાજ અંગે કરવામાં આવેલા નિવેદનોને પગલે મામલો વધુ ચર્ચામાં આવ્યો છે. બંને સમાજ વચ્ચે તણાવનું વાતાવરણ ઊભું ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા પણ પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. પોલીસની તપાસ પૂર્ણ થાય તે પહેલાં આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર શરૂ થતાં ડાંગમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તમામ સમાજના આગેવાનો, રાજકીય-સામાજિક સંગઠનો તેમજ વહીવટી તંત્રની ભૂમિકા મહત્વપૂર્ણ બની છે. સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરી સત્ય બહાર લાવવામાં આવે અને દોષિત સામે કાયદેસરની કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી છે.

## ભાટસર ગામે નાગેશ્વર શિવાલયને શિવભક્તો દ્વારા પુષ્પાહારથી શણગારાયું દર્શનાર્થે ભક્તજનો ઉમટી પડ્યા



નીતિન ઠાકર | પવિત્ર શ્રાવણ માસ એટલે શિવભક્તિ આરાધનાનો પવિત્ર માસ તરીકે શાસ્ત્રોમાં અનેરૂ મહાત્મ્ય ધરાવે છે ત્યારે બાર જ્યોર્તિલિંગ સાથે સ્વયંભુ શિવલિંગ સ્થાપિત શિવલિંગની પૂજાનું ખુબ ફળદાયી મહાત્મ્ય શાસ્ત્રોમાં વર્ણવાયું છે ત્યારે ચાણસ્મા તાલુકા ના ભાટસર ગામે આવેલ અને પાટણ જિલ્લામાં એકમાત્ર પારદ શિવલિંગ તરીકે સ્થાપિત અને શાસ્ત્રોક્ત મહાત્મ્ય ધરાવતા નાગેશ્વર શિવાલયલ ને શિવભકતો દ્વારા પવિત્ર શ્રાવણ માસના છેલ્લા સોમવાર નિમિત્તે સુંદર ફુલો ના હારથી શિવભકતો દ્વારા શણગાયું હતું જેના દર્શનાર્થે ભાટસર સહિત આજુબાજુના 10 થી 12 ગામના ભક્ત જનો દેવાધિદેવ મહાદેવ નાગેશ્વર દાદાના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા ભાટસર ગામ ના શિવભક્તોના સુચારૂ આયોજન સાથે . દાતાઓ સહયોગથી દર્શનાર્થે આવનારા ભક્તજનો માટે પ્રસાદની વ્યવસ્થા કરાઈ હોવાનું શિવભક્ત ડાહ્યાભાઈ દેસાઈ એ જણાવ્યું હતું

# વિસાવદરના શોભાવડલા ગામે શિક્ષણક્ષેત્રે ગૌરવભરી સિદ્ધિ પ્રાપ્ત કરતા નીરૂબેન મહિડાને તાલુકાનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત કરાયો

## 5 સપ્ટેમ્બરે શિક્ષકદિન નિમિત્તે જુનાગઢ ખ સરકારી ગર્લ્સ હાઈસ્કૂલમાં સન્માન સમારંભ યોજાયો

અશોક મણવર અમરેલી

જુનાગઢ જીલ્લાના વિસાવદર તાલુકાનાં શોભાવડલા ગામે શિક્ષણક્ષેત્રે ગૌરવભરી સિદ્ધિ પ્રાપ્ત કરતા નીરૂબેન મહિડાને તાલુકા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત કરવામાં આવ્યો શિક્ષણક્ષેત્રે ગૌરવભરી સિદ્ધિ પ્રાપ્ત કરનાર બગસરા તાલુકાના જુના વાઘણીયા ગામનુ ગૌરવ એવા નીરૂબેન કનુભાઈ મહિડાને તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત કરાયો. 5 સપ્ટેમ્બર શિક્ષકદિન નિમિત્તે સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ જુનાગઢ ખાતે શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું જે અંતર્ગત શિક્ષણક્ષેત્રે નિષ્ઠા, સમર્પણ અને સતત મહેનતનું ગૌરવભર્યું સન્માન થયું શ્રી શોભાવડલા ( લશ્કર ) પ્રાથમિક શાળાના શિક્ષિકા તરીકે ફરજ બજાવતા બહેનશ્રી નીરૂબેન મહિડાને તેમની ઉત્કૃષ્ટ શૈક્ષણિક કામગીરી અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની નોંધ લયને યોગદાન બદલ તાલુકા શ્રેષ્ઠ




શિક્ષક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેર પર્સન હર્ષાબેન સવસાણી, ડીઈઓ લતાબેન ઉપાધ્ય, જૂનાગઢ પ્રાંત અધિકારી વૃશાલી કાંબલે, વિસાવદર પ્રાંત અધિકારી ચિરાગ હીરવણીયા, ડીવાયએસપી શ્રી ધાંધલિયા, પ્રાચાર્ય આશાબેન રાજ્યગુરુ, બોર્ડ મેમ્બર નિલેશભાઈ સોનારા, અગ્રણી વિપુલભાઈ કવાણી, જિલ્લા શિક્ષણ સંઘના હોદ્દેદારો, શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષક ગણ તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા નીરૂબેન મહિડાને સન્માનિત ડીવાયએસપી શ્રી ધાંધલિયા સાહેબના હસ્તે મોમેન્ટો અને રોકડ પુરસ્કાર અને ડીઈઓ લતાબેન ઉપાધ્યાય દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.વિદ્યાર્થીઓને માત્ર પાઠ્યપુસ્તકનું જ્ઞાન નહીં, પરંતુ જીવનમૂલ્યો, સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા પ્રેરિત કરવામાં તેમનું વિશેષ યોગદાન રહ્યું છે. નવીન શિક્ષણ પદ્ધતિઓ, રમત-ગમત દ્વારા શિક્ષણ અને બાળકોના સર્વાંગી વિકાસ માટેના તેમના પ્રયાસોને સૌ તરફથી પ્રશંસા મળી છે. બહેનશ્રી રોજિંદી શૈક્ષણિક પ્રવૃત્તિઓને સોશિયલ મીડિયાના માધ્યમથી ઘરે ઘરે પહોંચાડે છે અને તેમના કામથી બીજા શિક્ષકો પણ પ્રવૃતિ કરવા પ્રેરાય છે.આ એવોર્ડ તેમના ૯ વર્ષના નિષ્ઠાપૂર્વકના શિક્ષણકાર્યની સાચી કદર અને સન્માનનું પ્રતીક ઉદાહરણ પૂરું પાડ્યું.

# કૃષિ અને ખેડૂત કલ્યાણ, પશુપાલન, સહકાર અને ગૌ સંવર્ધન વિભાગના રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને સેવા જ્યોતિ મશાલ યાત્રાના આયોજન અંગે યોજાઈ બેઠક

દિપક રાવલ દાહોદ | લીમખેડા

ગુજરાત સરકારની સૂચના અનુસાર દાહોદ જિલ્લામાં *'સેવા જ્યોતિ મશાલ યાત્રા'*નું આયોજન કરવામાં આવનાર છે. આ યાત્રાના સુચારુ આયોજન અંગે ચર્ચા અને માર્ગદર્શન માટે કૃષિ અને ખેડૂત કલ્યાણ, પશુપાલન, સહકાર અને ગૌ સંવર્ધન વિભાગના રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સેવા જ્યોતિ મશાલ યાત્રાને સફળ બનાવવા માટે વિવિધ વિભાગો



તથા સંબંધિત અધિકારીઓ સાથે સંકલન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ યાત્રાના સુચારુ આયોજન માટે મંત્રીશ્રી દ્વારા જરૂરી વ્યવસ્થાઓ, જવાબદારીઓ અને કાર્યક્રમની રૂપરેખા અંગે પૂરતું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, નીતિ - નિયમોમાં રહીને તમામ અધિકારીશ્રીઓ પોતાની જવાબદારી પ્રત્યે સભાન રહી કામગીરી નિભાવે એ જરૂરી છે.બેઠકમાં દાહોદ સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર, કલેકટરશ્રી સુરભિ ગૌતમ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ગમાબેન મોહનિયા, નિવાસી અધિક કલેકટરશ્રી જે. એમ. રાવલ, પોલીસ અધિક્ષકશ્રી(ઈ.ચા.) જગદીશ ભંડારી, પ્રાંત અધિકારીશ્રીઓ, ચીફ ઓફિસરશ્રીઓ, ગરબાડા ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોર, ઝાલોદ ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયા તેમજ અન્ય પદાધિકારીશ્રીઓ અને જનપ્રતિનિધિશ્રીઓ સહિત દાહોદ જિલ્લા સંકલન અધિકારીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# નખત્રાણા ના મેઈન બજાર ખાતે આવેલા શ્રી સિદ્ધિ વિનાયક મંદિર અને ચૈતન્ય હનુમાન મંદિરનો પાટોત્સવ અને ૨૪ મો ગણેશ મહોત્સવ ઉમંગભેર ઉજવાશે




મહેશ એલ.સોની નખત્રાણા

નખત્રાણાના મેઈન બજાર, દેવકીનગર રોડ, શ્રી ચૈતન્ય હનુમાન ચોક ખાતે આવેલા શ્રી સિદ્ધિ વિનાયક મંદિર અને શ્રી ચૈતન્ય હનુમાન મંદિર ખાતે શ્રી નવયુવક ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા ૨૪ મા ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ મહોત્સવ ભાદરવા સુદ ચોથ, સોમવાર તા. ૧૪-૦૯-૨૦૨૬ ના શુભ દિને યોજાશે.પ્રાપ્ત વિગતો અનુસાર, મેઈન બજાર ખાતે આવેલા આ બંને મંદિરોના પાટોત્સવ નિમિત્તે સવારે ૮:૧૫ કલાકે પાટોત્સવ વિધિ અને સવારે ૮:૩૦ કલાકે મહાઆરતી યોજાશે. આ ધાર્મિક વિધિ શાસ્ત્રીશ્રી આચાર્યશ્રી વેણુભાઈ આર. રાવલ અને દિપકભાઈ આર. રાવલના વરદ હસ્તે તથા પુજારીશ્રી જયંતિભારથી લક્ષ્મણભારથી ગુંસાઈ દ્વારા સંપન્ન કરાશે.સાંજે ૭:૩૦ કલાકે ભવ્ય સંગીતમય મહાઆરતીનું આયોજન કરાયું છે, જેમાં નખત્રાણાના પ્રસિદ્ધ નિત્યશ્રી મ્યુઝિકલ્સ બેન્ડ, નિગમ ઠક્કર દ્વારા સંગીતમય પ્રસ્તુતિ રજૂ કરાશે.મેઈન બજાર ખાતે આવેલા આ પ્રસિદ્ધ મંદિરોના પાટોત્સવ અને મહાઆરતીનો લાભ લેવા તમામ ભાવિક ભક્તોને શ્રી નવયુવક ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા સહકુટુંબ પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મહીસાગર જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૯ અને ૧૧માં પ્રવેશ માટે ઓનલાઈન અરજીનો પ્રારંભ

## જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા: 30 સપ્ટેમ્બર સુધીમાં ઓનલાઈન આવેદન કરવા આચાર્યની અપીલ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

પી એમ શ્રી જવાહર નવોદય વિદ્યાલય, મહીસાગર દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૭ માટે ધોરણ ૯ અને ૧૧માં પાર્શ્વ પ્રવેશ (લેટરલ એન્ટ્રી) મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પરીક્ષાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. સંસ્થાના આચાર્ય શ્રીમાન લાલચંદ શેઠિયાએ એક અખબારી યાદી દ્વારા જણાવ્યું છે કે આ પસંદગી પરીક્ષા માટે ઓનલાઈન આવેદન કરવાની અંતિમ તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. આ પ્રવેશ પરીક્ષા તા. ૧૦ એપ્રિલ ૨૦૨૭ના રોજ મહીસાગર જિલ્લામાં ફાળવવામાં આવનાર વિવિધ પરીક્ષા કેન્દ્રો પર આયોજિત કરવામાં આવશે, જે અંતર્ગત જિલ્લાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ મેરિટના આધારે પ્રવેશ મેળવી શકશે.આ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટેની શૈક્ષણિક લાયકાત અંગે સ્પષ્ટતા કરતા જણાવવામાં આવ્યું છે કે મહીસાગર જિલ્લાના અધિકૃત રહેવાસી હોય અને જિલ્લાની સરકારી અથવા સરકાર માન્ય શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન ધોરણ ૮ અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અનુક્રમે ધોરણ ૯ અને ૧૧માં પ્રવેશ મેળવવા માટે અરજી કરી શકે છે. સરકારના આ મહત્વકાંક્ષી શૈક્ષણિક પ્રોજેક્ટ હેઠળ ઉક્ત પરીક્ષામાં ભાગ લેવા ઈચ્છતા કોઈપણ વિદ્યાર્થીએ કોઈ પણ પ્રકારની ફી ચૂકવવાની રહેશે નહીં, એટલે કે આ સમગ્ર આવેદન પ્રક્રિયા સંપૂર્ણપણે વિનામૂલ્યે રાખવામાં આવી છે.પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન અરજી કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ધોરણ ૯માં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ https://cbseitms.nic.in/2026/nvsix_9 લિંક પર જઈને ફોર્મ ભરવાનું રહેશે, જ્યારે ધોરણ ૧૧માં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ https://cbseitms.nic.in/2026/nvsxi_11 લિંકનો ઉપયોગ કરવાનો રહેશે. નિયત સમયમર્યાદામાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે, ત્યારબાદ આવેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં.આ પ્રવેશ પરીક્ષા અને પ્રક્રિયા અંગે વધુ વિગતો કે કોઈપણ પ્રકારની મુંઝવણના નિરાકરણ માટે વિદ્યાર્થીઓ અને વાલીઓને પી એમ શ્રી જવાહર નવોદય વિદ્યાલય, મુકામ કરણપુર, તાલુકો બાલાસિનોર, જિલ્લો મહીસાગરના કાર્યાલયનો રૂબરૂ સંપર્ક કરવા જણાવાયું છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરૂ પાડતી આ સંસ્થામાં પ્રવેશ મેળવી વિદ્યાર્થીઓ પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે તે માટે જિલ્લાના વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ તકનો લાભ લે તેવો અનુરોધ આચાર્યશ્રી દ્વારા કરવામાં આવ્યો છે.

# લીમખેડામાં દબાણ હટાવવામાં પક્ષપાત: ગરીબો રઝળ્યા, વગદારો સલામત

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાં માર્ગ અને મકાન વિભાગ તેમજ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી દબાણ હટાવવાની ઝુંબેશ સામે જનઆક્રોશ ફાટી નીકળ્યો છે. દાહોદ-ગોધરા રોડ અને ઝાલોદ રોડ પર તંત્ર દ્વારા ખુલ્લેઆમ વહાલા-દવાલાની નીતિ અપનાવીને ગરીબો અને નાના વેપારીઓના આશિયાના તોડી પાડવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે. બીજી તરફ, રાજકીય વગ અને આર્થિક લાગવગ ધરાવતા માથાંઓ સામે કોઈ પગલાં ન ભરાતા તંત્રની કામગીરી સામે સ્થાનિક નાગરિકોમાં ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે.સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, મુખ્ય માર્ગને અડીને આવેલા કેટલાક લાગવગિયા લોકોના પાકા મકાનો અને બાંધકામો સામે કોઈ જ લાલ આંખ કરવામાં આવી નથી. તેની સરખામણીએ સામાન્ય નાગરિકો, જેમના મકાન પાછળ છે અને આગળ માત્ર આંગણું હતું, તેમના આંગણા બુલડોઝર ફેરવીને ખોદી કાઢવામાં આવ્યા છે. વહીવટી તંત્રની આ અસમાન અને



દાહોદ-ગોધરા અને ઝાલોદ રોડ પર વહીવટી તંત્રની એકતરફી કાર્યવાહીથી સ્થાનિકોમાં ભારે આક્રોશ; સમાન નિયમો સાથે કાર્યવાહી નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી

પક્ષપાતી નીતિના કારણે રોડની બંને બાજુ નાનો-મોટો ધંધો-રોજગાર કરીને પરિવારનું ગુજરાન ચલાવતા અનેક નાના વેપારીઓની રોજીરોટી છીનવાઈ ગઈ છે, જેનાથી પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. લીમખેડામાંથી પસાર થતો મુખ્ય માર્ગ છેલ્લા લાંબા સમયથી અત્યંત બિસ્માર હાલતમાં છે. ચોમાસા દરમિયાન રસ્તાઓ પર ખાડાઓનું સામ્રાજ્ય છવાઈ જાય છે અને નગરમાં ગટર કે પાણીના નિકાલ જેવી પાયાની સુવિધાઓનો સદંતર અભાવ છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાના સમારકામ કે નગરના વિકાસ માટે કોઈ કામગીરી કરવામાં આવતી નથી, પરંતુ દબાણ હટાવવાના નામે વારંવાર સામાન્ય પ્રજાને હેરાન-પરેશાન કરવામાં આવી રહી છે. વિકાસના નક્કર કામો વગર માત્ર ગરીબોને નિશાન બનાવતી કામગીરીથી લોકોમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે.સ્થાનિક નાગરિકો અને વેપારીઓએ એકસૂરે માંગ કરી છે કે કાયદા અને નિયમો તમામ માટે એકસમાન હોવા જોઈએ. જો દબાણ હટાવવાની કામગીરી કરવી જ હોય તો કોઈપણ પ્રકારના પક્ષપાત વિના તમામ લોકો સામે પારદર્શક રીતે પગલાં લેવાવા જોઈએ. ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો તંત્ર વહાલા-દવાલાની નીતિ બંધ કરીને સમાન ધોરણે કાર્યવાહી નહીં કરે અને બિસ્માર રસ્તાનું સમારકામ હાથ નહીં ધરે, તો આગામી દિવસોમાં સમગ્ર લીમખેડા પંથકમાં ઉગ્ર જનઆંદોલન છેડવામાં આવશે.



રિપોર્ટર: રાકેશ પ્રજાપતિ | ખાંભા

ખાંભાના દિવ્યધામ માનકેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ માસના ચોથા સોમવારે શિવજીનો ભવ્ય શ્રૃંગાર: શ્રદ્ધાળુઓનું ઉમટી પડ્યું મહેરામણ. અમરેલી જિલ્લાના ખાંભા શહેરમાં આવેલ આસ્થાના પ્રતીક એવા સુપ્રસિદ્ધ માનકેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસના ચોથા અને અંતિમ સોમવારે અદ્દભુત અને અલૌકિક વાતાવરણ જોવા મળ્યું હતું. પવિત્ર શ્રાવણ માસના આ પાવન અવસરે 'સેવાયજ્ઞ ગ્રુપ'ના યુવાનો દ્વારા પીપળાના પાનની વિશેષ થીમ આધારિત શિવલિંગનો આકર્ષક ફ્લોટ્સ તૈયાર કરવામાં આવ્યો હતો. લાઈટિંગ, તાજા પુષ્પો, વિશેષ શણગાર તથા મનોહર દીપમાળાથી ઝળહળી ઉઠેલાં મહાદેવના દિવ્ય સ્વરૂપના દર્શન કરી શિવભક્તો ભાવવિભોર બન્યા હતા. ચોથા સોમવારના પવિત્ર દિવસે સવારથી જ દાદાના દર્શન, જળાભિષેક અને પૂજા-અર્ચના કરવા માટે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જામી હતી. બપોર બાદ ખાંભાશહેરની માતાઓ અને બહેનો પણ મોટી સંખ્યામાં દાદાના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.સમગ્ર મંદિર પરિસર 'હર હર મહાદેવ' અને 'જય ભોલેનાથ'ના ગગનભેદી નાદથી ગુંજી ઉઠ્યું હતું અને શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## ખાંભાની તુલસીશ્યામ રેન્જમાં વનવિભાગનું સાહસિક રેસ્ક્યુ ઓપરેશન: ઈનફાઈટમાં ઘાયલ થયેલા સિંહને મળ્યું નવું જીવન

રિપોર્ટર: રાકેશ પ્રજાપતિ | ખાંભા

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના તુલસીશ્યામ રેન્જ હેઠળ આવતા વાંગધ્રા ગામના રેવન્યુ વિસ્તારમાં વનવિભાગ દ્વારા એક અત્યંત સાહસિક અને પ્રશંસનીય રેસ્ક્યુ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું અન્ય સિંહ સાથેની ઈનફાઈટ માં ગંભીર રીતે ઘાયલ થયેલો એક નર સિંહ અશક્ત થઈને ૧૦ ફૂટ ઊંડા પાળામાં ખાબક્યો હતો. સિંહ એટલી નાજુક હાલતમાં હતો કે તે એક પગલું પણ ચાલી શકે તેમ નહોતો, જેના કારણે તેને બેભાન (ટ્રેન્ક્વિલાઈઝ) કરવો પણ અત્યંત જોખમી હતો.આવી કપરી પરિસ્થિતિમાં



વનવિભાગની ટીમે હાર માન્યા વગર અદભુત કોઠાસૂઝ દર્શાવી હતી. ટ્રેકરને પાંજરામાં સુરક્ષિત રાખીને સિંહની નજીક પહોંચાડવામાં આવ્યા હતા અને લાકડીઓ તથા ગાળિયાની મદદથી અત્યંત સાવચેતીપૂર્વક સિંહને નિયંત્રિત કરી પાંજરામાં લેવાયો હતો. ત્યારબાદ આશરે 12 થી વધારે જાનબાજ વનકર્મીઓએ ભેગા મળીને ભારેખમ પાંજરું ૧૦ ફૂટ ઊંડાણમાંથી સુરક્ષિત રીતે બહાર ખેંચી કાઢ્યું હતું.રેસ્ક્યુ કર્યા બાદ ૧૦ દિવસ સુધી રાત-દિવસ આપેલી સઘન સારવારના પરિણામે આ સિંહ સંપૂર્ણ સ્વસ્થ થયો છે. તંદુરસ્ત થયેલા સિંહને પુનઃ તેના કુદરતી આવાસમાં મુક્ત કરવામાં આવતા તે ફરી એકવાર જંગલમાં ગર્જના કરતો જોવા મળ્યો હતો. વનવિભાગની આ કામગીરીની સમગ્ર પંથકમાં ભારે પ્રશંસા થઈ રહી છે.

## સંવેદના સોસાયટી' દ્વારા તાલુકા કક્ષાની સ્પર્ધાઓના ૬૭ વિજેતા સ્પર્ધકોનો ભવ્ય અભિવાદન સમારોહ સંપન્ન

ભાવનગર | શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા અને રાષ્ટ્રીય અંધજન મંડળ, ભાવનગર જિલ્લા શાખા સંચાલિત શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી અને શ્રી ધનવંતરાય કે. અજમેરા ફાઉન્ડેશન ટ્રસ્ટ (ઘાટકોપર-મુંબઈ) 'સંવેદના સોસાયટી' અંતર્ગત તાલુકા કક્ષાની વકતૃત્વ, નિબંધ, ચિત્રકલા અને એક પાત્રીય અભિનય સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ૬૭ વિજેતા સ્પર્ધકોનો ભવ્ય અભિવાદન સમારોહ અત્યંત ઉત્સાહભેર માહોલમાં યોજાઈ ગયો.સમારોહની મંગલ શરૂઆત સંસ્થાના સંગીત શિક્ષિકા શ્રી અંકિતાબેન ચૌહાણના મધુર શ્લોક ગાનથી થઈ હતી. ત્યારબાદ ઉપસ્થિત આદરણીય મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. કે.કે. બ્લાઈન્ડ સ્કૂલના પ્રોજેક્ટ ડિરેક્ટર શ્રી હર્ષ એન. ધ્રાંગધરિયાએ ઉપસ્થિત સૌ અતિથિઓ અને આગેવાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ શુભ પ્રસંગે મંચસ્થ દરેક મહાનુભાવનું ધૂપસળી તથા સ્મૃતિચિહ્ન (મોમેન્ટો) અર્પણ કરીને ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું.

# અજમાનું પાણી પીવાથી તમને મળશે આ 5 અદ્ભુત સ્વાસ્થ્ય લાભો...

## અજમાનું પાણી પીવાથી ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓથી છુટકારો મળે છે.



લગભગ દરેક ભારતીય રસોડામાં તમને અજમો સરળતાથી મળી જશે. તેનો ઉપયોગ સામાન્ય રીતે શાકભાજીને મસાલેદાર બનાવવા માટે થાય છે. અજમો ખાવાના ઘણા સ્વાસ્થ્ય લાભો છે. તમને જણાવી દઈએ કે અજમામાં પ્રોટીન, ફાઈબર, કેલ્શિયમ, કાર્બોહાઈડ્રેટ્સ, આયર્ન, પોટેશિયમ વગેરે જેવા પોષક તત્વો હોય છે. આ બધા પોષક તત્વો શરીરની ઘણી સમસ્યાઓ દૂર કરવામાં ફાયદાકારક સાબિત થઈ શકે છે.

માત્ર અજમો જ નહીં, અજમાનું પાણી પણ સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે. તે બ્લડ સુગરને નિયંત્રિત કરવાથી લઈને રોગપ્રતિકારક શક્તિ વધારવા સુધી ખૂબ ફાયદાકારક હોઈ શકે છે. અજમાનું પાણી પીવાથી પાચન પણ સ્વસ્થ રહે છે. અજમાનું પાણી નિયમિતપણે પીવાથી ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓથી છુટકારો મળી શકે છે. તો ચાલો ડાયેટિશિયન અબર્ના મેથ્યુનન પાસેથી અજમાનું પાણી પીવાના ફાયદાઓ વિશે વિગતવાર જાણીએ.

### અજમાનું પાણી પીવાના ફાયદા

**પાચનતંત્રને સ્વસ્થ રાખો**

ખોટી ખાવાની આદતોને કારણે ઘણીવાર પાચન સમસ્યાઓ થાય છે. આવી સ્થિતિમાં, પાચન સુધારવા માટે અજમાનું પાણી ખૂબ જ ફાયદાકારક હોઈ શકે છે. તેમાં દ્રાવ્ય ફાઇબર હોય છે, જે પાચન પ્રક્રિયાને મજબૂત બનાવવામાં મદદ કરે છે. અજમાનું પાણી પીવાથી ગેસ્ટ્રિક એસિડ અને પાચન ઉત્સેચકો વધારવામાં મદદ મળે છે. તે પેટમાં ગેસ, કબજિયાત અને એસિડિટી જેવી સમસ્યાઓમાં ફાયદાકારક હોઈ શકે છે.

**બ્લડ સુગર લેવલ કંટ્રોલ કરે છે**

ડાયાબિટીસની સમસ્યાઓમાં અજમાનું પાણી પીવું ખૂબ જ ફાયદાકારક હોઈ શકે છે. અજમામાં રહેલા તત્વો બ્લડ સુગર લેવલને કંટ્રોલ કરવામાં મદદરૂપ થાય છે. જો ડાયાબિટીસના દર્દીઓ ભોજન કર્યા પછી અજમાનું પાણી પીવે છે, તો તે બ્લડ સુગર સ્પાઇકને રોકવામાં મદદ કરી શકે છે. જો તમને ડાયાબિટીસ છે, તો તમારે ડૉક્ટરની સલાહ મુજબ અજમાનું પાણી પીવું જોઈએ.

**ઈમ્યુનિટીને મજબૂત બનાવે છે**

અજમાનું પાણી પીવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. ખરેખર, અજમામાં રહેલા તત્વો રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ કરે છે. નિયમિતપણે અજમાનું પાણી પીવાથી તમે ઘણા રોગો અને ચેપથી બચી શકો છો.

**અસ્થમાના દર્દીઓ માટે ફાયદાકારક**

અજમાનું પાણી અસ્થમાના દર્દીઓ માટે ખૂબ ફાયદાકારક હોઈ શકે છે. દરરોજ અજમાનું પાણી પીવાથી અસ્થમા અને શ્વાસની સમસ્યાઓ ઘણી હદ સુધી ઓછી થઈ શકે છે. ઉધરસથી રાહત આપવાની સાથે, તે છાતીમાં જમા થયેલા કફને દૂર કરવામાં પણ મદદ કરી શકે છે.

**વજન ઘટાડવામાં મદદરૂપ**

જો તમે વજન ઓછું કરવા માંગતા હો, તો દરરોજ સવારે ખાલી પેટે અજમાનું પાણી પીવો. અજમાના પાણીમાં ફાઇબર હોય છે, જે પેટને લાંબા સમય સુધી ભરેલું રાખે છે. આનાથી તમને ભૂખ ઓછી લાગે છે અને વજન ઓછું કરવામાં સરળતા રહે છે. અજમાનું પાણી નિયમિતપણે પીવાથી શરીરમાં જમા થયેલી વધારાની ચરબી ઓછી થાય છે. અજમાનું પાણી બનાવવા માટે, ગેસ પર એક ગ્લાસ પાણી ગરમ કરવા મૂકો. પછી તેમાં અડધી ચમચી અજમા ઉમેરો અને તેને ઉકાળો. તેને ગાળીને ઠંડુ કરો અને પછી તેનું સેવન કરો.

નિયમિતપણે અજમાનું પાણી પીવાથી ઘણા સ્વાસ્થ્ય લાભો મળી શકે છે. જો કે, ધ્યાનમાં રાખો કે જો તમને કોઈ સ્વાસ્થ્ય સમસ્યા કે એલર્જી હોય, તો ડૉક્ટરને પૂછ્યા પછી જ તેનું સેવન કરો.



### નોરા ફતેહીને ચાર્ટર્ડ પ્લેનને ‘રમકડું’ કહેવું ભારે પડ્યું

# ગાંધીનગર કોર્ટમાં ₹3 કરોડનો માનહાનિનો દાવો

**બોલિવૂડ અભિનેત્રી નોરા ફતેહીને 'ટોય પ્લેન' કહેવું મોંઘું પડ્યું છે. ગાંધીનગરની 'જ્યુન્સ એવિયેશન' કંપનીએ નોરા સામે ₹3 કરોડનો માનહાનિનો દાવો કર્યો છે. નોરાએ મુંબઈથી જયપુરની યાત્રા દરમિયાન ચાર્ટર્ડ પ્લેનને 'રમકડું' ગણાવતો વીડિયો પોસ્ટ કર્યો હતો. આ વીડિયોથી કંપનીના બુકિંગમાં ઘટાડો થતા કોર્ટે નોરાને નોટિસ ફટકારી છે. આગામી સુનાવણી 25 સપ્ટેમ્બરે છે.**

**(એજન્સી) મુંબઈ | તા.07**

નોરા ફતેહી માટે એક બિઝનેસ જેટને ’રમકડાનું પ્લેન’ અને ’લેગો પ્લેન’ કહેવું ભારે પડી ગયું છે. ગાંધીનગરની એક પ્રાઈવેટ એવિયેશન કંપનીએ અભિનેત્રી નોરા ફતેહી સામે કાનૂની કાર્યવાહી કરતાં ગાંધીનગર સિવિલ કોર્ટમાં રૂ. 3 કરોડનો માનહાનિનો દાવો ઠોકી દીધો છે.માહિતી મુજબ, 14 ડિસેમ્બર 2025ના રોજ નોરા ફતેહી અને તેની ટીમે ’જ્યુન્સ એવિએશન’ ના ’Cessna Citation CJ2’ નામના ચાર્ટર્ડ પ્લેનમાં મુંબઈથી જયપુર સુધીનો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસ દરમિયાન નોરા ફતેહીએ કેટલાક વીડિયો પણ શૂટ કર્યા હતા અને પોતાના વેરિફાઈડ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સ્ટોરી તરીકે પોસ્ટ કર્યા હતા. કંપનીએ આરોપ લગાવ્યો છે કે નોરા ફતેહીએ વિમાનની સુરક્ષા અને ગુણવત્તા પર સવાલો ઉઠાવતા અપમાનજનક નિવેદનો આપ્યા હતા. એક વીડિયોમાં તેણે એવું પણ કહ્યું હતું કે, ‘આ તો એક રમકડું છે; જ્યારે તમે એમેઝોન પરથી પ્લેન ઓર્ડર કરો છો ત્યારે આવું જ મળે છે‘. કંપનીના જણાવ્યા મુજબ નોરાએ કોઈપણ ટેકનિકલ જ્ઞાન વગર એવિયેશન સેફ્ટી પર બેજવાબદાર નિવેદનો આપ્યા છે. આ વિમાન ઉદ્યોગના ધોરણો મુજબનું ’બિઝનેસ જેટ’ છે અને મુંબઈથી જયપુર સુધીની સફર તેણે પૂર્ણ સુરક્ષા સાથે પૂર્ણ કરી હતી, જે નોરાના દાવાઓને ખોટા સાબિત કરે છે. નોરાના ઈન્સ્ટાગ્રામ પર 4.66 કરોડથી વધુ ફોલોઅર્સ છે. તેના આ વીડિયો વાઈરલ થયા બાદ 45 થી 50 દિવસની અંદર કંપનીના ફ્લાઈટ બુકિંગમાં 15 થી 20 ટકાનો ઘટાડો નોંધાયો હતો અને મોટા પાયે બુકિંગ કેન્સલ થયા હતા, જેનાથી કંપનીની બિઝનેસ અને પ્રતિષ્ઠાને મોટું નુકસાન થયું હતું. કંપનીએ દાવો દાખલ કરતા પહેલા નોરા ફતેહીને લીગલ નોટિસ પણ મોકલાઈ હતી, પરંતુ તેનો કોઈ જવાબ મળ્યો નહોતો. જેથી કંપનીએ વળતર મેળવવા તેમજ તે વીડિયો સોશિયલ મીડિયા પરથી તાત્કાલિક હટાવવાના કોર્ટ ઓર્ડર માટે સિવિલ કોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. ગાંધીનગર સિવિલ કોર્ટે આ મામલે નોરા ફતેહીને નોટિસ ઈશ્યૂ કરી હતી. હાલ આ કેસ રિજોઈન્ડર તબક્કે છે અને તેની આગામી સુનાવણી 25 સપ્ટેમ્બરના રોજ નક્કી કરવામાં આવી છે.

## હાર્દિક પંડ્યા સાથે ડેટિંગની અફવા પર ભડકી અમીષા પટેલ

**(એજન્સી) મુંબઈ | તા.07**

અભિનેત્રી અમીષા પટેલે ક્રિકેટર હાર્દિક પંડ્યા સાથેના ડેટિંગની અફવાઓને સખત શબ્દોમાં ફગાવી દીધી છે. મુંબઈની તાજમહેલ પેલેસમાં અમીષાએ હાર્દિકને તેના મિત્રો સાથે ઓળખાણ કરાવતો વીડિયો વાયરલ થયો હતો. એક X યુઝરે આ વીડિયો પર ટિપ્પણી કરતા બંનેના રોમેન્ટિક સંબંધોની અટકળો કરી હતી. અમીષાએ કટાક્ષમાં જવાબ આપ્યો કે, ‘તમે કોઈ છોકરીને મિત્ર બનાવવી જોઈએ.‘ હાર્દિક હાલ માહિકા શર્મા સાથે રિલેશનશિપમાં છે. એક્ટ્રેસ અમીષા પટેલે ક્રિકેટર હાર્દિક પંડ્યા સાથેની પોતાની તાજેતરની મુલાકાતને રોમેન્ટિક રંગ આપનારા એક સોશિયલ મીડિયા યુઝરની ટીકા કરી છે. એક X યુઝરે કહ્યું હતું કે, હાર્દિક સાથે અમીષાનું મૈત્રીપૂર્ણ વર્તન તેમની વચ્ચે ડેટિંગની અફવાઓને સાચી સાબિત કરે છે, જેના જવાબમાં અમીષાએ કટાક્ષ કરતા જડબાતોડ જવાબ આપ્યો છે. તા આ વીડિયો વાઈરલ થતાં જ એક X યુઝરે તેનો સ્ક્રીનશોટ શેર કરતા લખ્યું, ’બેંગલુરુની એક હોટેલમાં પાર્ટી દરમિયાન અમીષા પટેલે જે રીતે હાર્દિક પંડ્યાના ખભા પર હાથ રાખ્યો, તેનાથી લાગે છે કે Reddit પર ચાલી રહેલી તમામ અફવાઓને સાચી પડી રહી છે.’ જેતરમાં અમીષા પટેલ અને હાર્દિક પંડ્યા મુંબઈની તાજમહેલ પેલેસમાં એકસાથે દેખાયા હતા, જ્યાં એક્ટ્રેસ ક્રિકેટરની ઓળખાણ પોતાના કેટલાક મિત્રો સાથે કરાવી રહી હતી. આ મુલાકાતનો એક વીડિયો ઝડપથી સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો, જેનાથી યુઝર્સ વચ્ચે જાતજાતની અટકળો શરૂ થઈ ગઈ. ’ગદર’ ફેમ એક્ટ્રેસે આ અટકળોને તાત્કાલિક ફગાવી દીધી. પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર તે પોસ્ટનો સ્ક્રીનશોટ શેર કરતા, તેણે કટાક્ષ કરતા જવાબ આપ્યો કે, ’તે ક્ષણ રોમેન્ટિક હતી. ’બિલકુલ સાચું કહ્યું. અરે ભગવાન, તમે સાચા છો ખરેખર, જે રીતે મારો હાથ તેમના પર હતો, તે ખરેખર રોમેન્ટિક હતું. હું તમને નથી ઓળખતી, પણ ચોક્કસ તમારી પાસે કોઈ છોકરી નથી, અહીં સુધી કે કોઈ ગર્લફ્રેન્ડ પણ નથી. આવી બાબતો પર પોસ્ટ કરતા પહેલા તમારે કોઈ છોકરીને મિત્ર બનાવવી જોઈએ’ હાર્દિક સાથેના પોતાના સંબંધોને લઈને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી અટકળો વચ્ચે અમીષાનો આ જવાબ આવ્યો છે; આ અટકળો ત્યારે શરૂ થઈ હતી જ્યારે બંને એકસાથે વાતચીત કરતા દેખાયા હતા.આ વચ્ચે હાર્દિક પંડ્યા હાલ મોડેલ માહિકા શર્મા સાથે રિલેશનશિપમાં છે. ક્રિકેટરે 2025માં ઈન્સ્ટાગ્રામ પર માહિકા સાથેના પોતાના સંબંધોને ઓફિશિયલ કર્યા હતા. આ પહેલા તેના લગ્ન અભિનેત્રી નતાશા સ્ટેનકોવિક સાથે થયા હતા.



### જ્યારે અંડરવર્લ્ડ સામે આખું બોલિવૂડ થથરતું હતું ત્યારે

# શાહરૂખ ખાને લીધી હતી ટક્કર: જાણીતા ડિરેક્ટરનો ધડાકો



**(એજન્સી) મુંબઈ | તા.07**

હિન્દી સિનેમામાં એક એવો દોર આવ્યો હતો, જ્યારે અંડરવર્લ્ડ તરફથી મળેલી ધમકીઓ અને હુમલાઓથી બોલિવૂડ ઈન્ડસ્ટ્રી થરથરતી હતી. એ સમયે કેટલાય મોટા-મોટા સુપરસ્ટાર્સને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ મળી હતી. તેમાં સુપરસ્ટાર શાહરૂખ ખાનનું નામ પણ સામેલ હતું. હવે ’કાંટે’ જેવી અનેક ફિલ્મ બનાવનારા નિર્દેશક સંજય ગુપ્તાએ આ વાતનો ખુલાસો કર્યો છે કે, જ્યારે શાહરૂખ ખાનને અંડરવર્લ્ડ તરફથી ધમકી મળી તે પછી કિંગ ખાનની પ્રતિક્રિયા શું હતી. છેલ્લી સદીના છેલ્લા દાયકામાં મોટા-મોટા સ્ટાર્સથી લઈને ફિલ્મમેકર્સ સુધી અંડરવર્લ્ડની ધમકીઓ મળતી હતી. જોકે ફિલ્મમેકર સંજય ગુપ્તાનો દાવો છે કે, આ દોરમાં એકમાત્ર અભિનેતા શાહરૂખ ખાન ક્યારેય દબાણમાં નહોતા આવ્યા અને તેમણે તેની સાથે ટક્કર લીધી હતી. સંજયે તાજેતરમાં જ યૂટ્યૂબ ચેનલ પર થયેલી વાતચીતમાં જણાવ્યું કે જો કોઈ એક વ્યક્તિ હતો, જેણે અંડરવર્લ્ડ તરફથી મળેલા કોઈપણ ઓફરને સ્વીકારવાની ના પાડી દીધી, તો તે શાહરૂખ ખાન હતા. સંજયે કહ્યું કે, ’મનીષા કોઈરાલાના સેક્રેટરી હતા, ખૂબ જ સીધા-સાદા માણસ હતા. પછી એક દિવસ કોઈ તેમના ઓફિસમાં આવ્યું અને તેમને ગોળી મારીને જતું રહ્યું. આ પછી રાકેશ રોશન પર પણ ગોળી ચલાવવામાં આવી. અમે લોકો એ સમયે સરળ અને સોફ્ટ ટાર્ગેટ હતા. આ માત્ર ખંડણી માટે આવનારા કોલ્સ નહોતા, મામલો આનાથી ઘણો અલગ હતો.’ તેમણે આગળ જણાવ્યું કે, ’એ દોરમાં લગભગ દરેક મોટા અભિનેતા અને અભિનેત્રીને અંડરવર્લ્ડની ફિલ્મોમાં કામ કરવા માટે કાગળો પર સાઈન કરાવી લેવાતા હતા. ત્યાં સુધી કે અંડરવર્લ્ડ સાથે જોડાયેલા લોકો સેટ પર આવીને પણ બેસી જતા હતા. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં માત્ર એક એવો વ્યક્તિ હતો શાહરૂખ ખાન. જ્યારે તેમને ધમકી આપવામાં આવી તો તેમણે કહ્યું કે, પિક્ચર તો ક્યારેય નહીં કરું, શો પણ નહીં કરું. પઠાણ છું, ગોળી મારવી હોય તો મારી દો, હું ડરતો નથી.’ કિંગ ખાનની અપકમિંગ ફિલ્મ વિશે વાત કરીએ તો તેનું નામ ’કિંગ’ છે. શાહરૂખ ખાનની આ મોસ્ટ અવેટેડ ફિલ્મ આ જ વર્ષે ક્રિસમસ પર 24 ડિસેમ્બર 2026ના રોજ દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ કરવામાં આવશે.

## દુબઈમાં કોન્સર્ટના ગણતરીના કલાકો પહેલાં ભારતીય સિંગરનું આકસ્મિક નિધન



**(એજન્સી) મુંબઈ | તા.07**

બોલિવૂડના પ્રખ્યાત પ્લેબેક સિંગર ઉદિત નારાયણ જેવા અવાજ માટે જાણીતા ભારતીય ગાયક નિસાર વાયનાડનું શનિવારે સાંજે, 5 સપ્ટેમ્બરના રોજ દુબઈની એક હોસ્પિટલમાં નિધન થયું છે. અજમાનમાં યોજાનારા એક મ્યુઝિકલ પ્રોગ્રામમાં પરફોર્મ કરવાના થોડા કલાકો પહેલા જ તેમનું અવસાન થતાં સંગીત જગતમાં શોક છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નિસાર વાયનાડ માત્ર 44 વર્ષના હતા. નિસારનું નામ નિસાર અરોથ ઈબ્રાહિમ હતું અને તેઓ કેરળના વાયનાડ જિલ્લાના કંબલક્કડના વતની હતા. તેઓ ઓગસ્ટ મહિનામાં સંગીત કાર્યક્રમોની શ્રેણી માટે યુનાઈટેડ અરબ એમિરેટ્સ ગયા હતા. રિપોર્ટ્સ અનુસાર, શનિવારે બપોરે અચાનક સખત તાવ આવતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું નિધન થયું હતું. દુબઈ અને સાઉદી અરેબિયામાં પણ તેમના આગામી મ્યુઝિકલ શો યોજાવાના હતા. તેમના આકસ્મિક અવસાનથી યુએઈમાં વસતા મલયાલી સમુદાયને મોટો આઘાત લાગ્યો છે. મેડિકલ રિપોર્ટ અનુસાર, તેમના મૃત્યુનું મુખ્ય કારણ ’એસિડોસિસ’ દર્શાવવામાં આવ્યું છે. આ સિવાય ઈન્ફેક્શનના કારણે સમગ્ર શરીરમાં સોજો આવવો અને ઓર્ગન ફેલિયર (અંગો કામ કરતા બંધ થવા) થવાનું કારણ સામે આવ્યું છે.

## મલ્હાર ઠાકર અને પૂજા જોશી સ્ટારર ફિલ્મ 'ચટણી'નું પહેલું રોમેન્ટિક સોંગ 'પંખીડા' થયું રિલીઝ




અમદાવાદ: વર્તમાન સમયમાં ગુજરાતી સિનેમા એક ગોલ્ડન ફેઝમાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં કન્ટેન્ટ-ડ્રિવન વાર્તાઓ અને દર્શકોના ભરપૂર પ્રેમને કારણે ઈન્ડસ્ટ્રી નવી ઊંચાઈઓ સર કરી રહી છે. તાજેતરમાં ધમાકેદાર ટીઝર લોન્ચ કર્યા બાદ, હવે EForU Entertainment પ્રસ્તુત અને બુદ્ધિપ્રિયાય પિક્ચર્સ પ્રોડક્શનની મોસ્ટ અવેટેડ ફેમિલી એન્ટરટેઈનર ફિલ્મ ’ચટણી’નું રોમેન્ટિક અને મનોહર ગીત ’પંખીડા’સત્તાવાર રીતે રિલીઝ કરવામાં આવ્યું છે.આ સુંદર મેલોડિયસ ગીતને જાણીતા ગાયક જિગરદાન ગઢવીના મધુર અવાજમાં રજૂ કરવામાં આવ્યું છે. ગીતનું ભાવસભર સંગીત રાહુલ મુંજરીયા દ્વારા આપવામાં આવ્યું છે, જ્યારે તેના હૃદયસ્પર્શી બોલ મિલિંદ ગઢવી દ્વારા લખવામાં આવ્યા છે. ગીતના વિઝ્યુઅલ્સમાં રીયલ લાઈફ ક્યુટ કપલ મલ્હાર ઠાકર અને પૂજા જોશી વચ્ચેની શાનદાર કેમિસ્ટ્રી અને પ્રેમની મીઠાશ સ્પષ્ટપણે જોઈ શકાય છે. લગ્ન પછી પ્રથમ વખત મોટા પડદા પર એકસાથે મુખ્ય ભૂમિકામાં જોવા મળી રહેલી આ લોકપ્રિય જોડીની ઓન-સ્ક્રીન મેજિકે ચાહકોનું ધ્યાન ખેંચ્યું છે.અનેક સુપરહિટ ફિલ્મો આપનાર સુપ્રસિદ્ધ દિગ્દર્શક સંદીપ પટેલના નિર્દેશન હેઠળ બનેલી આ ફિલ્મ વિશે વાત કરતા નિર્માતાઓએ જણાવ્યું હતું કે, ‘જે રીતે ભારતીય થાળીમાં ’ચટણી’ સ્વાદમાં વધારો કરે છે, તે જ રીતે આ ફિલ્મ પણ હાસ્ય, કૌટુંબિક લાગણીઓ અને મનોરંજનનો પરફેક્ટ સમન્વય સાબિત થશે. ગીત ’પંખીડા’ એ ફિલ્મની પ્રેમકથા અને લાગણીઓની એક સુંદર ઝલક છે.

## રૂ.20 માટે મજૂરી કરતો રજનીકાંતનો ફેન આજે બન્યો રૂ.50 કરોડનો સ્ટાર!

મુંબઈ : સિનેમા જગત માત્ર સપનાં વેચવાનું જ નહીં, પરંતુ અશક્ય સપનાંઓને સાકાર કરવાનું માધ્યમ પણ છે. તમિલ સિનેમામાં આજે એક એવા 49 વર્ષીય અભિનેતાની સફર ચર્ચામાં છે, જેણે ક્યારેક રોજના માત્ર 20ની મજૂરી કરી, દાયકાઓ સુધી નાના-મોટા સહાયક રોલ અને કોમેડિયન તરીકે સંઘર્ષ કર્યો અને આખરે લીડ હીરો તરીકે 50 કરોડથી વધુ કમાણી કરનારી બેક-ટુ-બેક હિટ ફિલ્મો આપી. રજનીકાંત, વિજય અને શિવકાર્તિકેયન જેવા દિગ્ગજો સાથે સ્ક્રીન શેર કરનાર આ પ્રતિભાશાળી કલાકાર બીજું કોઈ નહીં પણ અભિનેતા સૂરી છે. સૂરીનું મૂળ નામ રામલક્ષ્મણન મુથુસામી થેવર છે. વર્ષ 1993માં તે તિરુપ્પુરમાં મિત્રો સાથે પરચૂરણ મજૂરીકામ કરતો હતો, જ્યાં તેને રોજના માત્ર 20 મળતા હતા. અઠવાડિયે માંડ 140ની કમાણી થતી, જેમાંથી અડધા એટલે કે 70 ઘરે મોકલવા પડતા હતા. તે સમયે 1.25નો કોકોનટ બન ખાવાના પણ પૈસા નહોતા, જેથી તે માત્ર ચા પીને દિવસો વિતાવતો હતો. રજનીકાંતના અત્યંત ક્રેઝી ફેન એવા આ યુવાને 1991માં આવેલી મણિરત્નમની ફિલ્મ ’દલપતિ’માં રજનીકાંતના પાત્રથી પ્રભાવિત થઈને પોતાનું નામ ’સૂર્યા’ રાખ્યું હતું, જે પાછળથી ટૂંકાઈને ’સૂરી’ બની ગયું. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશતા પહેલાં તેણે મકાનોની દીવાલો રંગવાનું કામ પણ કર્યું હતું. તાજેતરમાં એક કાર્યક્રમમાં ગીતકાર પા વિજયે આ દિવસોને યાદ કરતાં કહ્યું હતું કે: વર્ષ 1998થી ફિલ્મ ઉદ્યોગમાં સક્રિય હોવા છતાં વર્ષો સુધી તેને અનક્રેડિટેડ નાના રોલ્સ જ મળ્યા. છેવટે 2009માં આવેલી ફિલ્મ ’વેન્નીલા કબ્બડી કુઝુ’થી તેને ખરી ઓળખ મળી અને તે સમગ્ર તમિલ ઈન્ડસ્ટ્રીમાં ’પરોટા સૂરી’ તરીકે મશહૂર થયો.

## બિપાશાનું છ વર્ષ પછી ક્રાઈમ થ્રિલર સાથે કમબેક

મુંબઈ : અભિનેત્રી બિપાશા બાસુ હંસલ મહેતાની ક્રાઈમ થ્રિલર સીરીઝ 'બારાબંકી' સાથે લગભગ છ વર્ષ પછી અભિનય ક્ષેત્રમાં વાપસી કરી રહી છે. જો કે હજી સત્તાવાર જાહેરાત નથી કરાઈ, પણ અહેવાલો મુજબ તેણે કુખ્યાત માદક પદાર્થોની ગેન્ગ પર આધારીત વેબ શો માટે મુંબઈમાં શૂટિંગ શરૂ કરી દીધું છે.'રાઝ', 'ધૂમ ટુ' અને 'બચના એ હસીનો' માટે પ્રસિદ્ધિ પામેલી બિપાશા છેલ્લે ઓટીટી પ્રોજેક્ટ 'ડેન્જરસ'માં દેખાઈ હતી. અહેવાલ મુજબ હંસલ મહેતા પાસેથી વાર્તા સાંભળ્યા પછી બિપાશા શો માટે તુરંત સહમત થઈ ગઈ હતી. તેના પાત્રનો નાયક સાથે મહત્વનો સંબંધ છે અને તેમાં તેનો તદ્દન નવો લૂક હશે. આઈપીએસ ઓફિસર આલોક લાલના પુસ્તક 'ધી બારાબંકી નાર્કોસ પર આધારીત સીરીઝમાં ૧૯૮૦ના દાયકાના ઉત્તર પ્રદેશમાં ગાંજાના વેપાર સામે મહત્વના પોલીસ ઓપરેશનની વાત છે. વાસ્તવિક વાર્તા કહેવામાં હંસલ મહેતા નિપુણ હોવાથી 'બારાબંકી એ ભારે ઉત્સુકતા જગાડી છે.



એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## GCL: ગંગેસ ગ્રાન્ડમાસ્ટર્સે FYERS અમેરિકન ગેમ્બિટ્સને 9-7થી હરાવી બીજા સ્થાને કૂદકો લગાવ્યો



(એજન્સી) બેંગલુરુ । તા. 07

ગ્લોબલ ચેસ લીગ (GCL) ની ચોથી સીઝનના બીજા દિવસે રોમાંચક મુકાબલા જોવા મળ્યા હતા, જેમાં ટેક મહિન્દ્રા અને FIDE ની સંયુક્ત પહેલ હેઠળ બેંગલુરુ ખાતે રમાયેલી મેચમાં ગંગેસ ગ્રાન્ડમાસ્ટર્સે શાનદાર પ્રદર્શન કર્યું હતું. ગંગેસ ગ્રાન્ડમાસ્ટર્સે અત્યાર સુધી અજેય રહેલી FYERS અમેરિકન ગેમ્બિટ્સના વિજયી રથને અટકાવીને તેમને 9-7થી હરાવ્યા હતા અને પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાન પર કૂદકો લગાવ્યો હતો. દિવસની શરૂઆતની મેચમાં ગંગેસ ગ્રાન્ડમાસ્ટર્સને ડિફેન્ડિંગ ચેમ્પિયન અલ્પાઈન APL પાયપર્સ સામે 11-6થી હારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તે નિરાશા પાછળ છોડીને ટીમમે ગેમ્બિટ્સ સામે જોરદાર વાપસી કરી હતી.

દિવસના અન્ય મુકાબલાઓમાં, PBG અલાસ્કાન નાઈટ્સ અને CheQ મુંબઈ માસ્ટર્સ વચ્ચે પણ રોમાંચક સ્પર્ધા જોવા મળી હતી. ભારતીય ઈસ્પોર્ટ્સ આઈકન અને S8UL ના સહ-સ્થાપક નમન "મોર્ટલ" માથુર પણ પ્રેક્ષકોમાં ઉપસ્થિત રહ્યા હતા, જેમણે નિહાલ સરીનની શાનદાર રમતનો આનંદ માણ્યો હતો. FYERS અમેરિકન ગેમ્બિટ્સ માટે ગંગેસ સામે માત્ર નિહાલ સરીન જ જીત મેળવી શક્યા હતા. જોકે, પ્લેયર ઓફ ધ મેચ બનેલી પોલીના શુવાલોવાએ બિબિસારા અસાઉબાયેવાને હરાવીને ટૂર્નામેન્ટમાં પોતાની સતત ત્રીજી જીત નોંધાવી હતી. આ ઉપરાંત, ઈયાન નેપોમિનિયાચીએ 2026 ના કેન્ડિડેટ્સ વિજેતા જાવોખિર સિંદારોવને રોક-પawn એન્ડગ્રેડમાં હરાવીને ટીમને વિજય અપાવ્યો હતો.

## ફૂટબોલ ઈતિહાસમાં પહેલીવાર! એક જ ટીમમાં સાથે રમશે મેસી અને રોનાલ્ડો?



(એજન્સી) બ્યુનોસ આઈર્સ । તા. 07

ફૂટબોલ જગતના બે સૌથી મોટા મહાન ખેલાડીઓ ક્રિસ્ટીઆનો રોનાલ્ડો અને લિયોનેલ મેસીએ પોતાના શાનદાર કરિયરમાં અસંખ્ય રેકોર્ડ બનાવ્યા છે. અત્યાર સુધી આ બંને દિગ્ગજો ૩૭ વખત એકબીજા સામે મેદાન પર ટકરાયા છે, પરંતુ ક્યારેય એક જ ટીમ માટે સાથે રમ્યા નથી. હવે ફૂટબોલના ઈતિહાસમાં પહેલીવાર એવું બની શકે છે કે આ બંને દિગ્ગજ ખેલાડીઓ એક જ ટીમની જર્સી પહેરીને મેદાન પર ઉતરે. બંનેના પૂર્વ સાથી ખેલાડી કાર્લોસ ટેવેજ આ અદભુત અને રોમાંચક મેચનું આયોજન કરવા જઈ રહ્યા છે.

ટિવાયસી સ્પોર્ટ્સના અહેવાલ મુજબ, કાર્લોસ ટેવેજે આ વિશે બોકા જૂનિયર્સના પ્રમુખ જુઆન રોમન રિકેલ્મે સાથે ગંભીર ચર્ચા કરી છે અને રિકેલ્મેએ આ ખાસ ફેયરવેલ મેચ માટે પોતાની સંમતિ આપી દીધી છે. ટેવેજે અર્જેન્ટિનાની રાષ્ટ્રીય ટીમ માટે લિયોનેલ મેસી સાથે અને ઈંગ્લિશ ક્લબ મેન્ચેસ્ટર યુનાઈટેડ માટે ક્રિસ્ટીઆનો રોનાલ્ડો સાથે ડ્રેસિંગ રૂમ શેર કર્યો છે. આ બંને ખેલાડીઓ સાથે ટેવેજના સંબંધો આજની તારીખમાં પણ ખૂબ સારા છે અને તે સોશિયલ મીડિયા તથા વ્હોટ્સએપ દ્વારા બંનેના સતત સંપર્કમાં રહે છે.

બોકા જૂનિયર્સ ક્લબમાંથી પોતાની પ્રોફેશનલ કારકિર્દીની શરુઆત કરનાર ટેવેજે ૨૦૨૧ માં ફૂટબોલમાંથી સન્યાસ લીધો હતો. હવે આશરે ૫ વર્ષ બાદ તે પોતાની વિદાય (ફેયરવેલ) મેચની ભવ્ય તૈયારી કરી રહ્યો છે. ક્લબનું શેડ્યૂલ પ્રભાવિત ન થાય તે માટે અધિકારીઓ દ્વારા ડિસેમ્બર મહિનામાં આ મેચ યોજવાની યોજના પર કામ ચાલી રહ્યું છે. સંયુક્ત રીતે ૧૩ બેલન ડી'ઓર જીતનારા આ બંને મહાન ખેલાડીઓને એકસાથે મેદાન પર રમતા જોવા એ વિશ્વભરના ફૂટબોલ ચાહકો માટે એક કલ્પનાતીત અને ઐતિહાસિક ક્ષણ સાબિત થશે.

# 'એવું કંઈ જ નથી, પણ નસીબનો સાથ જરૂરી...', ટીમ ઈન્ડિયામાં સિલેક્શન મુદ્દે શિખર ધવનનો જવાબ



(એજન્સી) શ્રીનગર । તા. 07

ભારતીય ક્રિકેટ ટીમના સિલેક્શનમાં પ્રદેશ કે ક્ષેત્રના આધારે પક્ષપાત થતો હોવાના સવાલો પર ટીમના પૂર્વ દિગ્ગજ ઓપનર શિખર ધવને સ્પષ્ટ અને ખુલ્લો જવાબ આપ્યો છે. શ્રીનગરમાં આયોજિત એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જ્યારે ધવનને પૂછવામાં આવ્યું કે શું જમ્મુ-કાશ્મીરના ખેલાડીઓ સાથે ભેદભાવ થાય છે કારણ કે તેમને પૂરતી તકો મળતી નથી, ત્યારે ભારતના આ પૂર્વ ઓપનરે ક્ષેત્રીય ભેદભાવની વાતને સંપૂર્ણપણે નકારી કાઢી હતી. જોકે, તેણે સ્વીકાર્યું હતું કે સિલેક્શન પ્રક્રિયામાં ક્યારેક નસીબ પણ ભાગ ભજવે છે.

શિખર ધવને જણાવ્યું હતું કે, "ના, ચોક્કસપણે કોઈ ભેદભાવ થતો નથી. જો તમે સારું રમશો તો આખી દુનિયામાં કોઈ તમને બહાર નહીં રાખી શકે. તમારો ખેલ જ તમારી ઓળખ બને છે. ક્યારેક કિસ્મત પણ ભૂમિકા ભજવે છે. આ વાત માત્ર જમ્મુ-કાશ્મીર પૂરતી મર્યાદિત નથી. દિલ્હીનો છોકરો હોય કે મુંબઈનો, તમને એવા અસંખ્ય ઉદાહરણો મળશે જ્યાં કોઈ ખેલાડી તકનો હકદાર હતો છતાં તેને તક ન મળી અને તેની જગ્યાએ કોઈ અન્યને પસંદ કરી લેવામાં આવ્યો. આ રમતનો જ એક ભાગ છે."

આ પ્રેસ કોન્ફરન્સ 'પ્રો સ્ટાર ક્રિકેટ લીગ'ની બીજી સિઝનની સત્તાવાર જાહેરાત માટે બોલાવવામાં આવી હતી. આ ટૂર્નામેન્ટ આગામી વર્ષે માર્ચના પ્રથમ સપ્તાહમાં શ્રીનગરથી શરૂ થશે અને તેની રોમાંચક ફાઈનલ મેચ દહેરાદૂનમાં રમાશે. આ લીગમાં ભારતીય ક્રિકેટના દિગ્ગજ શિખર ધવન અને જમ્મુ-કાશ્મીરના જાણીતા ઓલરાઉન્ડર પરવેઝ રસૂલને 'આઈકોનિક ખેલાડી' જાહેર કરવામાં આવ્યા છે.

પરવેઝ રસૂલે વર્ષ ૨૦૧૪ માં ભારત માટે ડેબ્યૂ કર્યું હતું અને તેણે ૧ વનડે તેમજ ૧ T20I મેચ રમી છે. આ ઉપરાંત, ભારત અને IPL રમી ચૂકેલા પરવેઝ રસૂલ તેમજ સ્પીડસ્ટાર ઉમરાન મલિકનો ઉલ્લેખ કરતાં ધવને કહ્યું કે આ ખેલાડીઓને ઉત્તમ પ્લેટફોર્મ મળ્યું છે, પરંતુ સૌથી મહત્ત્વપૂર્ણ એ છે કે ખેલાડી તે સ્તરે સતત સારું પ્રદર્શન કરતો રહે.

## એન્કર ઓરલ કેરે ગ્લોબલ ક્રિકેટ આઈકન જોસ બટલરને ભારતમાં બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા



(એજન્સી) નવી દિલ્હી | તા.07

એન્કર કન્ઝ્યુમર પ્રોડક્ટ્સની પ્રતિષ્ઠિત ઓરલ કેર બ્રાન્ડ એન્કર ઓરલ કેરે ઈંગ્લેન્ડના ક્રિકેટર, વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન અને ટી-20 ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડી જોસ બટલરને ભારતમાં પોતાના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા છે. ભારત એન્કર માટેના સૌથી મજબૂત બજારોમાંનું એક અને કંપનીનું મૂળ બજાર છે. ભારતમાં બ્રાન્ડની સફરના મહત્વપૂર્ણ તબક્કે આ જાહેરાત કરવામાં આવી છે. દેશમાં બ્રાન્ડ અંગે વધુ જાગૃતિ ફેલાવવા, ગ્રાહકો સાથે વધુ મજબૂત જોડાણ સ્થાપિત કરવા તેમજ વિવિધ બજારો અને વેચાણ માધ્યમોમાં પોતાની હાજરી વિસ્તારવાના એન્કરના પ્રયાસોને આ ભાગીદારી વધુ વેગ આપશે. ખાસ કરીને ઓરલ કેર કેટેગરી પર ધ્યાન કેન્દ્રિત કરતાં, જોસ બટલરની વૈશ્વિક ખેલાડી તરીકેની ઓળખ, નેતૃત્વ ક્ષમતા અને જીતવાની માનસિકતાને એન્કરની ગુણવત્તા અને વિશ્વાસની લાંબા સમયથી સ્થાપિત ઓળખ સાથે જોડીને ગ્રાહકો સાથેનું જોડાણ વધુ મજબૂત બનાવવાની એન્કર ઓરલ કેરની મહત્વાકાંક્ષા આ ભાગીદારી દ્વારા વ્યક્ત થાય છે.જોસ બટલરની નિમણૂંક સાથે એન્કર ઓરલ કેરની કોઈ આંતરરાષ્ટ્રીય ખેલાડી સાથેની પ્રથમ ભાગીદારી થઈ છે. વર્ષોથી આઈપીએલમાં પોતાના શાનદાર પ્રદર્શન દ્વારા ભારતીય ક્રિકેટપ્રેમીઓમાં મજબૂત ઓળખ બનાવનારા વૈશ્વિક સ્તરે જાણીતા જોસ બટલર સાથેની આ ભાગીદારી એન્કરને સમગ્ર ભારતના ગ્રાહકો અને પરિવારો સાથેનું જોડાણ વધુ મજબૂત કરવામાં મદદ કરશે. સાથે જ, વિશ્વસનીય પરિવારલક્ષી ઓરલ કેર બ્રાન્ડ તરીકે એન્કરની સ્થિતિને પણ વધુ મજબૂત બનાવશે. આ જાહેરાત અંગે એન્કર કન્ઝ્યુમર પ્રોડક્ટ્સના ડિરેક્ટર કરણ શાહે જણાવ્યું હતું કે, "30થી વધુ દેશોમાં હાજરી ધરાવતી એન્કર ઓરલ કેર સતત પોતાની પહોંચ વધારી રહી છે. ભારત અમારું ઘરેલું બજાર છે અને એન્કર માટે હંમેશાં મહત્વપૂર્ણ રહ્યું છે. ભારતમાં અમારી હાજરીને વધુ મજબૂત બનાવવાની દિશામાં આગળ વધતાં અમે એવી વ્યક્તિ સાથે ભાગીદારી કરવા માગતા હતા, જે શ્રેષ્ઠતા, નેતૃત્વ અને મજબૂત મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરતી હોય. જોસ બટલરની અસાધારણ સફર અને વૈશ્વિક ઓળખ તેમને એન્કર ઓરલ કેર માટે એકદમ યોગ્ય પસંદગી બનાવે છે અને એન્કર પરિવાર સાથે તેમનું સ્વાગત કરતાં અમને ખૂબ આનંદ થાય છે. આ ભાગીદારી અમારા માટે એક નવા અને રોમાંચક અધ્યાયની શરૂઆત છે, કારણ કે અમે સમગ્ર ભારતના ગ્રાહકો સાથે વધુ મજબૂત સંબંધો બાંધવા તરફ આગળ વધી રહ્યા છીએ." એન્કર કન્ઝ્યુમર પ્રોડક્ટ્સના ક્રિએટિવ ડિરેક્ટર કુણાલ શાહે જણાવ્યું હતું કે, "જોસ બટલરમાં પ્રદર્શન, આત્મવિશ્વાસ, સંયમ અને વ્યક્તિત્વનું દુર્લભ સંયોજન જોવા મળે છે, જે તેમને માત્ર એક રમતગમતના આઈકનથી પણ વધુ વિશિષ્ટ બનાવે છે.

# આખી ટીમ 55 રને ઓલઆઉટ ને કેપ્ટનને આટલો ઘમંડ? પાકિસ્તાની કેપ્ટનની હરકત પર ભડક્યા ફેન્સ!

(એજન્સી) દુબઈ । તા. 07

દુબઈમાં રમાયેલા મહિલા એશિયા કપના રોમાંચક મુકાબલામાં ભારતે પાકિસ્તાનને 7 વિકેટે હરાવીને શાનદાર વિજય મેળવ્યો છે અને સેમિફાઈનલમાં પોતાનું સ્થાન પાકું કર્યું છે. આ મેચ દરમિયાન ભારતીય ઓપનર શેફાલી વર્માએ ૨૨ વર્ષ અને ૨૨૦ દિવસની ઉંમરે T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૩,૦૦૦ રન પૂરા કરીને સૌથી યુવા અને ઝડપી બેટર બનવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. જોકે, શેફાલી ૧૨ રન બનાવીને આઉટ થયા બાદ પાકિસ્તાનની કેપ્ટન ફાતિમા સના દ્વારા તેને વિવાદાસ્પદ સેન્ડઓફ આપવામાં આવ્યો હતો, જેની કોમેન્ટેટર વિવેક રાઝદાને સખત ટીકા કરી હતી. રાઝદાને સવાલ કર્યો હતો કે જ્યારે પોતાની ટીમ માત્ર ૫૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હોય ત્યારે આ પ્રકારની અભદ્ર પ્રતિક્રિયા આપવી ક્યારેય યોગ્ય નથી. મેચમાં પાકિસ્તાનનું બેટિંગ પ્રદર્શન અત્યંત કંગાળ રહ્યું હતું. પાકિસ્તાને સારી શરૂઆત કરતા ૨૭ રનમાં કોઈ વિકેટ ગુમાવી ન હતી, પરંતુ ત્યારબાદ તેમની પતન ગાથા શરૂ થઈ હતી અને આખી ટીમ માત્ર ૨૮ રનના ઉમેરા સાથે માત્ર ૫૫ રનમાં સમેટાઈ ગઈ હતી. મહિલા T20I ઈતિહાસમાં પાકિસ્તાનનો આ સૌથી ઓછો સ્કોર છે. ભારત તરફથી ઘાતક સ્પિન બોલિંગ કરતા શ્રી ચરાણી અને પ્રેમા રાવતે ૩-૩ વિકેટ ઝડપી હતી,



જ્યારે દીપ્તિ શર્માએ ૨ વિકેટ મેળવીને પાકિસ્તાનની કમર તોડી નાખી હતી. પાકિસ્તાન માટે બોલિંગમાં ફાતિમા સનાએ ૩ વિકેટ ઝડપી હતી, પરંતુ તે ટીમની હાર ટાળવામાં નિષ્ફળ રહી હતી. પાકિસ્તાન દ્વારા આપવામાં આવેલા ૫૬ રનના સાધારણ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમે કોઈ ખાસ મુશ્કેલી વગર ૩ વિકેટ ગુમાવીને ૮.૪ ઓવરમાં ૫૭ રન બનાવી લીધા હતા અને ૭ વિકેટે આસાન વિજય નોંધાવ્યો હતો.

# વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યા બાદ ઓનલાઈન ઉત્પીડન પર કીયા બેનરજીનું નિવેદન

(એજન્સી) ભોપાલ । તા. 07

ભારતીય પાવરલિફ્ટર કીયા કુંનાલ બેનરજીએ 2026 ના આઈપીએફ (IPF) વર્લ્ડ સબ-જૂનિયર અને જૂનિયર ક્લાસિક પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કર્યા બાદ સામે આવેલા ઓનલાઈન ઉત્પીડન અને જાતીય સતામણી અંગે નિખાલસતાથી વાતચીત કરી છે. કીયાના જણાવ્યા અનુસાર, તેને જે પ્રકારના ટ્રીટમેન્ટનો સામનો કરવો પડ્યો તે 'સેક્સિઝમનું ઉત્તમ ઉદાહરણ' હતું. એક ઈન્ટરવ્યુમાં વાત કરતા તેણે જણાવ્યું કે કોઈ પણ પુરૂષ એથ્લીટે ચેમ્પિયનશિપ જીત્યા બાદ ક્યારેય આ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવો પડતો નથી. લોકો તેની સિદ્ધિની પ્રશંસા કરવાને બદલે માત્ર તેના દેખાવ અને અપીયરન્સ પર વાતો કરતા હતા, જે તેના માટે અત્યંત માનસિક પીડાદાયક હતું.



બકીયાએ સાઉથ આફ્રિકાના સન સિટીમાં યોજાયેલી સ્પર્ધાની જૂનિયર મહિલાઓની 47 કિગ્રા શ્રેણીમાં પોતાના શારીરિક વજન (45.70 કિગ્રા) કરતા ત્રણ ગણાથી વધુ એટલે કે 140 કિગ્રા વજન ડેડલિફ્ટમાં ઉઠાવીને ઈતિહાસ રચ્યો હતો અને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો હતો. જોકે, આ મોટી ઉપલબ્ધિ બાદ સોશિયલ મીડિયા પર સોશિયલ પ્લેટફોર્મ્સ પર ફેક અકાઉન્ટ્સ, તેની તસવીરોના દુરૂપયોગ અને હજારો અનધિકૃત AI-જનરેટેડ મોર્ફ્ડ તસવીરોના કારણે તેને ભારે અસ્વસ્થતા અનુભવાઈ હતી. મુશ્કેલ સમયમાંથી બહાર આવ્યા બાદ હવે તે પોતાના પાવરલિફ્ટિંગના જુસ્સા અને સફર વિશે ખુલીને વાત કરવા માટે ઉત્સાહી છે.

સ્પર્ધાના મેદાન પર કીયાએ અદભુત પ્રદર્શન કરીને પોતાની ઓળખ ઊભી કરી છે. તેણે ડેડલિફ્ટમાં 140 કિગ્રા ઉપરાંત 90 કિગ્રા સ્ક્વાટ અને 50 કિગ્રા બેન્ચ પ્રેસ સાથે કુલ 280 કિગ્રા વજન નોંધીને જૂનિયર મહિલાઓની 47 કિગ્રા શ્રેણીમાં પાંચમું સ્થાન મેળવ્યું હતું. ફ્રાન્સની ઈનેસ હર્બોએ 165 કિગ્રા સાથે ડેડલિફ્ટ ગોલ્ડ જીત્યો હતો, જ્યારે આયર્લેન્ડની બ્લાથનાઈડ ઓ'ડ્વાયરે પણ 140 કિગ્રા વજન ઉઠાવ્યું હતું, જેના કારણે કીયાએ ડેડલિફ્ટ સ્ટેન્ડિંગ્સમાં બીજું સ્થાન મેળવ્યું હતું.

અશોકા યુનિવર્સિટીમાંથી સાયકોલોજીમાં BSc ડિગ્રી મેળવનાર કીયાની પાવરલિફ્ટિંગની સફર જીમમાં ફિટનેસ માટે શરૂ થઈ હતી, પરંતુ મિત્રની પ્રેરણાથી તે પ્રોફેશનલ સ્તરે આગળ વધી. પાવરલિફ્ટિંગને માત્ર વજન ઉઠાવવાની રમત ગણાવતા કીયાએ સ્પષ્ટ કર્યું કે આ એક અત્યંત ટેક્નિકલ રમત છે જેમાં રેફરીના આદેશોનું સચોટ પાલન કરવું પડે છે. તમામ મુશ્કેલીઓ છતાં કીયા તેના પ્રિય એથ્લેટિક્સ અને પાવરલિફ્ટિંગ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરીને ભવિષ્યમાં વધુ સફળતા મેળવવા માટે મક્કમ છે.

# મહિલા એશિયા કપમાં શ્રીલંકાએ બાંગ્લાદેશને 4 વિકેટે હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો

## બાંગ્લાદેશે નિર્ધારિત 20 ઓવરમાં 114/8 રન બનાવ્યા



(એજન્સી) દુબઈ । તા. 07

હર્ષિતા સમરવિક્રમાની ધૈર્યપૂર્ણ અને શાનદાર ઈનિંગના જોરે શ્રીલંકાની મહિલા ક્રિકેટ ટીમે બાંગ્લાદેશના બોલરોના મજબૂત પ્રયાસને નિષ્ફળ બનાવતા રવિવારે 4 વિકેટે રોમાંચક વિજય મેળવ્યો છે. આ જીત સાથે શ્રીલંકાએ મહિલા એશિયા કપની સેમિફાઈનલમાં પોતાનું સ્થાન પાકું કરી લીધું છે. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમની શરૂઆત સારી રહી હતી, પરંતુ શ્રીલંકાના સ્પિનરોની શાનદાર બોલિંગ આગળ બાંગ્લાદેશી ટીમ 20 ઓવરમાં 8 વિકેટે 114 રન જ બનાવી શકી હતી. બાંગ્લાદેશ તરફથી શોભના મોસ્તારીએ 41 બોલમાં 34 રનનું યોગદાન આપ્યું હતું, જ્યારે ચમુદી પ્રબોદાએ ઘાતક બોલિંગ કરતા 3 વિકેટ ઝડપી હતી.

જવાબમાં 115 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી અને બાંગ્લાદેશી ઝડપી બોલર મારુફા અક્ષરે કેપ્ટન ચમારી અથાપથુ સહિત શરૂઆતની વિકેટો ઝડપીને શ્રીલંકાને મુશ્કેલીમાં મૂકી દીધું હતું. એક સમયે શ્રીલંકાની સ્કોર 82 રનમાં 6 વિકેટ થઈ ગયો હતો. ત્યારબાદ હર્ષિતા સમરવિક્રમાએ નીલક્ષિકા સિલ્વા (18 રન) સાથે મળીને ઈનિંગ્સને સંભાળી હતી. મેચ રોમાંચક પર પહોંચી હતી જ્યાં શ્રીલંકાને છેલ્લી ચાર ઓવરમાં 33 રનની જરૂર હતી. હર્ષિતાએ શાનદાર બેટિંગ કરતા 37 બોલમાં 4 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી અણનમ 48 રન બનાવ્યા અને ટીમને વિજય અપાવ્યો.

આ હાર છતાં બાંગ્લાદેશ માટે ટૂર્નામેન્ટની સફર પૂરી થઈ નથી. બાંગ્લાદેશે હવે પોતાની આગામી મેચ યુનાઈટેડ આરબ એમિરેટ્સ (UAE) સામે રમવાની છે. જો બાંગ્લાદેશ તે મુકાબલો જીતી લે છે, તો તે હજુ પણ નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશ મેળવી શકે છે.

સિરીઝ // દ્વિપક્ષીય સિરીઝના અભાવ વચ્ચે નવો વિકલ્પ

# આઈસીસી ટૂર્નામેન્ટમાં ભારત પાકિસ્તાન ટ્રાઈ સિરીઝમાં ટકરાશે

(એજન્સી) કાઠમંડુ । તા. 07

ભારત અને પાકિસ્તાન વચ્ચે લાંબા સમયથી દ્વિપક્ષીય ક્રિકેટ સિરીઝ રમાતી નથી પરંતુ હવે ક્રિકેટ ચાહકો માટે એક મોટા અને રોમાંચક સમાચાર સામે આવ્યા છે કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ બંને કટ્ટર હરીફ ટીમોને એકસાથે મેદાન પર ઉતારવા માટે એક વિશેષ યોજના પર ગંભીરતાથી વિચાર કરી રહી છે જે અંતર્ગત આગામી દિવસોમાં કોઈ મોટી ટ્રાઈ સિરીઝ અથવા ચાર દેશોની વ્હાઈટ બોલ ટૂર્નામેન્ટનું આયોજન થઈ શકે છે અને આ અંગે દુબઈમાં યોજાનારી આગામી બેઠકમાં મોટો નિર્ણય લેવામાં આવી શકે છે.



આંતરરાષ્ટ્રીય ક્રિકેટના આગામી ફ્યૂચર ટૂર્સ પ્રોગ્રામ અંતર્ગત આગામી બાવીસ અને ત્રેવીસ સપ્ટેમ્બરે સંયુક્ત આરબ અમીરાતના દુબઈ શહેરમાં એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન થવા જઈ રહ્યું છે જેમાં વર્ષ બે હજાર સત્તાવીસથી લઈને વર્ષ બે હજાર એકત્રીસ સુધીના ક્રિકેટ કાર્યક્રમો પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવશે અને આ બેઠક દરમિયાન જ ભારત અને પાકિસ્તાનને એક જ મલ્ટી નેશન સિરીઝમાં સામેલ કરવાનો મહત્વનો મુદ્દો પણ મુખ્ય એજન્ડા તરીકે ચર્ચાઈ શકે છે જોકે આ અંગે હજુ સુધી કોઈ પણ પ્રકારનો અંતિમ અધિકૃત નિર્ણય લેવામાં આવ્યો નથી પરંતુ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ પ્રસ્તાવ પર ગંભીર મંથન ચાલી રહ્યું છે જે બંને દેશોના કરોડો ક્રિકેટ પ્રેમીઓ માટે અત્યંત ઉત્સાહજનક સાબિત થઈ શકે છે.

બંને દેશો વચ્ચે રાજકીય તણાવ અને અન્ય કારણોસર લાંબા સમયથી કોઈ પણ પ્રકારની દ્વિપક્ષીય ક્રિકેટ શ્રેણી રમાઈ શકી નથી અને બંને ટીમો માત્ર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ અથવા એશિયન ક્રિકેટ કાઉન્સિલની મોટી ટૂર્નામેન્ટ્સમાં જ એકબીજા સામે ટકરાતી જોવા મળે છે જેને ધ્યાનમાં રાખીને રમતગમતના પ્રશાસકો દ્વારા આ નવો રસ્તો કાઢવામાં આવ્યો છે જેથી તટસ્થ સ્થળો પર આ બંને લોકપ્રિય ટીમોને સામસામે લાવી શકાય અને વૈશ્વિક સ્તરે ક્રિકેટના રોમાંચને વધુ ઊંચાઈઓ પર લઈ જઈ શકાય કારણ કે આ બંને ટીમો વચ્ચેની મેચ હંમેશાથી જ દક્ષિણ એશિયા સહિત સમગ્ર વિશ્વમાં સૌથી વધુ જોવાતી અને આકર્ષક સ્પર્ધા રહી છે.

ઓસ્ટ્રેલિયન ટીમ 9 ઓક્ટોબરથી સાઉથ આફ્રિકા સામે ટકરાશે

# ઓસ્ટ્રેલિયાના ચીફ સિલેક્ટર જ્યોર્જ બૈલીએ માર્નસ લાબુશાગનની પસંદગી પર મૂક્યો ભરોસો

(એજન્સી) મેલબોર્ન । તા. 07



ઓસ્ટ્રેલિયન ક્રિકેટના મુખ્ય પસંદગીકાર (ચીફ ઓફ સિલેક્ટર્સ) જ્યોર્જ બૈલીએ સંઘર્ષ કરી રહેલા બેટર માર્નસ લાબુશાગનની ક્ષમતા પર સંપૂર્ણ ભરોસો વ્યક્ત કર્યો છે. આગામી દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝ માટે માર્નસ લાબુશાગનને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે, જે અંગે બૈલીએ સ્પષ્ટ કર્યું કે માત્ર માર્નસ જ નહીં પરંતુ સમગ્ર બેટિંગ યુનિટ અપેક્ષા મુજબ પ્રદર્શન નથી કરી રહી. વર્ષ ૨૦૨૩માં યુકે ખાતે યોજાયેલી એશિઝ શ્રેણી બાદ માર્નસના બેટમાંથી એકપણ ટેસ્ટ સદી નીકળી નથી, છતાં સિલેક્ટર્સે તેના પર વિશ્વાસ જાળવી રાખ્યો છે. બાંગ્લાદેશ સામેની છેલ્લી શ્રેણીમાં પણ માર્નસ ૧, ૩૧ અને ૪ રન જ બનાવી શક્યો હતો, જેના કારણે તેના ખરાબ ફોર્મ પર સતત સવાલો ઉઠી રહ્યા હતા.

છેલ્લા કેટલાક સમયથી માર્નસનું પ્રદર્શન નબળું રહ્યું છે અને ૨૦૨૩ થી તેણે ૪૨ ઈનિંગ્સમાં ૨૫.૨૩ ની સરેરાશથી માત્ર ૯૫૯ રન બનાવ્યા છે, જેમાં શ્રેષ્ઠ સ્કોર ૯૦ રનનો રહ્યો છે. ટીમની જાહેરાત બાદ વાત કરતા જ્યોર્જ બૈલીએ જણાવ્યું હતું કે, "અમે એ વાત છુપાવતા નથી કે અમે ઈચ્છીએ છીએ કે માર્નસ વધુ રન બનાવે, પરંતુ અમને પૂરો વિશ્વાસ છે કે તે ટીમમાં સકારાત્મક યોગદાન આપી શકે છે." બૈલીએ વધુમાં ઉમેર્યું કે સમગ્ર ઓસ્ટ્રેલિયન બેટિંગ જૂથ અપેક્ષિત સફળતા મેળવી શક્યું નથી, પરંતુ મહત્ત્વની વાત એ છે કે ટીમ તે સમયગાળા દરમિયાન પણ સતત ટેસ્ટ મેચો જીતતી રહી છે અને વિપક્ષી ટીમ કરતાં વધુ રન બનાવવાની રણનીતિ જ મેચ જીતાડે છે. દક્ષિણ આફ્રિકા સામેની આ ટેસ્ટ સિરીઝ ૯ ઓક્ટોબરથી શરૂ થવા જઈ રહી છે. WTCના પોઈન્ટ ટેબલમાં ઓસ્ટ્રેલિયા હાલ પ્રથમ સ્થાને છે જ્યારે ડિફેન્ડિંગ ચેમ્પિયન દક્ષિણ આફ્રિકા બીજા ક્રમે છે.

# ભારતમાં ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરથી માલ પરિવહનનું સમગ્ર ચિત્ર બદલાઈ રહ્યું છે

(એજન્સી) નવી દિલ્હી | તા.07

ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (ડીએફસી) કાર્યરત થવાથી ભારતમાં માલ પરિવહનના નેટવર્કમાં મોટું પરિવર્તન આવી રહ્યું છે. દેશના મુખ્ય ઔદ્યોગિક, ઉત્પાદન અને લોજિસ્ટિક્સ કેન્દ્રો વચ્ચે વધુ ક્ષમતા ધરાવતી, ઝડપી, કાર્યક્ષમ અને વિશ્વસનીય રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ થઈ રહી છે. હાલના ડીએફસી નેટવર્કમાં બે મુખ્ય કોરિડોરનો સમાવેશ થાય છે, જેમાં ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (ઈડીએફસી) અને વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (ડબલ્યુડીએફસી)નો સમાવેશ થાય છે. બંને કોરિડોરની કુલ લંબાઈ આશરે 2,843 કિલોમીટર છે.1,337 કિલોમીટર લાંબો ઈડીએફસી પંજાબના ન્યૂ સહનેવાલથી શરૂ થઈ હરિયાણા અને ઉત્તર પ્રદેશમાંથી પસાર થઈ બિહારના ન્યૂ સોનનગર સુધી પહોંચે છે. જ્યારે 1,506 કિલોમીટર લાંબો ડબલ્યુડીએફસી ઉત્તર પ્રદેશના ન્યૂ દાદરીથી શરૂ થઈ હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતમાંથી પસાર થયા બાદ મહારાષ્ટ્રના ન્યૂ જેએનપીટી સુધી પહોંચે છે.આ વર્ષના કેન્દ્રીય બજેટમાં ત્રીજા ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરની પણ જાહેરાત કરવામાં આવી છે. આ કોરિડોર પશ્ચિમ બંગાળના દાનકુનીને ઝારખંડ, છત્તીસગઢ અને મહારાષ્ટ્ર થઈને ગુજરાત સાથે જોડશે. પ્રસ્તાવિત કોરિડોર દેશના સમર્પિત રેલ માલવાહક નેટવર્કને વધુ વિસ્તૃત કરશે અને મહત્વપૂર્ણ ઔદ્યોગિક તથા લોજિસ્ટિક્સ કેન્દ્રો વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત બનાવશે.ઈડીએફસી અને ડબલ્યુડીએફસી મળીને એક એવી વધુ ક્ષમતા ધરાવતી સમર્પિત રેલ



માલવાહક વ્યવસ્થા ઊભી કરી રહ્યા છે, જે દેશના મુખ્ય ઔદ્યોગિક અને ઉત્પાદન ક્ષેત્રોને મહત્વપૂર્ણ લોજિસ્ટિક્સ કેન્દ્રો અને પોર્ટ્સ સાથે જોડે છે. તેના કારણે માલસામાનને મહત્વપૂર્ણ માલ પરિવહન માર્ગો પર વધુ ઝડપથી અને કાર્યક્ષમ રીતે પહોંચાડવાનું શક્ય બની રહ્યું છે. ડીએફસી નેટવર્કના કારણે આવેલા મહત્વપૂર્ણ ફેરફારોમાં મહત્વપૂર્ણ પોર્ટ્સ સાથે ડબલ-સ્ટેક કન્ટેનર ટ્રેનોની સીધી કનેક્ટિવિટીનો સમાવેશ થાય છે. એકની ઉપર એક એમ બે સ્તરે કન્ટેનર લઈ જતી ટ્રેનો દોડાવવાની ક્ષમતાથી માલ વહન કરવાની ક્ષમતામાં વધારો થયો છે અને લાંબા અંતરના રેલ પરિવહનની કાર્યક્ષમતા સુધારવામાં મદદ મળી રહી છે.ડીએફસીના કારણે માલગાડીઓની ઝડપ વધારવામાં પણ મદદ મળી રહી છે અને સાથે જ હાલના રેલવે નેટવર્ક પર માલગાડીઓના વધતા ટ્રાફિકનું દબાણ ઘટી રહ્યું છે. તેના પરિણામે પેસેન્જર ટ્રેનોના સંચાલન માટે વધારાની ક્ષમતા ઉપલબ્ધ થઈ રહી છે અને સમગ્ર રેલવે માળખાકીય સુવિધાઓનો વધુ અસરકારક ઉપયોગ થઈ રહ્યો છે.આ સમર્પિત કોરિડોરના વિકાસથી લોજિસ્ટિક્સ ક્ષેત્રની કાર્યક્ષમતામાં વધારો થવાની અને માલસામાનની સપ્લાય ચેઈનને વધુ સરળ તથા સુવ્યવસ્થિત બનાવવામાં મદદ મળવાની અપેક્ષા છે. આ સાથે આ કોરિડોર આર્થિક વિકાસને પણ વેગ આપશે. માલ પરિવહન માટે સમર્પિત માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવીને આ કોરિડોર માલસામાનની હેરફેર માટે વધુ કાર્યક્ષમ પરિવહન વ્યવસ્થા ઊભી કરવામાં મદદ કરી રહ્યા છે.ઈડીએફસી અને ડબલ્યુડીએફસી મળીને દેશના માલ પરિવહન વ્યવસ્થાને આધુનિક બનાવવાના અને માલસામાનની હેરફેરને વધુ કાર્યક્ષમ તથા સ્પર્ધાત્મક બનાવવાના પ્રયાસોમાં મહત્વપૂર્ણ માળખાકીય સુવિધા તરીકે ઉભરી આવ્યા છે.

## એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડનો IPO બુધવાર, 9 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે




(એજન્સી) અમદાવાદ | તા.07

એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ (the "Company") બુધવાર, 9 સપ્ટેમ્બર, 2026ના રોજ રૂ. 10ની ફેસ વેલ્યુ ધરાવતા તેના ઈક્વિટી શેર ("Equity Shares") નો આઈપીઓ ("Offer") શરૂ કરવાની દરખાસ્ત ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડીંગની તારીખ બિડ/ઓફર શરૂ થવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે મંગળવાર, 8 સપ્ટેમ્બર, 2026 છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, 11 સપ્ટેમ્બર, 2026 છે.ઓફર માટેનો પ્રાઈઝ બેન્ડ રૂ. 10ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર માટે રૂ. 132થી રૂ. 139 નક્કી કરવામાં આવ્યો છે. બિડ રૂ. 10ની ફેસ વેલ્યુ ધરાવતા ઓછામાં ઓછા 107 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ રૂ. 10ની ફેસ વેલ્યુ ધરાવતા 107 ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.આ ઓફરમાં કેટલાક વર્તમાન શેરધારકો દ્વારા રૂ. 10ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ 5,27,31,946 ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ સામેલ છે. તેમાં એવન્યુ ઈન્ડિયા રિઝર્જન્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. 10ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ 2,48,23,910 ઈક્વિટી શેર અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા રૂ. 10ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ 1,09,63,062 ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે (એવન્યુ ઈન્ડિયા રિઝર્જન્સ પ્રાઈવેટ લિમિટેડ અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાને મળીને "Promoter Selling Shareholders"). આ ઉપરાંત લેથે ઈન્વેસ્ટમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ (the "Investor Selling Shareholder") દ્વારા રૂ. 10ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ 1,62,44,858 ઈક્વિટી શેર અને ધ ફેડરલ બેન્ક લિમિટેડ (the "Other Selling Shareholder", પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર અને ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર સાથે, the "Selling Shareholders") દ્વારા રૂ. 10ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ 7,00,116 ઈક્વિટી શેરનું વેચાણ કરવામાં આવશે.

## News Brief

### રેન્ટોમોજો લિમિટેડનો આઈપીઓ બુધવાર, 9 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે

અમદાવાદ | રેન્ટોમોજો લિમિટેડ (The "Company") ઈક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર બુધવાર, 09 સપ્ટેમ્બર, 2026ના રોજ ખોલશે. ઓફરનો પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 384થી રૂ. 404 નક્કી કરવામાં આવ્યો છે. ("Price Band"). બિડ્સ લઘુતમ 37 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 37 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે ("Minimum Bid Lot"). એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ મંગળવાર, 08 સપ્ટેમ્બર, 2026ના રોજ રહેશે. બિડ/ઓફર બુધવાર, 09 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે. ઓફરમાં રૂ. 1,500 મિલિયન (રૂ. 150 કરોડ) સુધીના મૂલ્યના ફ્રેશ ઈશ્યૂ (the "Fresh Issue") અને 2,73,65,529 સુધીના ઈક્વિટી શેર્સની વેચાણ માટેની ઓફર ("Offer for Sale" and collectively with the Fresh Issue, the "Offer") નો સમાવેશ થાય છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. 1 છે.કંપની ફ્રેશ ઈશ્યૂથી મળનારી કુલ રકમનો નીચે મુજબ ઉપયોગ કરવાની દરખાસ્ત કરે છેઃ 1. કંપની દ્વારા મેળવવામાં આવેલા કેટલાક બાકી ઋણ અને તેના પરના વ્યાજની સંપૂર્ણ કે અંશતઃ પુનઃચુકવણી અથવા પૂર્વચુકવણી માટે 2. કંપનીના વેરહાઉસીસ તથા એક્સપિરિયન્સ સ્ટોર્સ માટેની લીઝ રેન્ટલ/લાયસન્સ ફીની ચુકવણી માટે અને 3. સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે. આ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવેલા ઈક્વિટી શેર્સને સ્ટોક એક્સચેન્જીસ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. ઓફરના હેતુઓ માટે એનએસઈ ડેઝિગ્નેટેડ સ્ટોક એક્સચેન્જ રહેશે. મોતીલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ અને આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસ લિમિટેડ (અગાઉ આઈઆઈએફએલ સિક્યોરિટીઝ લિમિટેડ તરીકે ઓળખાતી) આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

## છેતરાતા બચવા જાણી લો નિયમો અને ગ્રેડિંગ

# સોના પછી હવે ચાંદીમાં પણ હોલમાર્કિંગ થશે ફરજિયાત!

(એજન્સી) નવી દિલ્હી | તા.07

તહેવારોની મોસમમાં ચાંદીની ખરીદીમાં છેતરપિંડી ટાળવા સરકારે મોટો નિર્ણય લીધો છે. હવે ચાંદીના દાગીના પર પણ હોલમાર્કિંગ ફરજિયાત બનશે. 25,000થી વધુ ઝવેરીઓએ BIS સાથે નોંધણી કરાવી છે અને 102 જિલ્લાઓમાં 341 કેન્દ્રો કાર્યરત છે. ગ્રાહકો 'BIS CARE' એપ દ્વારા HUID નંબરથી શુદ્ધતા ચકાસી શકશે. દક્ષિણ ભારત હોલમાર્કિંગમાં 62% હિસ્સો ધરાવે છે.

ભારતમાં તહેવારોની મોસમ શરૂ થઈ ચૂકી છે. સોના-ચાંદીની ખરીદીમાં વધારો જોવા મળી રહ્યો છે. આપણે સોનાના હોલમાર્કિંગ વિશે તો ઘણું જાણીએ છીએ, પરંતુ ચાંદીની ખરીદીમાં શુદ્ધતાની ખાતરી કેવી રીતે કરવી તે અંગે ઘણાં લોકો અજાણ હોય છે. ચાંદીની ખરીદીમાં છેતરપિંડીથી બચવા અને સાચા દામમાં સાચી વસ્તુ મેળવવા માટે ચાંદીનું હોલમાર્કિંગ સમજવું ખૂબ જ જરૂરી છે. ચાલો, સમજીએ કે આ



હોલમાર્કિંગ શું છે અને તે કેવી રીતે કામ કરે છે.હોલમાર્કિંગ એ ગ્રાહકોને ચાંદીના દાગીનાની શુદ્ધતા અથવા સુંદરતાની થર્ડ-પાર્ટી દ્વારા અપાતી ખાતરી છે. જૂન 2021થી સોના માટે હોલમાર્કિંગ ફરજિયાત કરવામાં આવ્યું છે, પરંતુ ચાંદીના દાગીના માટે વર્ષ 2005થી આ પ્રક્રિયા સ્વૈચ્છિક (મરજિયાત) રાખવામાં આવી છે. જોકે, અહેવાલો મુજબ સરકાર આગામી મહિનાથી ચાંદીના દાગીના પર પણ હોલમાર્કિંગ ફરજિયાત બનાવવાનું વિચારી રહી છે. આ નિર્ણય સરકારના પરીક્ષણ અને પ્રમાણપત્ર માળખાને વધુ મજબૂત બનાવશે. અત્યાર સુધીમાં 25,000થી વધુ ઝવેરીઓએ હોલમાર્કિંગ માટે 'બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ' (BIS) સાથે નોંધણી કરાવી લીધી છે. આ ઉપરાંત દેશના 102 જિલ્લાઓમાં ચાંદીના મૂલ્યાંકન અને હોલમાર્કિંગ માટે 341 કેન્દ્રો (AHCs - Assaying and Hallmarking Centres) કાર્યરત છે. હોલમાર્કવાળા દાગીના વેચવા માટે ઝવેરીઓને ભારતીય ધોરણ 'IS 2112' (ચાંદી અને ચાંદીના એલોય ઝવેરાત અને કલાકૃતિઓ - સુંદરતા અને માર્કિંગ) હેઠળ નોંધણીનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

HUID એટલે હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં તેની રજૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં 77 લાખથી વધુ ચાંદીના દાગીના અને કલાકૃતિઓને આ 6-અંકનો નંબર મળી ચૂક્યો છે. નાણાકીય વર્ષ 2025માં 32 લાખ ચાંદીની વસ્તુઓનું હોલમાર્કિંગ કરવામાં આવ્યું હતું (જેમાં HUID સામેલ ન હતો).

## હૈટોંગ કહે છે કે પેટીએમ આંતરિક રીતે વિસ્તરણ માટે ભંડોળ પૂરું પાડી શકે છે

નવી દિલ્હી : હૈટોંગ ઈન્ટરનેશનલને અપેક્ષા છે કે પેટીએમ મજબૂત ટ્રેઝરી પોર્ટફોલિયો દ્વારા સમર્થિત, ઓપરેટિંગ મેટ્રિક્સમાં સુધારો અને નફાકારકતામાં વધારો કરીને, બાહ્ય ભંડોળ એકત્ર કરવાની જરૂરિયાતને મર્યાદિત કરીને, આંતરિક સંચય દ્વારા તેના ભાવિ વિસ્તરણ માટે ભંડોળ પૂરું પાડી શકશે. One97 કોમ્યુનિકેશન્સ પરના તેના તાજેતરના અહેવાલમાં, હૈટોંગે જણાવ્યું હતું કે પેટીએમ ભૂતકાળમાં અનેક નિયમનકારી અવરોધોનો સામનો કરી ચૂક્યું છે પરંતુ સમયસર સુધારાત્મક પગલાં લઈને 'ખૂબ મજબૂત' બન્યું છે, જ્યારે આ ચિંતાઓને દૂર કરવામાં મેનેજમેન્ટના અભિગમ તરફ પણ ધ્યાન દોર્યું છે. બ્રોકરેજએ *1,980* ના લક્ષ્ય ભાવ સાથે તેનું **આઉટપર્ફોર્મ* રેટિંગ જાળવી રાખ્યું હતું. હૈટોંગે કહ્યું હતું કે પેટીએમનો મજબૂત ટ્રેઝરી પોર્ટફોલિયો અને સ્વસ્થ ઓપરેટિંગ મેટ્રિક્સ, EBITDA માર્જિનમાં સુધારો કરીને સમર્થિત, ભવિષ્યના વિસ્તરણ યોજનાઓને ટેકો આપવા માટે પૂરતા આંતરિક સંચય બનાવવા જોઈએ. રિપોર્ટમાં માર્ચ 2026 સુધીમાં લગભગ *135 બિલિયનનો ટ્રેઝરી પોર્ટફોલિયો નોંધવામાં આવ્યો છે.બ્રોકરેજને અપેક્ષા છે કે FY26 થી FY28 દરમિયાન Paytm ની આવક લગભગ *30% CAGR ના દરે વધશે, જ્યારે EBITDA અને કર પછીનો નફો આ સમયગાળા દરમિયાન લગભગ પાંચ ગણો વધવાનો અંદાજ છે. Haitong અપેક્ષા રાખે છે કે PAT FY28** સુધીમાં *26.7 બિલિયન સુધી પહોંચશે, જે FY26 માં 5.5 બિલિયન હતો. Haitong એવી પણ અપેક્ષા રાખે છે કે સમગ્ર સંસ્થામાં AI નો સતત ઉપયોગ ઝડપી આવક વૃદ્ધિ અને વધુ ઓપરેટિંગ લીવરેજને ટેકો આપશે, જે EBITDA માર્જિન વિસ્તરણને આગળ વધારવામાં મદદ કરશે. તે અપેક્ષા રાખે છે કે Paytm નું મુખ્ય EBITDA માર્જિન FY28* સુધીમાં *19% સુધી પહોંચશે. અહેવાલમાં ઓપરેટિંગ કાર્યક્ષમતામાં સુધારો પણ પ્રકાશિત કરવામાં આવ્યો છે, નોંધ્યું છે કે કર્મચારી ખર્ચ FY26 માં *16% વાર્ષિક ધોરણે ઘટીને લગભગ 26 બિલિયન થયો છે.

## પોસ્ટ ઓફિસની આ સ્કીમમાં 30 લાખ મૂકો, દર મહિને ₹20,500ની આવક મેળવો




(એજન્સી) નવી દિલ્હી | તા.07

વૃદ્ધાવસ્થામાં નાણાકીય સુરક્ષા દરેક વ્યક્તિની સૌથી મોટી જરૂરિયાત હોય છે. નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ નિયમિત આવકનો એક સ્ત્રોત હોવો ખૂબ જ જરૂરી છે, જેથી રોજિંદા ખર્ચ સરળતાથી ચલાવી શકાય. આવી સ્થિતિમાં પોસ્ટ ઓફિસની અનેક યોજનાઓ સામાન્ય લોકો માટે વરદાન સાબિત થઈ રહી છે. આ બચત યોજનાઓમાં એક વખત પૈસા રોકાણ કરીને તમે તમારી માસિક આવકને સંપૂર્ણપણે સુરક્ષિત કરી શકો છો. ખાસ વાત એ છે કે શેરબજારના ઉતાર-ચઢાવની તેના પર કોઈ અસર થતી નથી, એટલે કે તમારું રોકાણ સુરક્ષિત રહે છે. પોસ્ટ ઓફિસની સિનિયર સિટિઝન સેવિંગ સ્કીમ (SCSS) વૃદ્ધોની નાગરિકોમાં ખૂબ લોકપ્રિય છે. સરકાર આ યોજનાની સુરક્ષાની ગેરંટી આપે છે, તેથી તે ઓછા જોખમવાળી સરકારી બચત યોજના છે. બેંક FDની સરખામણીમાં આ યોજનામાં સારું વ્યાજ આપવામાં આવી રહ્યું છે. કોઈપણ વૃદ્ધ નાગરિક માત્ર 1,000 રૂપિયાની રકમથી પોતાનું ખાતું ખોલાવી શકે છે. સૌથી મહત્વની વાત એ છે કે તેમાં રોકાણ કરવા પર આવકવેરાની કલમ 80C હેઠળ 1.5 લાખ રૂપિયા સુધીની કરછૂટનો લાભ પણ મેળવી શકાય છે. આ સ્કીમમાં ખાતું ખોલાવવાના નિયમો ખૂબ સરળ રાખવામાં આવ્યા છે. જો તમે સિંગલ એકાઉન્ટ ખોલાવો છો, તો તેમાં મહત્તમ 15 લાખ રૂપિયા જમા કરી શકો છો. જ્યારે પતિ-પત્ની મળીને જોઈન્ટ એકાઉન્ટ ખોલાવે છે, ત્યારે મહત્તમ રોકાણની મર્યાદા 30 લાખ રૂપિયા થઈ જાય છે. યોજનાનો મેચ્યોરિટી પિરિયડ પાંચ વર્ષનો હોય છે. મેચ્યોરિટી પૂર્ણ થયા બાદ તમે તમારી મૂળ રકમ પરત મેળવી શકો છો. આ ઉપરાંત, જરૂરિયાત હોય તો યોજનાને આગામી ત્રણ વર્ષ માટે એક્સટેન્ડ પણ કરી શકાય છે. હવે સૌથી મોટો સવાલ એ છે કે આ યોજનામાંથી દર મહિને સારી આવક કેવી રીતે થશે. હાલમાં સરકાર આ સ્કીમ પર 8.2 ટકાના દરે વાર્ષિક વ્યાજ આપી રહી છે. જો કોઈ કપલ જોઈન્ટ એકાઉન્ટમાં એકસાથે 30 લાખ રૂપિયા જમા કરે છે, તો 8.2 ટકાના હિસાબે વાર્ષિક 2,46,000 રૂપિયાનું વ્યાજ બને છે.

## એર ઈન્ડિયાનો આગામી તબક્કો ગ્રાહકોના વિશ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે; "સલામતી દરેક બાબતથી ઉપર છે," ચેરમેન એન ચંદ્રશેખરન કહે છે

નવી દિલ્હી : એર ઈન્ડિયાના ચેરમેન એન ચંદ્રશેખરને પરિવર્તનના આગામી તબક્કામાં પ્રવેશ કરતી વખતે સલામતી, ગ્રાહક વિશ્વાસ, કાર્યકારી શ્રેષ્ઠતા અને નાણાકીય ટકાઉપણું પર એરલાઈનના ધ્યાનને પુનઃપુષ્ટિ આપી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એક આંતરિક બેઠકમાં બોલતા, ચંદ્રશેખરને ભાર મૂક્યો હતો કે એર ઈન્ડિયામાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવો એ એરલાઈનની મુખ્ય પ્રાથમિકતા રહેવી જોઈએ, અને કહ્યું કે આ માટે વિશ્વ-સ્તરીય પ્રક્રિયાઓ, સખત પાલન અને સમગ્ર સંગઠનમાં વ્યક્તિગત જવાબદારીની જરૂર પડશે, ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા મુજબ. 'એર ઈન્ડિયાએ જે સૌથી મહત્વપૂર્ણ વસ્તુ રાખવાની ઈચ્છા રાખવી જોઈએ તે લોકોના મનમાં વિશ્વાસ છે. એર ઈન્ડિયા દરેક વસ્તુથી ઉપર સલામતીની કાળજી રાખવા માટે જાણીતી હોવી જોઈએ. અમારો સલામતી રેકોર્ડ ફક્ત વિશ્વની શ્રેષ્ઠ એરલાઈન્સ સાથે મેળ ખાતો ન હોવો જોઈએ, તે શ્રેષ્ઠ કરતાં વધુ સારો હોવો જોઈએ,' સૂત્રોએ તેમને ટાંકીને જણાવ્યું હતું.ચંદ્રશેખરન, આઉટગોઈંગ સીઈઓ અને એમડી કેમ્પબેલ વિલ્સન અને આવનારી સીઈઓ અને એમડી ટેવોલ્ડે ગેબ્રેમરિયમ સાથે, સોમવારે ટાઉન હોલમાં કર્મચારીઓને સંબોધિત કર્યા. છેલ્લા ચાર




વર્ષમાં કર્મચારીઓના યોગદાન બદલ આભાર માનતા, ચંદ્રશેખરને કહ્યું કે એર ઈન્ડિયા દેશમાં એક અનોખું સ્થાન ધરાવે છે અને વિશ્વભરના ભારતીયોના હૃદયમાં એક ખાસ સ્થાન ધરાવે છે. 'મારા માટે, એર ઈન્ડિયાને ટાટા ગ્રુપમાં પાછું લાવવું એ મારી કારકિર્દીના સૌથી મહત્વપૂર્ણ સીમાચિહ્નોમાંનું એક છે, ખૂબ જ મહત્વપૂર્ણ ઘટના છે. એર ઈન્ડિયા એક અબજ લોકોનો છે. તે ફક્ત બીજો કોઈ વ્યવસાય નથી,' તેમણે કહ્યું, 'તે કદાચ એકમાત્ર વ્યવસાય છે જેના વિશે એક અબજ લોકો વાત કરે છે, તેના પર મંતવ્યો ધરાવે છે, ઉગ્ર ટીકા કરે છે અને ક્યારેક પ્રશંસા કરે છે.

## મનિકા પ્લાસ્ટેક લિમિટેડનો IPO શુક્રવાર, 11 સપ્ટેમ્બર, 2026 ના રોજ ખુલશે

(એજન્સી) નવી દિલ્હી | તા.07

મનિકા પ્લાસ્ટેક (The "Company") તેના ઈક્વિટી શેરના આઈપીઓ માટેની બિડ/ઓફર શુક્રવાર, 11 સપ્ટેમ્બર, 2026ના રોજ ખોલશે. ઓફર માટે ઈક્વિટી શેર દીઠ પ્રાઈઝ બેન્ડ રૂ. 40થી રૂ. 43 નક્કી કરવામાં આવ્યો છે ("Price Band"). ઓછામાં ઓછા 348 ઈક્વિટી શેર માટે બિડ કરી શકાશે અને ત્યારબાદ 348 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે ("Minimum Bid Lot").એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ ગુરુવાર, 10 સપ્ટેમ્બર, 2026 રહેશે. બિડ/ઓફર શુક્રવાર, 11 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે અને બુધવાર, 16 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે.આ ઓફરમાં કુલ રૂ. 92.5 કરોડ સુધીનો ફ્રેશ ઈશ્યૂ (the "Fresh Issue") અને કુલ



76,74,418 ઈક્વિટી શેર સુધીની ઓફર ફોર સેલ ("Offer for Sale") સામેલ છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. 2 છે.કંપની ઓફરમાંથી મળનારી ચોખ્ખી આવકનો ઉપયોગ નીચેના હેતુઓ માટે કરવાની દરખાસ્ત ધરાવે છે:(1) પ્લાન્ટ અને મશીનરીની ખરીદી માટેના મૂડી ખર્ચને ભંડોળ પૂરું પાડવા, (2) કંપની દ્વારા લેવામાં આવેલી કેટલીક લોન અને અન્ય ઋણની આંશિક અથવા સંપૂર્ણ ચુકવણી અને/અથવા સમય પહેલાં ચુકવણી કરવા માટે અને (3) સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે.આ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મારફતે ઓફર કરવામાં આવનારા ઈક્વિટી શેરને બીએસઈ લિમિટેડ ("BSE") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE" and together with BSE, the "Stock Exchanges") પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે.

## ASUS MSME સેગમેન્ટ માટે મેન્ટર તરીકે રાજીવ તલરેજા સાથે સહયોગ કરે છે, અને ASUS EXPERT SERIES 'ચિંતા-મુક્ત વ્યવસાય માટે બિલ્ટ' વચનને મજબૂત બનાવે છે

(એજન્સી) ગાંધીનગર | તા.07

ASUS ઈન્ડિયા તેના EXPERT SERIES પીસીના 'Built for Worry-free Business Experience' વચનને મજબૂત બનાવવા માટે, MSME સેગમેન્ટના માર્ગદર્શક તરીકે MSME નિષ્ણાત અને ક્વોન્ટમ લીપના સ્થાપક રાજીવ તલરેજાની જાહેરાત કરતા ગર્વ અનુભવે છે.આ સીમાચિહ્નરૂપ, લાંબા ગાળાના સહયોગનો ઉદ્દેશ્ય ભારતીય MSME નેતાઓ વ્યવસાયિક પીસીનો ઉપયોગ કેવી રીતે કરે છે તે ફરીથી વ્યાખ્યાયિત કરવાનો છે, તેમને ટકાઉ એન્ટરપ્રાઈઝ વૃદ્ધિ પર સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કરવા માટે તકનીકી અવરોધોને દૂર કરવા માટે સશક્ત બનાવવાનો છે. ભારતના બીજા ક્રમના સૌથી મોટા રોજગાર ક્ષેત્ર અને એક વિશાળ આર્થિક એન્જિન તરીકે, MSMEs ઝડપથી વિકાસ પામી રહ્યા છે. આ ગતિને ટકાવી રાખવા માટે, વ્યવસાય માલિકોએ એન્ટરપ્રાઈઝ વર્કલોડ,



ઉત્પાદકતા અને સહયોગમાં વધારો કરવા માટે રચાયેલ હેતુ-નિર્મિત PC અપનાવીને દૈનિક તકનીકી ઘર્ષણને દૂર કરવું જોઈએ. રાજીવ તલરેજા MSMEs ના અંતિમ અવાજ છે અને MSME સ્થાપકોની મુખ્ય કાર્યકારી જરૂરિયાતોને ઊંડાણપૂર્વક સમજે છે. ક્વોન્ટમ લીપની તાલીમ અને કોચિંગ દ્વારા 12 લાખથી વધુ વ્યવસાય માલિકોને તાલીમ આપીને, તેઓ ઈકોસિસ્ટમની ઊંડી સમજ ધરાવે છે જે MSME સફળતાને આગળ ધપાવવા માટે ASUS ની પ્રતિબદ્ધતા સાથે સંપૂર્ણ રીતે સુસંગત છે.ગયા વર્ષની શરૂઆતમાં, ASUS એ એક મહત્વપૂર્ણ બજાર તફાવત શોધી કાઢ્યો હતો જેમાં નાના વ્યવસાયો અને વ્યાવસાયિકોને બિઝનેસ ગ્રેડ લેપટોપની જરૂર હતી પરંતુ તેઓ મોટાભાગે વધુ સારા વિકલ્પોથી અજાણ હતા, જેમાં મોટાભાગના લોકો નિયમિત અને આધુનિક રિટેલ ચેનલોમાંથી બિન-વ્યવસાયિક લેપટોપ ખરીદતા હતા.

## ટેપથી લઈને ટેકઓફ સુધી: સ્કેપિયા અને એક્સિસ બેંકે ભારતની નવી પેઢીના પ્રવાસીઓ માટે કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ લોન્ચ કર્યું

ગુજરાત : ભારતની અગ્રણી ટ્રાવેલ ફિનટેક સ્કેપિયા (Scapia) અને ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની બેંકોમાંની એક એક્સિસ બેંકે આજે 'સ્કેપિયા એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ' નું અનાવરણ કર્યું છે, જે ભારતની નવી પેઢીના પ્રવાસીઓ માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે જેઓ દરેક ખર્ચને તેમની આગામી મુસાફરી તરફના એક પગલા તરીકે જુએ છે. આ કાર્ડ પેમેન્ટ્સ, રિવોર્ડ્સ અને પ્રવાસને એક કનેક્ટેડ એપ પર સાથે લાવે છે - જે ગ્રાહકોને સ્કેપિયા દ્વારા ખર્ચનું સંચાલન અને ટ્રેક કરવા, પ્રવાસ બુક કરવા અને રિવોર્ડ્સ રિડીમ કરવાની સુવિધા આપે છે. દરેક પાત્રતા ધરાવતો ખર્ચ અને યુપીઆઈ (UPI) વ્યવહાર રિવોર્ડ્સ મેળવે છે, જેને ફ્લાઈટ્સ, સ્ટે (રોકાણ), અનુભવો, શોપિંગ અને વધુમાં રિડીમ કરી શકાય છે. માસ્ટરકાર્ડ (Mastercard) અને રૂપે (RuPay) બંને નેટવર્ક પર ઉપલબ્ધ, આ કાર્ડ તમામ ખર્ચ માટે ટૅપથી લઈને ટેકઓફ સુધીનો સીમલેસ ડિજિટલ અનુભવ પ્રદાન કરે છે.આ ભાગીદારી એક્સિસ બેંકની કાર્ડ્સ અને પેમેન્ટ્સમાં અગ્રણી ભૂમિકા અને સ્કેપિયાના ટ્રાવેલ-ફર્સ્ટ પ્લેટફોર્મને ડિજિટલી સજ્જ પ્રવાસીઓ માટે એક અલગ પ્રપોઝિશન બનાવવા માટે સાથે લાવે છે. આ સહયોગ પેમેન્ટ્સ, રિવોર્ડ્સ અને પ્રવાસને એકીકૃત રીતે સાંકળવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જે એક એવો અનુભવ આપે છે જે વધુ સહજ, સુસંગત અને લાભદાયી છે.

સ્કેપિયાના સ્થાપક અને સીઈઓ અનિલ ગોટેટીએ જણાવ્યું હતું કે, 'અમે એક્સિસ બેંક સાથે ભાગીદારી કરવા માટે ઉત્સાહિત છીએ - આ અમારા માટે એક નવું પ્રકરણ છે. યુવા ભારતીયો પહેલા કરતાં વધુ પ્રવાસ કરી રહ્યા છે, અને અમે સ્કેપિયાને તેમને એક એવી નાણાકીય પ્રોડક્ટ આપવા માટે બનાવી છે જે તે મહાત્વાકાંક્ષા સાથે મેળ ખાય છે. એક જ એપ જ્યાં તેઓ ખર્ચ કરી શકે છે, તેમની ટ્રિપ્સ બુક કરી શકે છે, પ્રવાસ માટે શોપિંગ કરી શકે છે અને રિવોર્ડ્સ મેળવી શકે છે, જે બધું પ્રવાસીને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યું છે. અમારા વપરાશકર્તાઓ સ્કેપિયાને 175 થી વધુ દેશોમાં લઈ ગયા છે.

## કંપનીઓ પર વધશે નાણાકીય બોજ, ભારતમાં ઓનલાઈન પ્લેટફોર્મ પર કાર્યરત ગિગ કામદારો માટે સામાજિક સુરક્ષા યોગદાન અંગેના નિયમોની ચર્ચા ચાલી રહી છે

# Ola, Uber અને Delivery Boy માટે બદલાશે નિયમો

## કેબ, ઓટો અને બાઈક જેવી રાઈડ-હેલિંગ સેવાઓ પર ખાસ કરીને ચુકવણી-આધારિત સિસ્ટમનો બોજ પડવાની શક્યતા છે

(એજન્સી) નવી દિલ્હી | તા.07

સામાજિક સુરક્ષા સંહિતા, 2020 હેઠળ, એગ્રીગેટર કંપનીઓએ ગિગ અને પ્લેટફોર્મ કામદારો માટે સ્થાપિત સામાજિક સુરક્ષા ભંડોળમાં ફાળો આપવો જરૂરી છે. આ યોગદાન નક્કી કરવા માટેની ફોર્મ્યુલા હાલમાં વિચારણા હેઠળ છે. સરકાર એ વિચારી રહી છે કે એગ્રીગેટર કંપનીઓ પાસેથી યોગદાન તેમના વાર્ષિક ટર્નઓવરના આધારે વસૂલવામાં આવે કે કામદારોને કરવામાં આવતી ચુકવણીના આધારે. બંને અભિગમોની વિવિધ વ્યવસાયો પર અલગ અલગ અસર પડી શકે છે.વિશ્લેષકો અને ઉદ્યોગ સૂત્રોના જણાવ્યા મુજબ, શ્રમ અને રોજગાર મંત્રાલય પ્રતિ-વ્યવહાર અથવા પ્રતિ-કામદાર ચુકવણી




પ્રણાલીના આધારે સામાજિક સુરક્ષા યોગદાનને પ્રમાણિત કરવાનું વિચારી રહ્યું છે. બીજો વિકલ્પ કંપનીઓના વાર્ષિક ટર્નઓવર પર યોગદાનને આધાર બનાવવાનો છે. વિશ્લેષકો અને ઉદ્યોગ સૂત્રોના જણાવ્યા મુજબ, પ્રતિ-વ્યવહાર અથવા પ્રતિ-કામદાર ચુકવણી મોડેલ એવા વ્યવસાયો પર વધુ નાણાકીય બોજ લાદી શકે છે જેમના વ્યવહારોની સંખ્યા વધુ હોય પરંતુ પ્રતિ-વ્યવહાર મૂલ્ય ઓછું હોય. બંને સિસ્ટમોની અસર વિવિધ પ્લેટફોર્મના વ્યવસાય મોડેલને કારણે અલગ અલગ હોઈ શકે છે.

સામાજિક સુરક્ષા સંહિતા, 2020 હેઠળ, એગ્રીગેટર કંપનીઓ માટે ગિગ અને પ્લેટફોર્મ કામદારો માટે સામાજિક સુરક્ષા ભંડોળમાં યોગદાન આપવું ફરજિયાત છે. નિયમો અનુસાર, એક ગિગ કાર્યકર નાણાકીય વર્ષમાં 90 દિવસ એક જ એગ્રીગેટર સાથે અથવા બહુવિધ એગ્રીગેટર કંપનીઓ સાથે કુલ 120 દિવસ કામ કર્યા પછી આ યોજના હેઠળ લાભો માટે પાત્ર બને છે. એગ્રીગેટર કંપનીઓએ તેમના વાર્ષિક યોગદાનની ગણતરી કરવી અને તેને વાર્ષિક ધોરણે જમા કરાવવી જરૂરી છે. આ યોગદાનની ગણતરી માટે હવે તકનીકી માળખા પર વિચાર કરવામાં આવી રહ્યો છે.

કોડની કલમ 114(4) હેઠળ, એગ્રીગેટર્સે તેમના વાર્ષિક ટર્નઓવરના 1 થી 2% યોગદાન આપવું જરૂરી છે. જો કે, આ રકમ ગિગ અને પ્લેટફોર્મ કામદારોને કરવામાં આવતી કુલ ચુકવણીના 5% થી વધુ ન હોઈ શકે. વિકલ્પ તરીકે, મંત્રાલય કામદારોને સીધી ચૂકવણી પર આધારિત ફોર્મ્યુલા પર પણ વિચાર કરી રહ્યું છે, જ્યાં ચુકવણીના 5% સુધીનું યોગદાન લઈ શકાય છે. વિશ્લેષકો માને છે કે આવી ચુકવણી-આધારિત સિસ્ટમ રાઈડ-હેલિંગ, એટલે કે, કેબ, ઓટો અને બાઈક સેવાઓ જેવા ઉચ્ચ વ્યવહાર વ્યવસાયો માટે ખૂબ જ બોજારૂપ બની શકે છે.

## મહારાષ્ટ્રની ઘટના પર સુપ્રીમ કોર્ટ લાલઘૂમ!

# ડોક્ટરો પર હુમલો કરનારા નેતાઓને સીધા જેલમાં નાખો

(એજન્સી) મહારાષ્ટ્ર | તા.07

સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રમાં ડોક્ટરો પર રાજકીય પક્ષોના સભ્યો દ્વારા થતા હુમલાઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. પાલઘરની રિલીફ હોસ્પિટલમાં શિવસેનાના નેતાઓ દ્વારા ડોકટરોને માર મારવાની ઘટનાના બીજા જ દિવસે સુપ્રીમ કોર્ટે હુમલાખોરોની તાત્કાલિક ધરપકડ કરવા આદેશ કર્યો. પોલીસે 17 લોકો સામે FIR નોંધી છે. સુપ્રીમ કોર્ટે સોમવારે મહારાષ્ટ્રમાં રાજકીય પક્ષોના સભ્યો દ્વારા ડોક્ટરો સાથે થતી મારામારીની વધતી ઘટનાઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે સરકારને કડક સૂચના આપી છે કે ડોક્ટરો પર હુમલો કરનારા આવા રાજકારણીઓની તાત્કાલિક અટકાયત કરવામાં આવે. સુપ્રીમ કોર્ટની




આ ટિપ્પણી મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાની એક હોસ્પિટલમાં શિવસેનાના નેતાઓ દ્વારા ડોક્ટરો અને અન્ય કર્મચારીઓ સાથે કરવામાં આવેલી મારામારીના બીજા જ દિવસે આવી છે.મળતી માહિતી મુજબ, આ ઘટના રવિવારે વહેલી સવારે રિલીફ હોસ્પિટલમાં બની હતી. દહી હાંડી ઉત્સવ દરમિયાન ઘાયલ થયેલા એક વ્યક્તિને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવાના મુદ્દે હોસ્પિટલના પેસેજમાં અચાનક વિવાદ અને હંગામો શરૂ થયો હતો. હોસ્પિટલના એક કર્મચારી દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, શિવસેનાના જિલ્લા પ્રમુખ કુંદન સંખે, શહેર પ્રમુખ રાહુલ ઘરત અને અન્ય લોકો હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ઘૂસી ગયા હતા અને ડોક્ટરો સાથે બહેસ કરવા લાગ્યા હતા. સ્થિતિ ત્યારે વધુ વણસી જ્યારે પાર્ટીના કેટલાક સભ્યો હોસ્પિટલના ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU)માં પણ જબરદસ્તી ઘૂસી ગયા હતા. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. ફૂટેજમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે જ્યારે એક રિસેપ્શનિસ્ટે વચગાળાનો રસ્તો કાઢવા અને બચાવ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે એક આરોપીએ તેને થપ્પડ મારી દીધી હતી. આ ઉપરાંત, બચાવ કરવા આવેલી એક મહિલા કર્મચારીને પણ ધમકી આપવામાં આવી હતી.

પાલઘર પોલીસે આ મામલે કડક વલણ અપનાવતા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના જૂથના સભ્યો સહિત ઓછામાં ઓછા 17 લોકો સામે એફઆઈઆર નોંધાવી છે.ડોક્ટરો પર હુમલાની આ કોઈ પહેલી ઘટના નથી. આ અગાઉ આવા જ એક કિસ્સામાં કલ્યાણની એક નાગરિક હોસ્પિટલમાં શિવસેનાના એક કોર્પોરેટર પર ડોક્ટરો સાથે મારામારી કરવાનો આરોપ લાગ્યો હતો. તે મામલે પોલીસે આરોપી રમેશ મ્હાત્રે વિરુદ્ધ કેસ નોંધ્યો હતો.

## રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે અમદાવાદમાં રેલવે પ્રોજેક્ટ્સની પ્રગતિ અંગે માહિતી આપી

**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી 8 સપ્ટેમ્બરના રોજ ગુજરાતમાં ₹35,000 કરોડથી વધુના રેલવે પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કરશે**



અમદાવાદ: માનનીય રેલવે, સંચાર અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે ગુજરાતમાં આગમન સમયે અમદાવાદ એરપોર્ટ પર મીડિયાને રાજ્યમાં ચાલી રહેલા અને આગામી રેલવે પ્રોજેક્ટ્સની પ્રગતિ વિશે માહિતી આપી.માનનીય રેલવે મંત્રીએ જણાવ્યું કે 8 સપ્ટેમ્બરના રોજ, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતમાં 35,000 કરોડથી વધુના વિવિધ રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કરશે.

### સમર્પિત ફ્રેઈટ કોરિડોર: દેશના પરિવહન ક્ષેત્રની કરોડરજ્જુ

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે પૂર્વીય અને પશ્ચિમી સમર્પિત ફ્રેઈટ કોરિડોર દેશના પરિવહન ક્ષેત્ર માટે મુખ્ય કરોડરજ્જુ તરીકે સેવા આપશે. તેમણે માહિતી આપી કે આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હવે સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગયો છે, અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી 8 સપ્ટેમ્બરના રોજ તેને રાષ્ટ્રને સમર્પિત કરશે. તેમણે નોંધ્યું કે આ પ્રોજેક્ટ પૂર્ણ થવામાં ઘણા વર્ષો લાગ્યા હતા. 2014 પહેલા પ્રગતિ નહિવત્ હતી. 2014 માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર બન્યા પછી, પ્રોજેક્ટને વેગ મળ્યો; વિવિધ પડકારો અને સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવ્યું, અને છેલ્લા ચારથી પાંચ વર્ષમાં તબક્કાવાર રીતે ઘણા વિભાગો કાર્યરત કરવામાં આવ્યા. પશ્ચિમી સમર્પિત ફ્રેટ કોરિડોર (જેએનપીટીથી દાદરી સુધી) અને પૂર્વીય સમર્પિત ફ્રેટ કોરિડોર (લુધિયાણાથી સોનનગર, પ્રયાગરાજથી આગળ) પર કામ હવે પૂર્ણ થયું છે. પ્રધાનમંત્રી તાજેતરમાં પૂર્ણ થયેલા ત્રણ વિભાગો પણ ખાસ કરીને રાષ્ટ્રને સમર્પિત કરશે.

### રતલામ-વડોદરા ચાર-માર્ગીય પ્રોજેક્ટ માટે શિલાન્યાસ

રેલ્વે મંત્રીએ જાહેરાત કરી કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી રતલામ-વડોદરા રેલ્વે રૂટના ચાર-માર્ગીય પ્રોજેક્ટ માટે શિલાન્યાસ પણ કરશે. તેમણે જણાવ્યું હતું કે જેમ આદરણીય અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં 'ગોલ્ડન ક્વોડ્રિલેટરલ' હાઈવે નેટવર્ક દ્વારા વિશાળ ચાર-માર્ગીય પહેલ શરૂ કરવામાં આવી હતી, તેવી જ રીતે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સાત મુખ્ય રેલ્વે કોરિડોરની ક્ષમતા વધારવા માટે ચાર-માર્ગીય કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે. રતલામ-વડોદરા ચાર-માર્ગીય પ્રોજેક્ટ આ વ્યાપક પહેલનો એક મહત્વપૂર્ણ ઘટક છે.

### મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં ઝડપી પ્રગતિ

મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ અંગે, શ્રી વૈષ્ણવે નોંધ્યું હતું કે પ્રોજેક્ટ ખૂબ જ સારી રીતે આગળ વધી રહ્યો છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે સુરત-બિલીમોરા સેક્શન આગામી વર્ષમાં પૂર્ણ થવાનું લક્ષ્ય છે, અને કામ અપેક્ષા કરતા વધુ સારી ગતિએ આગળ વધી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે વાપી અને સુરત વચ્ચે સિવિલ બાંધકામ કાર્ય ડિસેમ્બર 2026 સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. તે જ સમયે, બુલેટ ટ્રેન કોચનું ઉત્પાદન ઝડપથી આગળ વધી રહ્યું છે. તાજેતરની સમીક્ષાનો ઉલ્લેખ કરતા, તેમણે ઉલ્લેખ કર્યો હતો કે પરીક્ષણ હેતુ માટે બનાવાયેલ પ્રથમ કોચ પહેલાથી જ પૂર્ણ થઈ ગયો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, આગામી વર્ષ સુધીમાં, દેશના લોકો આ આધુનિક હાઈ-સ્પીડ રેલ સેવા પર મુસાફરીનો આનંદ માણી શકશે.

### ગુજરાત માટે મુખ્ય રેલ પ્રોજેક્ટ્સ અને સેવાઓ

8 સપ્ટેમ્બર, 2026 ના રોજ, ગુજરાતમાં નીચેના મુખ્ય રેલ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અથવા રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે:

* વડોદરા-રતલામ 3જી અને 4થી રેલ લાઈન માટે શિલાન્યાસ
* મિયાગામ કરજણ-ચોરંડા-માલસર ગેજ રૂપાંતર માટે શિલાન્યાસ
* વિશ્વામિત્રી-ડભોઇ ડબલિંગ પ્રોજેક્ટ માટે શિલાન્યાસ
* જોબત-ટાંડા રોડ નવી રેલ લાઈનનું ઉદ્ઘાટન
* રાષ્ટ્રને સમર્પિત ફ્રેઈટ કોરિડોરનું સમર્પણ

વધુમાં, ટાંડા રોડ અને વડોદરા (પ્રતાપનગર) વચ્ચે એક નવી પેસેન્જર ટ્રેન સેવાને લીલી ઝંડી આપવામાં આવશે, સાથે જ પશ્ચિમી ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પર ચાર નવી ફ્રેઈટ ટ્રેનોને લીલી ઝંડી આપવામાં આવશે.

આ પ્રોજેક્ટ્સ ગુજરાતના રેલ નેટવર્કની ક્ષમતા અને કનેક્ટિવિટીમાં નોંધપાત્ર વધારો કરશે અને માલ અને મુસાફરોના પરિવહનની ગતિમાં વધારો કરશે. આ પ્રોજેક્ટ્સ ગુજરાતના રેલ માળખાના વિસ્તરણ અને આધુનિકીકરણ તરફ મહત્વપૂર્ણ પગલાં સાબિત થશે, તેમજ 'વિકસિત ભારત' (વિકસિત ભારત) ના સંકલ્પને નવી ગતિ આપશે.

## News Brief

### સરકાર દેશને વેચી રહી છે, ઇસરોનું ખાનગીકરણ

નવી દિલ્હી : ઇસરો રોકેટ કે સેટેલાઇટ લોન્ચર્સ નહીં બનાવે અને આ કામ ખાનગી કંપનીઓને સોંપવામાં આવશે. જોકે ખાનગીકરણને લઇને ઇસરોમાં વિરોધ શરૂ થઇ ગયો છે. ઇસરોના કર્મચારીઓએ ઇસરોના અધ્યક્ષ વી. નારાયણનને પત્ર લખ્યો છે અને ખાનગીકરણ મુદ્દે સ્પષ્ટતા માગી છે. સાથે જ વર્તમાન કર્મચારીઓનું શું થશે તેને લઇને પણ સવાલો ઉભા કર્યા છે. ઇસરોના દેશભરના કર્મચારીઓના આશરે નવ જેટલા સંગઠનોએ આ પત્ર લખ્યો છે. સંગઠનોએ કહ્યું છે કે ઇસરોના ખાનગીકરણનો નિર્ણય કર્મચારીઓને અંધારામાં રાખીને ના લઇ શકાય. ઇસરોના જેટલા પણ સેન્ટરો છે ત્યાંના કર્મચારીઓના નવ જેટલા સંગઠનોએ ઇસરોના અધ્યક્ષને પત્ર લખ્યો છે. જેમાં ઇસરોનું ખાનગીકરણ કરવા મુદ્દે આકરા સવાલો પણ પૂછ્યા છે. કર્મચારીઓને સૌથી મોટો ડર પોતાના અને ઇસરોના ભવિષ્યનો છે. કર્મચારીઓએ કહ્યું છે રોકેટ અને સેટેલાઇટ તૈયાર કરવાનું કામ કોન્ટ્રાક્ટ કે એસેંબલીનું નથી. રોકેટ અને સેટેલાઇટ બનાવવા તે ઇસરોની સાચી ઓળખ પણ છે. ઇસરોમાં ખાનગીકરણ કરવામાં આવે તો તેના માટે પણ ચર્ચા થવી જોઇએ પછી જ આ નિર્ણય લેવામાં આવે. ઇસરો માત્ર એક આરએન્ડડી બુટીક એટલે કે રિસર્ચ અને ડેવલપમેન્ટ સુધી મર્યાદિત બનાવી દેવાશે અને લોન્ચ વાહનોનું નિર્માણ અને સંચાલન ખાનગી હાથોની બહાર જતું રહેશે. કર્મચારીઓએ કહ્યું છે કે ઇસરો દ્વારા વિકસિત ટેક્નોલોજી રાષ્ટ્રીય સંપત્તિ ગણાય.

# ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર ટ્રાન્સપોર્ટ ક્ષમતા અને લોજિસ્ટિક્સ કનેક્ટિવિટીને બનાવશે મજબૂત

માલીગાંવ | ભારતના ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC) નેટવર્કના કાર્યરત થવાથી દેશની ફ્રેઈટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમમાં મોટો ફેરફાર થયો છે. ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (DFCCIL) દ્વારા વિકસિત, આ 2,843 કિલોમીટર લાંબા નેટવર્કમાં બે કોરિડોરનો સમાવેશ થાય છે: 1,337 કિલોમીટર લાંબો ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (EDFC) પંજાબના ન્યૂ સાનેહવાલથી બિહારના ન્યૂ સોનનગર સુધી અને 1,506 કિલોમીટર લાંબો વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (WDFC) ઉત્તર પ્રદેશના ન્યૂ દાદરીથી મહારાષ્ટ્રના ન્યૂ જવાહરલાલ નેહરુ પોર્ટ ઓથોરિટી (JNPT) સુધી. 31 માર્ચ, 2026 ના રોજ વૈતરણાથી JNPT સુધીના આશરે 102 કિલોમીટરના વિભાગના પૂર્ણાહુતિ સાથે, સમગ્ર વેસ્ટર્ન DFC કાર્યરત થઈ ગયું, જે દેશના મુખ્ય પશ્ચિમી દરિયાઈ પ્રવેશદ્વાર સાથે સીમલેસ ફ્રેઈટ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરે છે. DFC નેટવર્ક પહેલાથી જ મોટા પાયે કાર્યરત છે, જે ભારતીય રેલ્વેના 14% થી વધુ માલવાહક ટ્રાફિકનું સંચાલન કરે છે જ્યારે કુલ રેલ નેટવર્કના આશરે 4% ભાગને આવરી લે છે. 31 ઓગસ્ટ, 2026 સુધીમાં, આશરે 5.21 લાખ માલવાહક ટ્રેન ટ્રિપ્સ ચલાવવામાં આવી હતી, જેમાં સરેરાશ દૈનિક આશરે 435 ટ્રેનોની અવરજવર હતી. નેટવર્કમાં આશરે 658 અબજ ગ્રોસ ટન-કિલોમીટર અને 360 અબજ નેટ ટન-કિલોમીટર રેકોર્ડ કરવામાં આવ્યા હતા, જ્યારે 2025-26 દરમિયાન માલવાહક ટ્રાફિકમાં 13.74% નો વધારો થયો હતો. ઉચ્ચ-ઘનતાવાળા પેસેન્જર રૂટથી માલવાહક કામગીરીને અલગ કરીને, આ કોરિડોર



પરંપરાગત રેલ નેટવર્ક પર વધારાની ક્ષમતા બનાવી રહ્યા છે અને ઝડપી માલવાહક હિલચાલ, સુધારેલ સમયપાલન અને વધુ વિશ્વસનીય ગ્રાહક સેવામાં ફાળો આપી રહ્યા છે.પૂર્વીય DFC, જેમાં બિહારમાં 99-કિલોમીટરનો વિસ્તાર શામેલ છે, પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં માલવાહક પરિવહનને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ છે. આ રેલ્વે ઝોનને વિશાળ ભારતીય રેલ નેટવર્ક સાથે જોડવાથી નોંધપાત્ર ફાયદા થવાની અપેક્ષા છે, કારણ કે તે ખાદ્યાન્ન, ખાતરો, પેટ્રોલિયમ ઉત્પાદનો, કોલસો, સિમેન્ટ, ઓટોમોબાઈલ્સ, કન્ટેનર કાર્ગો અને અન્ય આવશ્યક સામગ્રી જેવી ચીજવસ્તુઓના પરિવહનમાં સુધારો કરશે. ઉત્તરપૂર્વના ઉદ્યોગો, વેપારીઓ અને ખેડૂતોને મુખ્ય ઉત્પાદન કેન્દ્રો, વપરાશ બજારો અને બંદરો સુધી વધુ સારી પહોંચ મળશે. વધુમાં, ઝડપી અને વિશ્વસનીય માલ પરિવહન સેવાઓ આ પ્રદેશમાંથી ચા, બાગાયતી ઉત્પાદનો, પ્રોસેસ્ડ ખોરાક અને નાશવંત માલની અવરજવરને વેગ આપી શકે છે.ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ્સ, મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ સુવિધાઓ, ડિજિટલ માલ વ્યવસ્થાપન પ્રણાલીઓ અને 'ટ્રક-ઓન-ટ્રેન' અને ઝડપી પાર્સલ કાર્ગો જેવી નવીન સેવાઓ દ્વારા સમર્થિત, DFC નેટવર્ક લોજિસ્ટિક્સ ખર્ચ, રોડ ભીડ, ડીઝલ વપરાશ અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદ કરશે. NFR અને ઉત્તરપૂર્વીય પ્રદેશ માટે, આ અદ્યતન રાષ્ટ્રીય માલ પરિવહન પ્રણાલી સપ્લાય ચેઈન વિશ્વસનીયતામાં વધારો કરશે, લોજિસ્ટિક્સ અને વેરહાઉસિંગ ક્ષેત્રોમાં રોકાણ આકર્ષશે - જેમાં વિદેશી સીધા રોકાણ (FDI) નો સમાવેશ થાય છે - રોજગારીની તકો ઉત્પન્ન કરશે અને સ્થાનિક અને વૈશ્વિક બજારો બંને સાથે પ્રદેશની કનેક્ટિવિટીને મજબૂત બનાવશે તેવી અપેક્ષા છે.

### 'મને ભણેલા-ગણેલા કરતાં અંડરવર્લ્ડ, રેડ લાઈટ એરિયાથી વધુ વોટ મળ્યાં..', ગડકરીનું વધુ એક નિવેદન ચર્ચામાં



(એજન્સી) નવી દિલ્હી | તા.07

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી, જેઓ તેમના બેબાક નિવેદનો માટે જાણીતા છે, તેમણે ફરીથી એક એવું નિવેદન આપ્યું છે, જેનાથી રાજકીય ગરમાવો વધી ગયો છે. નાગપુરમાં આયોજિત એક કાર્યક્રમમાં ગડકરીએ કહ્યું કે, 'ચૂંટણીમાં શિક્ષિત વિસ્તારો કરતાં ક્રિમિનલ, અંડરવર્લ્ડ અને રેડ લાઈટ વિસ્તારોમાંથી મને વધુ વોટ મળ્યા હતા.' ગડકરીનું આ નિવેદન હવે વાઈરલ થઈ રહ્યું છે.નાગપુરમાં યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, 'ચૂંટણીમાં શિક્ષિત લોકો કરતાં અંડરવર્લ્ડ અને રેડ લાઈટ વિસ્તારોમાંથી મને વધુ વોટ મળ્યા હતા. શહેરના મોટા અને શિક્ષિત વિસ્તારોમાં મને કુલ મતદાન ટકાવારીના લગભગ 70-75% વોટ મળ્યા, જ્યારે ગુનેગાર, અંડરવર્લ્ડ અને રેડ લાઈટ વિસ્તારોમાંથી મને 92% વોટ મળ્યા.'ગડકરીએ હસતા હસતા કહ્યું કે, 'નાગપુરમાં અંડરવર્લ્ડ અને અસામાજિક કાર્યો સાથે જોડાયેલા લગભગ 99% લોકો મારા સમર્થક છે. જોકે આનો અર્થ બિલકુલ એવો નથી કે હું તેમના કામ કે પ્રવૃત્તિઓનું સમર્થન કરું છું. મારો આ તમામ લોકો સાથે સંબંધ છે પરંતુ તેને ખોટા અર્થમાં લેવો જોઈએ નહીં.'ગડકરીએ વધુમાં સ્પષ્ટતા કરી કે, 'આનો અર્થ એવો ન કાઢવો જોઈએ કે મારા તે લોકો સાથે સંબંધ છે અથવા હું તેમના કામોનું સમર્થન કરું છું. તે વિસ્તારોમાં રસ્તા બનાવડાવવા અને સામાજિક કાર્ય કરવાના કારણે ત્યાંના લોકોએ મને વોટ આપ્યા.' આ અગાઉ પણ નીતિન ગડકરીના અનેક નિવેદનો ચર્ચામાં આવ્યા છે. તેઓ કોઈ પૂર્વધારણા વગર પોતાની વાત મૂકનાર નેતા માનવામાં આવે છે. વિતેલા દિવસોમાં તેમણે જાતે જ કહ્યું હતું કે ખૂબ કામ કરી લીધું, હવે નવી પેઢીને તક મળે.

## શ્રી સિદ્ધાર્થ બોડકે, IIS (2008 બેચ) એ એડિશનલ ડાયરેક્ટર જનરલ, PIB અમદાવાદ તરીકે પદભાર સંભાળ્યો



PIB | અમદાવાદ

શ્રી સિદ્ધાર્થ બોડકે, ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસ (IIS), 2008 બેચ, આજે પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (PIB), અમદાવાદના એડિશનલ ડાયરેક્ટર જનરલ (ADG) તરીકે જોડાયા છે. શ્રી બોડકે ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસમાં તેમની કારકિર્દી દરમિયાન જાહેર સંચાર અને મીડિયા સંબંધિત કામગીરીમાં વ્યાપક અનુભવ ધરાવે છે. PIB અમદાવાદમાં જોડાતા પહેલા, તેમણે દૂરદર્શન કેન્દ્ર (DDK), મુંબઈ, PIB, દિલ્હી અને DD ન્યૂઝ, દિલ્હી ખાતે સેવા આપી હતી જ્યાં તેઓ બ્રોડકાસ્ટિંગ, મીડિયા મેનેજમેન્ટ અને જાહેર સંચારના વિવિધ પાસાઓ સાથે સંકળાયેલા હતા. અપર મહાનિદેશક, પીઆઈબી અમદાવાદ તરીકેનો પદભાર સંભાળતા, શ્રી બોડકેએ સરકારની નીતિઓ, કાર્યક્રમો અને પહેલો વિશે સમયસર, સચોટ અને વિશ્વસનીય માહિતીનું પ્રસારણ સુનિશ્ચિત કરવા માટે સરકાર, મીડિયા અને લોકો વચ્ચેના સંચારને મજબૂત બનાવવાના મહત્વ પર ભાર મુક્યો હતો.તેમણે વ્યાવસાયિકતા અને જાહેર સેવાના સર્વોચ્ચ ધોરણો જાળવી રાખીને, ઉભરતા સંચાર પ્લેટફોર્મ્સનો લાભ લેવાની અને સમાજના વિવિધ વર્ગો સુધી પહોંચ વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.PIB અમદાવાદની ટીમે શ્રી બોડકેનું સ્વાગત કર્યું હતું અને ગુજરાત અને નજીકના વિસ્તારમાં બ્યુરોની મીડિયા પહોંચ અને સંચાર પ્રયાસોને વધુ વધારવા માટે તેમના નેતૃત્વ હેઠળ કામ કરવાની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## વિશ્વના નવા નકશામાં ભારતના વિસ્તારો સાથે છેડછાડ નહીં ચલાવાય

નવી દિલ્હી: સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સમગ્ર વિશ્વ માટે નવો નકશો જાહેર કરવામાં આવ્યો છે. ભારતે આ નકશાને સમર્થન આપ્યું છે સાથે જ એવી સ્પષ્ટતા કરી છે કે ભારતના સત્તાવાર નકશામાં જમ્મુ કાશ્મીર અને લદ્દાખનો સમાવેશ કરાયેલો છે તેમાં કોઇ જ પ્રકારની છેડછાડ કરવામાં ના આવે.ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં વિશ્વના નવા નકશા માટે મતદાન થયું હતું, ભારતે આ નવા નકશાની તરફેણમાં મતદાન કર્યું છે. જોકે સાથે જ કહ્યું છે કે ભારતની અખંડતા સાથે કોઇ પણ પ્રકારની છેડછાડ નહીં ચલાવી લેવાય. ભારતના જમ્મુ કાશ્મીર અને લદ્દાખ ભારતના સત્તાવાર નકશા મુજબ વિશ્વના નકશામાં પણ જળવાઇ રહેવા જોઇએ.ભારતે એવી ચેતવણી પણ આપી છે કે જો કોઇ પણ પ્રકારની છેડછાડ કરવામાં આવી તો તેને નહીં ચલાવી લેવાય. ભારતની અખંડતા સાથે કોઇ પણ પ્રકારની બાંધછોડ કરવામાં નહીં આવે તે અમારો અંતિમ નિર્ણય છે.જોકે ભારતે નવા વૈશ્વિક નકશાનું સ્વાગત કર્યું હતું સાથે જ કહ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રના પ્રસ્તાવમાં કોઇ પણ વિવાદીત સ્થાન કે સરહદોનો ઉલ્લેખ નથી. આ પ્રસ્તાવને ૧૬૪ મત મળ્યા હતા, જ્યારે અમેરિકાએ તેનો વિરોધ કર્યો હતો. કેમ કે નવા નકશામાં અમેરિકાનું કદ ઘટી ગયું છે જ્યારે આફ્રિકાનું કદ વધી ગયું છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર થયેલા વિશ્વના નવા નકશાને ભારતે સમર્થન આપ્યું છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી કે, ભારતના સત્તાવાર નકશા મુજબ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો સમાવેશ યથાવત્ રહે. ભારતે UN મહાસભામાં નવા નકશાની તરફેણમાં મતદાન કર્યું.

## 'સર' કામગીરીએ હરિયાણામાં ૩૫ વર્ષ અગાઉ છૂટા પડેલા ભાઈઓને ભેગા કર્યા

હરિયાણા : પોતાના પોલિઓ રોગની સારવારના ખર્ચનો બોજ કુટુંબના માથે નાખવા નહિ માગતો હોવાથી ૩૫ વર્ષ અગાઉ હરિયાણાના જિન્દ જિલ્લામાં કુટુંબને છોડીને જતો રહેલો ભાઈ, પંજાબમાં ચાલી રહેલી મતદાર-યાદીની 'સર'(સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન) ની કામગીરીના પરિણામે એના વતનના જિલ્લામાં પાછો આવતા, એનું પરિવાર સાથે પુનર્મિલન થઈ શક્યું છે.અમૃતસરના સીતારામ (૫૫) નામના આ સજ્જન બુધવારે જિન્દ જિલ્લાના માનોહારપુર ગામ સ્થિત ગવર્નમેન્ટ સિનિયર સેકન્ડરી શાળામાં આચાર્યને મળ્યા હતા. તેઓ 'સર'(સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન) ની કામગીરીમાં ચકાસણી માટે જરૂરી શાળા છોડયાનું પ્રમાણપત્ર (લિવિંગ સર્ટિફિકેટ) મેળવવા માટે શાળામાં ગયા હતા.મદદનીશ ચૂંટણી નોંધણી અધિકારી રમેશકુમારે કહ્યું કે જ્યારે સીતારામ શાળામાં આવ્યા ત્યારે પોતે પણ ત્યાં જ હતા.રામે એમને જણાવ્યું કે તેઓ ધોરણ-૧૦ સુધી શાળામાં ભણ્યા, પરંતુ પરીક્ષા પાસ કરી નથી. આથી 'સર'(સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન) ના કામ માટે લિવિંગ સર્ટિફિકેટની જરૂર પડતા એમણે શાળામાં આવવાનું થયું છે.રમેશકુમારે એ પછી, સીતારામના ગામના જ બૂથ લેવલ અધિકારી ક્રિષ્ણકુમારને રામના ગામ તથા કુટુંબસંબંધી વિગતો મેળવવાની સૂચના આપી.

## મધ્ય પ્રદેશનાં સાગરમાં લઠ્ઠા કાંડ 14નાં મોત , કેટલાકની સ્થિતિ ગંભીર

સાગર : મધ્ય પ્રદેશનાં સાગર જિલ્લાનાં બંડામાં ઝેરી દારૂ પીવાને કારણે ૧૪ લોકોનાં મોત થયા છે. કેટલાક લોકોને ગંભીર હાલતમાં સાગર સ્થિત બુંદેલખંડ મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા છે.સૂત્રોનાં જણાવ્યા અનુસાર રાતનાં સમયે ૧૦૦થી વધુ લોકોની તબિયત ખરાબ થવાને કારણે બંડાની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાવવામાં આવ્યા હતાં. સારવાર દરમિયાન ૧૪ લોકોનાં મોત થયા છે.મૃતકોનાં મૃતદેહોનું પોસ્ટમોર્ટમ બંડા હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ કલેક્ટર પ્રતિભા પાલ અને પોલીસ સુપ્રિટેન્ડેન્ટ અનુરાગ સુજાનિયા સહિત વહીવટી તંત્ર અને પોલીસનાં વરિષ્ઠ અધિકારી બંડા પહોંચ્યા હતાં. અધિકારીઓએ હોસ્પિટલ પહોંચી ઘટનાની માહિતી મેળવી હતી અને કેસની તપાસ શરૂ કરાવી હતી. કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા માટે બંડામાં પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે.વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા ઘટનાનાં કારણોની તપાસ કરવામાં આવી રહી છે. ઝેરી દારૂની આશંકા અંગે પણ તપાસ શરૂ કરી દેવામાં આવી છે. થોડાક જ દિવસ પહેલ મધ્ય પ્રદેશનાં પાડોશી રાજ્ય ગુજરાતમાં પણ લઠ્ઠાકાંડની ઘટના જોવા મળી હતી. મધ્ય પ્રદેશનાં મુખ્યપ્રધાન મોહન યાદવે ઘટનાની તપાસનાં આદેશ આપ્યા છે અને જણાવ્યું છે કે કોઈ પણ દોષિતને છોડવામાં નહીં આવે.અધિકારીઓએ જણાવ્યું હતું કે જિલ્લા વહીવટી તંત્રે સાવચેતીનાં પગલારૂપે અસરગ્રસ્ત વિસ્તારમાં દારૂની સાત દુકાનો સીલ કરી દીધી છે અને તાત્કાલિક સેમ્પલ લેવાનો આદેશ આપ્યો છે.

# 36000 ફૂટની ઊંચાઇએ ઈંધણ ખૂટ્યું! 1 એન્જિન બંધ કરી વિમાનની ઈમરજન્સી લેન્ડિંગ, કોચીથી અબુ ધાબી જતા મુસાફરોનો જીવ પડીકે બંધાયો

(એજન્સી) નવી દિલ્હી | તા.07

કોચીથી અબુ ધાબી જઈ રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટમાં ટેક-ઓફના 50 મિનિટ બાદ આકાશમાં ઈંધણ ઘટવાની કટોકટી સર્જાઈ. 36000 ફૂટની ઊંચાઈએ એન્જિન 1માં ઈંધણનું સ્તર ઝડપથી ઘટતાં, ક્રૂ મેમ્બર્સે ત્વરિત નિર્ણય લઈ વિમાનને કોચી એરપોર્ટ પર સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું. આ સમયસૂચકતાથી મોટી દુર્ઘટના ટળી, અને તમામ મુસાફરો સુરક્ષિત છે. ઘટનાની તપાસ શરૂ કરાઈ છે.





કેરળના કોચી એરપોર્ટથી અબુ ધાબી માટે ઉડાન ભર્યા બાદ એર ઈન્ડિયા એક્સપ્રેસના વિમાનમાં આકાશમાં જ મોટી કટોકટી સર્જાઈ હતી. ફ્લાઈટ શરૂ થયાના આશરે 50 મિનિટ બાદ 36000 ફૂટની ઊંચાઈએ વિમાનના એક એન્જિનમાં ઈંધણ (ઓઈલ)નું સ્તર ઝડપથી ઘટવા લાગ્યું હતું. ખતરાને પારખીને ક્રૂ મેમ્બર્સે તુરંત જ વિમાનને પાછું વાળીને કોચી એરપોર્ટ પર સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું. આ સમયસૂચકતાના કારણે એક મોટી હોનારત ટળી હતી અને ફ્લાઈટમાં સવાર તમામ મુસાફરો સલામત છે.

અહેવાલ મુજબ, એર ઈન્ડિયા એક્સપ્રેસનું બોઈંગ 737 વિમાન (ફ્લાઈટ નંબર IX 415) કોચીથી અબુ ધાબી તરફ જઈ રહ્યું હતું. આ દરમિયાન ક્રૂ મેમ્બર્સના ધ્યાને આવ્યું કે એન્જિન 1 માં ઈંધણનું પ્રમાણ ઝડપથી ઘટી રહ્યું છે અને પ્રેશર ઓછું થઈ રહ્યું છે. આ પરિસ્થિતિને કારણે ઈમરજન્સી પ્રોટોકોલ હેઠળ એન્જિન 1 નો ઈંધણ સપ્લાય તાત્કાલિક બંધ કરી દેવામાં આવ્યો હતો.આ ઘટના બની ત્યારે વિમાન ટેક-ઓફ થયાને 50 મિનિટ જેટલો સમય થઈ ચૂક્યો હતો. ઈંધણનું સ્તર ઓછું થતાં જ ક્રૂ ટીમ દ્વારા 'FORDEC' ચકાસણી કરવામાં આવી હતી. સુરક્ષાને ધ્યાનમાં રાખીને અબુ ધાબી સુધી આગળ વધવાને બદલે વિમાનને પરત કોચી તરફ વાળવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.લેન્ડિંગ બાદ વિમાનને તપાસ માટે ખસેડવામાં આવ્યું છે અને તેણે ફરી ઉડાન ભરી નથી. આ ટેકનિકલ ખામી શા માટે સર્જાઈ અને તે માટે કોણ જવાબદાર છે તેની તપાસ ચાલી રહી છે. જોકે, આ અંગે એરલાઈન અથવા એરપોર્ટ ઓથોરિટી તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

## શ્રાવણ અને પર્યુષણ માટેની વિશેષ બસ સેવા ચાર દિવસ મોકૂફ

અમદાવાદ | રિક્ષા અને ટેક્સી ચાલકોની 7થી 10 સપ્ટેમ્બર સુધીની હડતાળની અસર પર્યુષણ અને શ્રાવણ માસ દરમિયાન ભાવિકો માટેની AMTSની વિશેષ બસ સેવા પર પડી છે. અગાઉ પર્યુષણ પર્વ નિમિત્તે વિવિધ દેરાસરોના દર્શન માટે 8 સપ્ટેમ્બરથી વિશેષ ધાર્મિક બસ સેવા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જો કે, હડતાળને કારણે ઊભી થયેલી આકસ્મિક પરિસ્થિતિના પગલે 7થી 10 સપ્ટેમ્બર સુધી આ સેવા સ્થગિત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સેવા હવે 11 સપ્ટેમ્બરથી ફરી શરૂ થશે.

## ડમ્પરની અડફેટે માતાની સામે 12 વર્ષની દીકરીનું મોત

અમદાવાદ | અમદાવાદના થલતેજ વિસ્તારમાં શાળાએથી પરત ફરતી વખતે 12 વર્ષની બાળકીએ પોતાનો જીવ ગુમાવ્યો છે. બાળકી પોતાની માતા સાથે એક્ટિવા પર ઘરે જઈ રહી હતી, તે જ સમયે એક બેફામ આવતા ડમ્પરે તેમના વાહનને અડફેટે લીધું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં માતાનો આબાદ બચાવ થયો હતો, પરંતુ તેમની નજર સમક્ષ જ તેમની વહાલસોયી દીકરીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અકસ્માત સર્જનાર ડમ્પર (GJ 24 X 5130) અંગે એક ચોંકાવનારી વિગત એ પણ સામે આવી છે કે તેણે ભૂતકાળમાં અન્ય એક દુર્ઘટનામાં બે લોકોનો ભોગ લીધો હતો.